بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

બફ્યુઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧-સપ્ટેમ્બર-૨૦૧૪**

ઝી ક઼અ્દા-ઝીલ હજ્જ

હિજરી સન : ૧૪૩૫

વર્ષ : ૧૧, અંક : ૦૯, સળંગ અંક : ૧૨૯

સ્થાપક અને પ્રકાશક

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



પત્ર વ્યવહારનુ સરનામું

**બરકાતે ખ્વાજા (માસિક)** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


## ★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૫૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૨૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧,૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


માનદ તંત્રી

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | ઈઝરાઈલી પ્રોડકટસ્‌ની સાથે યહૂદી કિરદારનો પણ બહિષ્કાર કરો ! | 02 |
| 02 | રમઝાન શરીફનું આગમન તથા વિદાય..... | 03 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન | 06 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 09 |
| 05 | અસ્માઉલ હુસ્ના | 11 |
| 06 | હશ્ત બહિશ્ત મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત | 13 |
| 07 | અહલે સુન્નત અક઼ીદા કુર્આનની રોશનીમાં | 14 |
| 08 | ક઼ાનૂને શરીઅત | 17 |
| 09 | ગલતફહમી ગલતફહમી તથા તેની સુધારણા | 19 |
| 10 | વેપારનું મહત્વ અને તેના નિયમો | 20 |
| 11 | હઝરત ઈમામ તિર્મિઝી رحمۃ اللہ علیہ | 24 |
| 12 | એહલે હદીષ ઈતિહાસના અરીસામાં | 26 |
| 13 | સત્તા કે વિજય પામતાં મુસ્લિમો તથા...... | 30 |
| 14 | વતમાનકાળમાં 'ઈસ્તેફાદ઼ા' થકી ચાંદનીસાબિતીનો | 36 |
| 15 | સહાબાએ કિરામનો ઈબાદતનો શોખ....... | 38 |
| 16 | યહૂદિયતનો પાયો અને ટૂંકો ઈતિહાસ.... | 42 |
| 17 | બરકાતે ખ્વાજાની ટપાલ | 48 |


## અપની ચૌખટ પે બિઠાઓ તો.....

અપને દરપે જો બુલાઓ તો બહોત અચ્છા હો
મેરી બિગળી જો બનાઓ તો બહોત અચ્છા હો
ક઼ૈદે શૈતાં સે છુળાઓ તો બહોત અચ્છા હો
મુઝકો અપના જો બનાઓ તો બહોત અચ્છા હો
ગરદિશે દૌરને પામાલ કિયા મુઝકો હુઝૂર
અપને ક઼દમોં મેં સુલાઓ તો બહોત અચ્છા હો
યૂં તો કેહલાતા હૂં બંદા મૈં તુમ્હારા લેકિન
અપના કેહકે જો બુલાઓ તો બહોત અચ્છા હો
ગમે પૈહમ સે બસ્તી મેરી વીરાન હૂઈ
દિલમેં અબ ખૂદકો બસાઓ તો બહોત અચ્છા હો
કૈફ ઈસ બાદએ ગુલનાર સે મિલતા હી નહીં
અપની આંખોં સે પિલાઓ તો બહોત અચ્છા હો
તુમ તો મુર્દોંકો જિલા દેતે હો મેરે આક઼ા
મેરે દિલકો ભી જિલાઓ તો બહોત અચ્છા હો
યૂં ન **''અખ્તર''**કો ફિરાઓ મેરે મૌલા દરદર
અપની ચૌખટ પે બિઠાઓ તો બહોત અચ્છા હો

(અઝ : હુઝૂર તાજુશ્શરીઅહ્‌ مدظلہ العالی)

# ઈઝરાઈલી પ્રોડક્ટસ્‌ની સાથે

## યહૂદી કિરદારનો પણ બહિષ્કાર કરો !

કાર્યાલય

ઈઝરાઈલ એ દુનિયાના તે બદબખ્ત તથા જાલિમોનો દેશ છે જેમણે જબરદસ્તી પેલેસ્ટાઈનના વિસ્તારો પર કબજો જમાવ્યો છે. ગાઝાના અન્ય શહેરોના વતનીઓને જોર જુલ્મથી પોતાના રહેણાંકોથી કાઢી મૂકી તેમના મકાનો તોડી ત્યાં યહૂદી વસાહતો ઉભી કરી છે. ચાલીસ ચાલીસ વર્ષથી પેલેસ્ટાઈનીઓ શરણાર્થી કેમ્પોમાં યાતનાભર્યું જીવન જીવી રહ્યા છે. તેમનાં મકાનો પર હાલમાં પણ બોમ્બ વર્ષા કરીને અનેક લોકોને મોતને ઘાટ ઉતાર્યા અને આખી આખી કોલોનીઓને ખંડેરમાં ફેરવી દીધી. મૈયતને દફનવિધિ માટે લઈ જનારાઓ ઉપર પણ બોમ્બ ફેંકી લાશોના ઢગલા ખડી કરી આપ્યા. જ્યારે દુનિયા ઈદની ખુશીઓ મનાવી રહી હતી ત્યારે પેલેસ્ટાઈનવાસીઓ પોતાનાં સગાં સ્નેહીઓની, નિર્દોષ બાળકોની લાશો ઉઠાવી રહ્યા હતા ! પાણીની લાઈનો, પાવર હાઉસોને બોમ્બથી તોડી નાખી આ જાલિમોએ તેમને અંધકાર તથા તરસ્યા રહેવા મજબૂર કર્યા. બાળકોની સ્કૂલો પર બોમ્બ વર્ષાવી અનેક બાળકોનાં લોહી વડે જાલિમોએ પોતાની તરસ છીપાવી. યુવાનો, સ્ત્રીઓ તથા નાનાં બાળકોને તેમના માબાપથી છીનવી જઈને અપહરણો કરી ક્યાંક કેદમાં તો ક્યાંક મેદાનમાં ખડાં કરી ગોળીઓ મારી દીધી.

હજારો માનવોના ક઼ાતિલ એ ઈઝરાઈલી યહૂદી માનવભક્ષી જાનવરો આ બધું કઈ મિલ્કત તથા આવકના જોર પર કરી રહ્યા છે તે જાણો છો ?! એ તમારા જ સહકારથી કરી રહ્યા છે ! આજે પૂરો અરબ જગત તેમજ હિંદ, પાક.ના મુસલમાનો તથા સર્વ લોકો ઈઝરાઈલી પ્રોડક્ટસ્‌ના દીવાના બલ્કે તેના વ્યસની બનેલા છે, તેની પ્રોડક્ટો જેવી કે પેપ્સી, કોકાકોલા, સ્પ્રાઈટ, નોકીયા, મેગી, નેસ્ટલ, મેકડોનાલ્ડસ, ઈન્ટેલ...વગેરેના આપણે બંધાણી છીએ. એ રકમોથી તેમના જાલિમ હાથોને આપણે મજબૂત કરતા રહ્યા છીએ. તો આજથી અહદ કરી લો અને એમની પ્રોડક્ટ્‌સનો ભરપુર બહિષ્કાર કરીને તેમના હાથોને કમજોર બનાવો.

ઉપરોક્ત ખયાલ આપણો એટલે ખુદાના બંદાઓનો છે કે દુશ્મનને કમજોર કરવા માટે આપણા તરફથી ડાયરેક્ટ ઈન્ડાયરેક્ટ થતી આર્થિક સહાય બંધ કરો. આવું ઘણા દેશોના લોકોએ કર્યું અને એનાથી ઈઝરાઈલને આર્થિક માર પડયો, તેણે કૂણુ પડવુ પડયું. પણ જે ઉપાય રબ તઆલા આપણો ખાલિક઼ તથા માલિક સૂચવે, તેનો આદેશ કુર્આને પાકમાં આપે તે કેટલો લાભદાયી હશે એના પ્રતિ આપણુ ધ્યાન કેમ નથી ?! મુસલમાનો! રબનું એલાન છે : ''ન ગભરાવ ! ન ડરો ! તમે જ કામયાબ થશો, શર્ત એ છે કે મો'મિન બની જાવ !'' *(સૂરએ આલે ઈમ્રાન, આ. ૧૩૯)*

કેટલો સાદો, સિમ્પલ, સરળ ઉપાય કામયાબીનો રબ તઆલાએ ફર્માવ્યો કે, ''મો'મિન બની જાવ !'' એટલે યહૂદીઓની બનાવટોનો બહિષ્કાર આપણે કર્યો એ સારી વાત છે પણ અસલ મુદ્દો એ છે કે યહૂદી કલ્ચર, યહૂદી જેવી રીતભાત, યહૂદી ઈસાઈ જેવી જીવન ઢબ જે આપણા યુવાન ભાઈઓ બહેનોએ સુન્નતો ત્યજીને અપનાવેલ છે, જે બેહયાઈ તથા ઈસ્લામથી વિરુદ્ધની જિંદગી, જે યહૂદી જેવા ઈસાઈઓ જેવા દેખાવો પોતાના બનાવ્યા છે, જે જૂઠ, પ્રપંચ, નગ્નતા, બેહયાઈ, ઝિનાકારીના માર્ગો અપનાવ્યા છે તેનો પણ બહિષ્કાર કરો અને ઈસ્લામી જીવન, ઈસ્લામી પહેરવેશ, પર્દા સાથે બહેનો નેક જીવન અપનાવે, બહેનો યહૂદણો જેમ ડાન્સર જેવો દેખાવ તથા યુવાનો લંપટ જેવા દેખાવને ત્યજીને નેક બાઅખ્લાક઼ બને. હરામ હરકતો, લાંચ રૂશ્વતો, ધોકાબાજી, કોઈનો માલ પડાવી લેવાની જે યહૂદીઓ જેવી આદતો છે તેનો પણ બહિષ્કાર કરો ! તો આપોઆપ કામયાબી તમારા ક઼દમો ચૂમશે. ઉપરોક્ત માલના બોયકોટનો ખયાલ બંદાઓનો છે અને આ આદેશ રહમાન રબનો છે, તો એને જરૂરથી અપનાવો અને યહૂદી કિરદારનો બહિષ્કાર કરી સાચા પાકા મો'મિન બનો.

# રમઝાન શરીફનું આગમન તથા વિદાય

## અને આપણો વર્તાવ....

તંત્રી લેખ

રમઝાન મુબારકનો મહિનો પોતાની સાથે અગણિત બરકતો, રહમતોનો ખજાનો તથા અનરાધાર વરસતાં રહમતનાં વાદળોને સાથે લઈને આવે છે. રમઝાન શરીફના એક રોઝાની ફઝીલત હદીષોના આધારે વર્ણવવામાં આવે છે કે વરસભર તમે અન્ય દિવસોના રોઝા રાખો પણ તે રમઝાનના કેવળ એક રોઝાના સમાન નથી થઈ શકતા, નફલનો સવાબ ફર્ઝના સમાન અને ફર્ઝનો સવાબ સિત્તેર ગણો વધુ મળે છે, શૈતાનને કૈદ કરી દેવામાં આવે છે, જન્નતના દરવાજા ખોલી દેવામાં આવે છે, અસંખ્ય લોકોની મગફેરત કરી દેવામાં આવે છે, ઈફતારીના સમયે દુઆઓ કૃબૂલ થાય છે, રોઝો બંદાની શફાઅત કરશે, રોઝો દોઝખથી હિફાઝતનો મજબૂત કિલ્લો છે. એક નફલ રોઝાનો સવાબ જમીન ભરીને સોના કરતાંય અધિક છે તો રમઝાનના રોઝાનો સવાબ શું હશે ? વગેરે રમઝાન મુબારકની ફઝીલતમાં હદીષે પાકમાં આવેલ છે. (બ.શ.) સુબ્હાનલ્લાહ !

### ★ રમઝાનના આગમન ટાણે આપણે શું ઉમંગ દર્શાવ્યો ? ★

આ અને આ સિવાયની અનેક ફઝીલતો રમઝાન શરીફની છે, પણ છતાંય રમઝાનનું સ્વાગત કરવામાં મુસલમાનો તરફથી જે ઉમંગ તથા ઉત્સાહ હોવો જોઈએ તે જોવા મળતો નથી, (ઈલ્લા માશાઅલ્લાહ !) ન રમઝાનનો પ્રથમ ચાંદ જોવાની એટલી દરકાર લેવામાં આવે છે, તેના ન દેખાવા પર આસપાસથી ચાંદ લાવવા માટે ન ભાગદોડ જોવા મળે છે, ન ફોન પર ખાસ ઈન્કવાયરીઓ થાય છે, ઈલ્લા માશાઅલ્લાહ ! ગઈ રમઝાને પ્રથમ ચાંદ શાબાનના ૨૯ પછી આપણા ઈલાકામાં જોવા ન મળ્યો, તો લગભગ ૧૦૦% લોકોએ ખૂબ જ જલ્દીથી મનને મનાવી લીધું કે ચાલો ! કાંઈ નહીં ! પૂરા ત્રીસ શાબાનના કરી લો ! ઈશાની નમાઝ થઈ ગઈ અને હું પોતે મસ્જિદ બહાર નીકળ્યો તો સર્વત્ર સન્નાટો હતો ! ન ચાંદ માટે કોઈએ પૂછયું, ન કાંઈ ધાંધલ ધમાલ કરી અને ન કોઈ ચર્ચા પણ થતી જોવા મળી ! સુબ્હાનલ્લાહ! આટલા બરકતી મહિનાના સ્વાગત માટે આટલી ઠંડક તથા ધીરજ ! જેથી મારાથી સબ્ર ન થતાં મસ્જિદ બહાર નીકળીને મેં કેટલાક મિત્રો બેઠા હતા તેમને પૂછયું, "ભાઈઓ ! ૨૯ રમઝાનની સાંજથી ચાંદને લાવવા માટે ધાંધલ ધમાલ તથા જીદો કરનારા, બલ્કે ઈદ ડિક્લેર ન થાય તો ધમકીઓ તથા ઝઘડો કરનારાઓમાંથી આજે કેમ એકેય મિત્ર દેખાતો નથી ? કયાં છે તે લોકો ?!" તો સર્વ મિત્રો હસવા લાગ્યા. આ છે આપણી રમઝાનથી મહોબ્બત ! રમઝાનના સ્વાગત માટે કોઈ જોશ નહીં, જ્યારે રમઝાનને ૨૯મીએ જ વિદાય માટે આખુ જગત માથે લેવામાં આવે છે ! આ છે આપણી મુસલમાની !

### ★ રમઝાન દરમ્યાન કેટલી તા'ઝીમ તથા કૃદર તેની થાય છે ?! ★

હા ! રમઝાન શરીફ આવતાં નમાઝીઓમાં નોંધપાત્ર વધારો થઈ જાય છે, પણ કુર્આનની તિલાવતમાં પહેલાં કરતાં સુસ્તી વર્તાતી જણાય છે. મારી ઉમરનું સાઈઠમુ વરસ ચાલે છે, અલ્હમ્દુલિલ્લાહ ! અને અમોએ તો જોયેલું જ છે, અમારાથી અધિક વરસની વય ધરાવનારાઓ એ વાતના સાક્ષી છે કે પહેલાં

હાલના કરતાં વસ્તી ઓછી હતી છતાં મસ્જિદોમાં ખામોશીની સાથે કુર્આન શરીફની તિલાવત કરનારાઓની સંખ્યા એટલી રહેતી હતી કે મસ્જિદમાં કુર્આન શરીફો ઘટી પડતાં હતા ! જ્યારે આજે કબાટોના કબાટો ભરેલા હોય છે પણ કદાચ મોટાભાગનાં કુર્આનો યથાવત જ રહે છે. પહેલાં રમઝાનમાં લોકોનો તિલાવતનો શોખ એ હતો કે લગભગ ૨૪ કલાક મસ્જિદમાં અમુક જણ તો તિલાવત કરનારા રહેતા હતા. અમુક ફજરથી દસ અગ્યાર સુધી પઢતા, અમુક અગ્યાર બારથી ઝોહર સુધી, અમુક ઝોહરથી અસર સુધી, અમુક તરાવીહ બાદથી શહેરી સુધી, અમુક સેહરી કરીને ફજર સુધી. સારાંશ કે સતત તિલાવત ચાલુ રહેતી, એકબીજાથી અધિક દોઢ કરવાની યુવાનોમાં હરિફાઈ રહેતી. જ્યારે આજે ?! મોટાભાગના યુવાન વડીલો એવા મળશે જેઓ બારે માસ તો કુર્આન ને હાથ જ નથી લગાડતા પણ રમઝાનમાં પણ તેને અડકતા નથી ! કડવી વાત લાગે તો માફ કરજો ! બલ્કે હાલ તો મોટાભાગે કેવળ હાફિઝ સાહબોને પણ તરાવીહમાં સંભળાવવાનું હોવાથી બધા જોર જોરથી અન્ય લોકો તિલાવત કરતા હોય છતાં જોરથી મસ્જિદમાં તિલાવતનો શોર ઉભો કરતા હોય છે. એમાં પણ ઘણા અંશે મજબૂરન્ પઢતા હોય એવું જણાય છે, કેમ કે રાત્રે તરાવીહમાં કુર્આન સંભળાવવાનું હોય છે. ઈલ્લા માશા અલ્લાહ ! આવું એટલા માટે લખીએ છીએ કે ૨૭મી રાત પછી એમાંનું ઈદના ચાંદ સુધી ભાગ્યે જ કોઈ કુર્આન પઢતું જોવા મળે છે ! જાણે ૨૭મી રાતથી જ રમઝાનને વિદાય આપી દેવામાં આવે છે ! જ્યારે ૨૭મી પછીથી ઈદનો ચાંદ થતા સુધી રમઝાનની બરકતો, રહમતો, ફઝીલતો તો એની એ જ હોય છે ! પણ મસ્જિદોમાં નમાઝો સિવાય સદંતર સન્નાટો જોવા મળે છે. વળી એવાં પણ શહેરો છે કે જ્યાં ૫૦–૫૦ મસ્જિદો છે પણ દરેકમાં અલમતર....ની તરાવીહ થાય છે ! કહે છે કે કુર્આનનો ખત્મ થાય મહિનામાં તે રીતે તરાવીહ રાખે તો નમાઝીઓ ૨૦–૨૫ ટકા થઈ જાય છે !

હા ! મસ્જિદની બહાર તથા ખાણા ખાવાની જગાઓ પર રાતભર ભીડભાડ પૂરો મહિનો રહે છે ! જાણે રાતભર ખાણાની મોજ માટે જ આ મહિનો આવે છે ! બીજી વાતોનો તો અહીં ખાસ ઉલ્લેખ નથી કરતો કે ટીવી પર આ મુબારક મહિનામાં પણ કોઈ તાળુ નથી મારતુ ! મોબાઈલ પર બિનજરૂરી તેમજ હરામ દ્રશ્યો જોતા રહેવાનું બંધ નથી થતું ! જાહેરમાં દિવસે પણ ખાન પાનની દુકાનો પર મુસલમાનો ખાવા પીવામાં ખચકાટ નથી અનુભવતા ! ઈલ્લા માશાઅલ્લાહ ! આ રમઝાનની અમે જોયેલી કદરનો સંક્ષિપ્ત ચિતાર છે ! બીજા સ્થળોએ આનાથી સારી સ્થિતિ હોય તો તેઓને મુબારકબાદ !

## ★ અલવિદાઅના પ્રોગ્રામોમાં લોકોની અશ્રુમય હાલત અને ૨૯મા રોઝાના ઈફતાર પછીનો આલમ ! ★

૨૭મી રાત્રે તરાવીહમાં કુર્આનનો ખત્મ પૂર્ણ થાય છે, તેમજ રમઝાનભરમાં લોકો જાતે પણ ખત્મે કુર્આન કરતા હોય છે, તેને બખ્શવા માટે તેમજ શબે કદ્રની મુબારક રાત હોવાથી ખાસ ઈબાદત તથા દુઆ માટે મસ્જિદો ભરચક હોય છે તથા ખૂબ જ ઈમાની, રૂહાની, નૂરાની મન્ઝર રચાતો હોય છે, એ સમયે "માહે રમઝાન અલવિદાઅ"નું તરાનું દર્દમય અવાજથી પઢવામાં આવે છે ત્યારે લગભગ આખી મસ્જિદના નમાઝી ભાઈઓની આંખો રમઝાનની વિદાય નજીક આવી ગઈ એવા એહસાસ સાથે અશ્રુમય થઈ જતી હોય છે, ખૂબ જ ગંભીર માહોલ ત્યારે ખડો થઈ જાય છે, વળી કોઈક તો લાગણીઓ પર કાબૂ ન રહેતાં જોરથી રડવા લાગે છે ! સુબ્હાનલ્લાહ !

પણ લગભગ આ જ નૂરાની પ્રસંગના ૪૫–૪૮ કલાકો બાદ જેવો ૨૯ રમઝાનની ઈફતારીનો સમય

થાય છે ત્યારથી ઈદના ચાંદ માટે ભાગદોડ શરૂ થઈ જાય છે ! મગરિબની નમાઝ પૂરી પણ નથી થઈ રહેતી અને મોબાઈલ પર ફોનની ઘંટડીઓ રણકવા માંડે છે કે કેવું થયું ? ચાંદ દેખાયો ?! આ ક્રમ સતત ચાલુ રહે છે ! પરેશાનીનો આલમ ખડો થઈ જાય છે ! મસ્જિદમાં, મસ્જિદ બહાર, શેરીઓમાં એક જ ચર્ચા અને ક્યાંક ચાંદ થવાની અફવાઓ પણ વહેતી થવા માંડે છે ! તપાસ કરતાં વાત ખોટી નીકળે છે. વળી એવામાં દૂર ક્યાંક કોઈ સ્થળે ચાંદ દેખાય અને ત્યાં ઈદ જાહેર થઈ જાય અથવા દેવબંદી જમાઅતવાળા જાહેર કરી આપે તો આપણે ત્યાં ધમપછાડા શરૂ થઈ જાય છે અને લોકો જાતે જ મુફતી બનીને સ્થાનિક જિમ્મેદારોની ટીકા કરવા માંડે છે કે ફલાણે ઈદ જાહેર થઈ અને આપણે ત્યાં કેમ નથી કરતા ?! અને જાત જાતના હંગામા ખડા કરીને પરેશાની ખડી કરે છે. વળી યોગ્ય શરઈ સબૂત ન મળતાં જેમ મોડુ થાય છે તેમ પરેશાનીઓમાં અધિક તોફાનો મચાવી વધારો કરવામાં આવે છે !

ત્યારે કહેવું પડે છે કે શું આ તે જ લોકો છે જેઓ ૨૭મી રાત્રે રમઝાનના ચાલ્યા જવાના ગમમાં રડતા હતા, જયારે આજે તેને તાત્કાલિક વિદાય કરી દેવા માટે ધાંધલ ધમાલ મચાવી રહ્યા છે ?! અને સમસ્યા શું હોય છે ? ઈદ જાહેર ન થતાં એક દિવસ રમઝાન અધિક મહેમાન રહેવાની હોય છે ! આ એક દિવસ હજી સર્વ રમઝાનની બરકતો રહમતો સાથે રહેવાનો છે ! છતાં અલવિદાઈ તરાનામાં રડી પડનારા આ લોકો કયા કારણે રમઝાનને જલ્દી કાઢવા મેદાને પડયા છે ? ત્યારે પ્રશ્ન થાય છે કે તો શું એ લોકો અલ્ વિદાઅ્ના તરાના વખતે રડવાનો કેવળ ડોળ જ કરતા હતા ?! (અલ્લાહની પનાહ !)

## ★ ઉલમાએ એહલે સુન્નતનો આ ફેંસલો યોગ્ય જ છે ★

વરસો વરસથી ફક્ત આ ઈદુલ ફિત્રના ચાંદ બાબતે જ દર વરસે હંગામા થતા રહે છે, ક્યાંક મારામારી પણ થાય છે, અને સુન્નીઓમાં પક્ષાપક્ષી તથા વેરઝેર અંદરો અંદર વધતુ જાય છે. આવી બધી પરિસ્થિતિને જોતાં અહલે સુન્નતના વિદ્વાન ઉલમાએ આધુનિક શોધોની પારદર્શકતાને લક્ષમાં રાખીને ચાંદની સાબિતીના સાત તરીક઼ામાંના એક તરીક઼ા "ખબરે મુસ્તફીઝ" પર પોત પોતાની રિસર્ચો જાહેર કરીને મોબાઈલ ફોન થકી ચાંદની શરઈ સાબિતી સ્વીકારવા બાબતે પોત પોતાની તેહક઼ીક઼ો રજૂ કરેલી છે, જેમ કે શયખુલ ઈસ્લામ હઝરત સૈયદ મુહમ્મદ મદનીમિયાં અશરફી કછોછવી સાહબ તેમજ હઝરત મૌલાના મુફતી ઓબૈદુર્રહમાન રશીદી જોનપૂરી, હઝરત મુફતી મતીઉર્રહમાન સાહબ વગેરે તથા અન્ય ઉલમાએ વ્યક્તિગત રીતે પોતાની તેહક઼ીક઼ો બહાર પાડેલ છે. જે માહનામા અશ્રફિયહ્ (સપ્ટેમ્બર–૨૦૧૩) તથા માહનામા કન્ઝુલ ઈમાન–દિલ્હી વગેરેમાં પ્રસિદ્ધ થઈ ચૂકેલ છે, તેમજ સાથોસાથ **ફિક઼્હી સેમીનાર બોર્ડ–દિલ્હી** તથા **જામિઆ અશ્રફિયા–મુબારકપુર (જિ. આઝમગઢ, યુ.પી.)ના ફિક઼્હી સેમીનારો**માં વિવિધ અનેક અહલે સુન્નતના મુફતીઓ થકી "ખબરે ઈસ્તેફ઼ાદ઼"ના મસ્અલાને કેટલીક શરતોની સાથે સમર્થન કરેલ છે, જે સંબંધી મસ્અલાને આ જ મહિનાના "બરકાતે ખ્વાજા" (માસિક)માં અમોએ રજૂ કરેલ છે, જેનો અભ્યાસ કરશો. અંતમાં ગુઝરિશ છે કે જિલ્લાવારી કે તાલુકાવારી ચાંદ કમિટીઓ અગ્રેસર ઉલમા, મુફતીઓની સરદારીમાં બનાવીને તે કમિટીઓના ઉલમા મુફતીઓ જાતે ચાંદના મસ્અલાનું નિવારણ લાવે, કેવળ કહેવાતી "ગુજરાત ચાંદ કમિટી"ના એલાન પર આધાર ન રાખે જેથી સ્થાનિક લોકોને પણ ચાંદનો શરઈ સબૂત મળ્યાનો સંતોષ થશે. માટે આ બાબતે જે તે જિલ્લા તાલુકાના જિમ્મેદારો ઘટતુ કરશે એવી અપેક્ષા છે.

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઇરફાન

અઝ : **આ'લા હઝરત ઈમામ અહમદ રઝા** رحمۃ اللہ علیہ

અનુવાદક : **મૌલાના હસન આદમ કોલવનવી** رحمۃ اللہ علیہ

## સૂરએ બક઼રહની તફસીર

**સૂરએ બક઼રહ મદીનામાં ઉતરેલી અને એમાં ૨૮૬ આયતો અને ૪૦ રૂકુઅ છે.**

قُلْ مَنْ كَانَ
عَدُوًّا لِّجِبْرِيْلَ فَاِنَّهٗ نَزَّلَهٗ عَلٰى قَلْبِكَ بِاِذْنِ اللّٰهِ
مُصَدِّقًا لِّمَا بَيْنَ يَدَيْهِ وَهُدًى وَّبُشْرٰى لِلْمُؤْمِنِيْنَ ﴿٩٧﴾
مَنْ كَانَ عَدُوًّا لِّلّٰهِ وَمَلٰٓئِكَتِهٖ وَرُسُلِهٖ وَجِبْرِيْلَ
وَمِيْكٰلَ فَاِنَّ اللّٰهَ عَدُوٌّ لِّلْكٰفِرِيْنَ ﴿٩٨﴾ وَلَقَدْ
اَنْزَلْنَآ اِلَيْكَ اٰيٰتٍۭ بَيِّنٰتٍ ۚ وَمَا يَكْفُرُ بِهَآ اِلَّا
الْفٰسِقُوْنَ ﴿٩٩﴾ اَوَكُلَّمَا عٰهَدُوْا عَهْدًا نَّبَذَهٗ فَرِيْقٌ
مِّنْهُمْ ؕ بَلْ اَكْثَرُهُمْ لَا يُؤْمِنُوْنَ ﴿١٠٠﴾ وَلَمَّا جَآءَهُمْ
رَسُوْلٌ مِّنْ عِنْدِ اللّٰهِ مُصَدِّقٌ لِّمَا مَعَهُمْ نَبَذَ
فَرِيْقٌ مِّنَ الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ ۙ كِتٰبَ اللّٰهِ وَرَآءَ
ظُهُوْرِهِمْ كَاَنَّهُمْ لَا يَعْلَمُوْنَ ﴿١٠١﴾ وَاتَّبَعُوْا مَا تَتْلُوا
الشَّيٰطِيْنُ عَلٰى مُلْكِ سُلَيْمٰنَ ۚ وَمَا كَفَرَ سُلَيْمٰنُ
وَلٰكِنَّ الشَّيٰطِيْنَ كَفَرُوْا يُعَلِّمُوْنَ النَّاسَ السِّحْرَ ۗ وَمَآ
اُنْزِلَ عَلَى الْمَلَكَيْنِ بِبَابِلَ هَارُوْتَ وَمَارُوْتَ ؕ
وَمَا يُعَلِّمٰنِ مِنْ اَحَدٍ حَتّٰى يَقُوْلَآ اِنَّمَا نَحْنُ فِتْنَةٌ
فَلَا تَكْفُرْ ؕ فَيَتَعَلَّمُوْنَ مِنْهُمَا مَا يُفَرِّقُوْنَ بِهٖ بَيْنَ
الْمَرْءِ وَزَوْجِهٖ ؕ وَمَا هُمْ بِضَآرِّيْنَ بِهٖ مِنْ اَحَدٍ اِلَّا
بِاِذْنِ اللّٰهِ ؕ وَيَتَعَلَّمُوْنَ مَا يَضُرُّهُمْ وَلَا يَنْفَعُهُمْ ؕ
وَلَقَدْ عَلِمُوْا لَمَنِ اشْتَرٰىهُ مَا لَهٗ فِى الْاٰخِرَةِ مِنْ

**તમે ફરમાવી દો, જે કોઇ જિબ્રઇલનો દુશ્મન હોય[૧૬૮] તો તેણે (જિબ્રઇલે) અલ્લાહના હુકમથી તમારા દિલ પર આ કુરઆન ઉતાર્યું આગલી કિતાબોની સત્યતા જાહેર કરતું અને મુસલમાનોને હિદાયત અને ખુશ-ખબરી (આપતું)[૧૬૯] (૯૭) જે કોઇ અલ્લાહ અને તેના ફરિશ્તાઓ અને તેના રસૂલો અને જિબ્રઇલ અને મીકાઇલનો દુશ્મન હોય તો અલ્લાહ કાફિરોનો દુશ્મન છે[૧૭૦] (૯૮) અને બેશક ! અમે તમારી તરફ રોશન આયતો ઉતારી[૧૭૧] અને ફાસિક઼ો સિવાય કોઇ તેનું મુન્કિર નહીં થાય (૯૯) અને શું જ્યારે કદી કોઇ વાયદો કરે છે તો એમનામાંની એક ટોળકી તેને ફેંકી દે છે, બલ્કે એમનામાંના ઘણાઓને ઇમાન નથી[૧૭૨] (૧૦૦) અને જ્યારે એમની પાસે પધાર્યા અલ્લાહના ત્યાંથી એક રસૂલ[૧૭૩] એમની કિતાબોની સત્યતા જાહેર કરતા[૧૭૪] તો કિતાબવાળા-ઓમાંથી એક ટોળીએ અલ્લાહની કિતાબ પીઠ પાછળ નાખી દીધી[૧૭૫] જાણે કે તે કંઇ ઇલ્મ ધરાવતા જ નથી[૧૭૬] (૧૦૧) અને તોની પાછળ ચાલી નીકળ્યા જે સુલેમાનના રાજ્ય સમયે શયતાનો પઢયા કરતા હતા[૧૭૭] અને સુલેમાને કુફ્ર નથી કર્યું[૧૭૮] શયતાન**

**કાફિર બન્યો[૧૭૯] લોકોને જાદૂ શિખવાડે છે અને તે (જાદૂ) જે બાબુલ (શહેર)માં હારૂત અને મારૂત (નામના) બે ફરિશ્તાઓ પર ઉતર્યું, અને તે બન્ને જ્યાં સુધી એવું ન કહેતા કે અમે તો માત્ર કસોટી છીએ તુ પોતાનું ઇમાન ન ખો ત્યાં સુધી કોઇને કશું શિખવતા નહિ[૧૮૦] તો તેમના (ફરિશ્તાઓ) પાસેથી એવું (જાદૂ) શિખતા જેનાથી પુરૂષ અને તેની સ્ત્રીમાં જુદાઈ કરાવે અને એનાથી કોઇને ખુદાના હુકમ વગર નુકસાન પહોંચાડી શકતા નથી[૧૮૧] અને તેઓ શિખે છે એવી વસ્તુ જે એમને જ નુકસાન કરશે, ફાયદો નહિ આપે અને બેશક ! જરૂર એમને ખબર છે કે જેણે આ સોદો કર્યો તેનો આખિરતમાં કશો હિસ્સો નથી, અને બેશક ! તે કેવી ખરાબ વસ્તુ છે જેના બદલે એમણે પોતાની જાતોને વેચી, કોઇ રીતે તેમને જ્ઞાન થાત[૧૮૨] અને જો તેઓ ઇમાન લાવત[૧૮૩] અને પરહેઝગારી કરત તો ખુદાના ત્યાંનો સવાબ ઘણો સારો છે, કોઇ રીતે એમને જ્ઞાન થાત (૧૦૩)**

**શાને નુઝૂલ** : ૧૬૮. **યહૂદીઓના** ધર્મગુરૂ અબ્દુલ્લાહ બિન સુરિયાએ હુઝૂર ﷺને કહ્યું, તમારી પાસે આસ્માનમાંથી ક્યો ફરિશ્તો આવે છે ? આપે ફરમાવ્યું, **જિબ્રઇલ !** પેલાએ કહ્યું, તે **અમારો દુશ્મન** છે ! પહેલાં ઘણા વખત એણે અમારા પર અઝાબ ઉતાર્યો હતો, અને ઘણા વખત અમારી સાથે દુશ્મની કરી ચૂક્યો છે. જો મીકાઇલ આવતા હોત તો અમો આપના પર ઇમાન લઇ આવતા.

૧૬૯. તો યહૂદીઓની જિબ્રઇલ સાથે દુશ્મની અર્થ વગરની છે, બલ્કે જો એમની પાસે ન્યાય હોત તો જિબ્રઇલ સાથે મહોબ્બત કરત, અને એમનો આભાર માનત કે એક એવી કિતાબ લાવ્યા જેનાથી એમની કિતાબોની સત્યતા જાહેર થાય છે.

خَلَاقٍ ۚ وَلَبِئْسَ مَا شَرَوْا بِهٖۤ اَنْفُسَهُمْ ؕ لَوْ كَانُوْا يَعْلَمُوْنَ ۝ وَلَوْ اَنَّهُمْ اٰمَنُوْا وَاتَّقَوْا لَمَثُوْبَةٌ مِّنْ عِنْدِ اللّٰهِ خَيْرٌ ؕ لَوْ كَانُوْا يَعْلَمُوْنَ ۝

૧૭૦. આનાથી જાણવા મળ્યું કે **અમ્બિયા અને ફરિશ્તાઓની દુશ્મની કુફ્ર અને અલ્લાહના ગઝબનુ કારણ બને છે, અને અલ્લાહના પ્યારા બંદાઓ સાથે દુશ્મની કરવી એ ખુદાની દુશ્મની વહોરી લેવા સમાન છે.**

**શાને નુઝૂલ** : ૧૭૧. આ આયત ઇબ્ને સુરિયા યહૂદીના જવાબમાં ઉતરી જેણે કહ્યું હતું કે અય મુહમ્મદ ! (ﷺ) તમે અમારી પાસે કોઇ એવી વસ્તુ ન લાવ્યા જેને અમે ઓળખી શકતા, અને ન તો તમારા પર કોઇ સ્પષ્ટ નિશાની ઉતરી જેની પર અમે અમલ કરત.

**શાને નુઝૂલ** : ૧૭૨. આ આયત માલિક બિન સૈફ યહૂદીના જવાબમાં ઉતરી, જ્યારે હુઝૂર ﷺએ યહૂદીઓને અલ્લાહ તઆલાના તે વાયદા યાદ અપાવ્યા જે હુઝૂર ﷺ પર ઇમાન લાવવા વિશે (તવરાત)માં લેવામાં આવ્યા હતા, ત્યારે ઇબ્ને સૈફે વાયદાનો જ ઇન્કાર કરી દીધો.

૧૭૩. એટલે કે સૈયદે આલમ **મુહમ્મદ** ﷺ.

૧૭૪. હુઝૂર ﷺ તવરાત અને ઝબૂર વિગેરેની સત્યતા જાહેર કરતા હતા, અને તે કિતાબોમાં પણ હુઝૂર ﷺની પધરામણી થવા અને આપના ગુણોનું બયાન હતું, એટલે હુઝૂરની પધરામણી અને આપનું વુજૂદ મુબારક જ એ કિતાબોની સત્યતા જાહેર કરે છે, તો પરિસ્થિતિની માંગ તો એ હતી કે એ લોકો (અહલે કિતાબ) નું ઇમાન પોતાની કિતાબો પર વધુ થાત, પણ એનાથી ઉલ્ટું તેઓએ પોતાની કિતાબો સાથે પણ કુફ્ર કર્યું. સદીનું કહેવું છે કે જ્યારે હુઝૂરની પધરામણી થઇ ત્યારે યહૂદીઓએ તવરાત સાથે સરખાવી કુરઆન અને તવરાતને સરખાં જોયાં ત્યારે તવરાતને

પણ છોડી દીધી.

૧૭૫. એટલે કે તે કિતાબ તરફ ધ્યાન આપ-વાનું છોડી દીધું, સુફયાન બિન ઉયેયિનયહનું કહેવું છે કે યહૂદીઓએ તવરાતને રેશમી ગિલાફોમાં શણ-ગારીને મૂકી દીધી, અને તેના અહકામને માન ન આપ્યું.

૧૭૬. આ આયતોથી જાણવા મળે છે કે યહૂદી-ઓના ચાર ફિરકા હતા, એક તો તવરાત પર ઇમાન લાવ્યો અને તેના હક્કો પણ અદા કર્યા. આ લોકો મોમિન અહલે કિતાબ કહેવાયા એમની સંખ્યા જુજ છે ને કુરઆનના اَكْثَرُهُمْ શબ્દથી એ માલમ પડે છે.

બીજો ફિરકો જેમણે જાહેરમાં તવરાતના વાયદા તોડી નાખ્યા, તેની નક્કી કરેલી હદો ઓળંગી ગયા, એની વિરૂદ્ધ આચરણ કર્યું. نَبَذَهٗ فَرِيْقٌ مِّنْهُمْમાં એ લોકોનું બયાન છે.

ત્રીજો ફિરકો તે જેમણે વાયદા તોડી નાખવાનું એલાન તો ન કર્યું, પણ પોતાની અજ્ઞાનતાને કારણે વાયદા તોડતા રહ્યા, એમની ચર્ચા بَلْ اَكْثَرُهُمْ لَا يُؤْمِنُوْنَમાં છે.

ચોથા ફિરકાએ જાહેરમાં તો વાયદાઓને માન આપ્યું પણ અંદરખાને દુશ્મનીના કારણે વિરોધ કરતા રહ્યા, આ લોકો અજ્ઞાન હોવાની બનાવટ કરતા હતા, كَاَنَّهُمْ لَا يَعْلَمُوْنَ એના તરફ ઇશારો કરે છે.

**શાને નુઝૂલ :** ૧૭૭. હઝરત સુલૈમાન عليه السلامના સમયમાં બની ઇસ્રાઇલ જાદૂ શિખવામાં મગ્ન બન્યા, ત્યારે હઝરત સુલૈમાને તેમને રોકયા અને તેમના જાદૂનાં પુસ્તકો લઇને પોતાની કુરસીની નીચે દાટી દીધાં, હઝરત સુલૈમાન عليه السلامની વફાત પછી શય-તાન લોકોએ (નાફરમાન જિન્નાતોએ) તે પુસ્તકો કાઢીને લોકોને કહ્યું કે હઝરત સુલૈમાન عليه السلام આના જોરથી રાજ કરતા હતા, બની ઇસ્રાઇલના નેક લોકોએ અને આલિમોએ તો એનો રદીયો આપ્યો, પણ એમના જાહિલો જાદૂને હઝરત સુલૈમાન عليه السلامનું ઇલ્મ કહીને તેને શિખવા મંડી પડયા, પયગમ્બરોની કિતાબ છોડી દીધી, હઝરત સુલૈમાન عليه السلامને બુરૂં ભલું કહેવા લાગ્યા, હુઝૂર ﷺના જમાના સુધી એ સ્થિતિ પર જ રહયા, અલ્લાહ તઆલાએ હઝરત સુલૈમાન عليه السلامને નિર્દોષ જાહેર કરવા હુઝૂર ﷺ પર આ આયત ઉતારી.

૧૭૮. કારણ કે તે નબી હતા અને અમ્બિયા કુફ્ર કરવાથી તદ્દન મઅસૂમ હોય છે, એમની સાથે જાદૂનો સંબંધ જોડવો એ હળહળતું જૂઠ છે, કારણ કે જાદૂનું કુફ્રી વાતોથી ખાલી હોવું ભાગ્યે જ બને છે.

૧૭૯. જેમણે હઝરત સુલૈમાન عليه السلام પર જાદૂ-ગર હોવાની જૂઠી તહોમત મૂકી.

૧૮૦. એટલે કે જાદૂ શિખીને અને તેના પર શ્રદ્ધા રાખી અમલ કરીને અને તેને મુબાહ સમજીને કાફિર ન બની જાવ, આ જાદૂ હુકમને માન આપનાર અને ઉલ્લંઘન કરનાર વચ્ચે ફેર કરવા ઉતારવામાં આવ્યું હતું. અને જે એનાથી બચે ન શિખે. અથવા શિખે પણ તેના પર અમલ ન કરે અને તેની કુફ્રી બાબતોની શ્રદ્ધા ન રાખે તે મોમિન રહેશે, આજ ઇમામ અબૂ મન્સૂર માતુરીદીનું મંતવ્ય છે.

**મસઅલો** :- જે (જાદૂ અથવા અમલ) કુફ્ર તો નથી પણ એનાથી જીવ હલાક કરવામાં આવે છે તેનો અમલ કરનાર ડાકૂના હુકમમાં છે, પુરૂષ હોય કે સ્ત્રી.

**મસઅલો** :- જાદૂગરની તવબહ કબૂલ છે. (મદારિક).

૧૮૧. **મસઅલો** :- એનાથી જાણવા મળ્યું કે વાસ્તવમાં અસર પહોંચાડનાર અલ્લાહ તઆલા છે અને કારણોનો અસર અલ્લાહની મરજી પર આધા-રિત છે.

૧૮૨. પોતાના પરિણામ અને અઝાબની સખ્તીનું;

૧૮૩. હુઝૂર ﷺ અને કુરઆને પાક પર;

દર્સે હદીસે પાક

# મિર્અતુલ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

## એટલે મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત કાર્યાલય

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عَلَیْہِ الرَّحْمَۃُ وَالرِّضْوَان

હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે દસ ચીજો નબીઓની સુન્નત છે[૧], મૂંછો કપાવવી[૨], દાઢી વધારવી[૩], મિસ્વાક કરવી, નાકમાં પાણી લેવું, નખો કાપવા[૪], બેડકાં ધોવાં[૫], બગલના વાળો ઉખેડવા[૬] ડૂંટીની નીચેના વાળ મૂંડવા[૭] પાણી વાપરવું એટલે ઈસ્તિંજા કરવો[૮], રાવી કહે છે કે દસમી વાત હું ભૂલી ગયો, શક્ય છે કુલ્લી હોય[૯]. (મુસ્લિમ)

અને એક રિવાયતમાં દાઢી વધારવાને બદલે ખત્ના છે[૧૦] મેં આ રિવાયત ન તો સહીહૈનમાં જોયી છે અને ન કિતાબે હમીદીમાં પરંતુ એને જામેઅવાળાએ, અને એ જ પ્રમાણે ખિતાબીએ મઆલિમુલ સુનનમાં, અબૂ દાઊદ તથા અમ્માર ઈબ્ને યાસર રિવાયત કરી[૧૧].

(બીજી ફસ્લ) હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, મિસ્વાક મોં સાફ કરનારી છે, અલ્લાહની રઝાનો સબબ છે[૧૨]. અને શાફઈ તથા અહમદ તથા દારમીએ રિવાયત કર્યું અને બુખારીએ પોતાની સહીહમાં સનદો વગર રિવાયત કર્યું છે, હઝરત અબૂ દાઊદથી ફર્માવે છે. રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે ચાર ચીજો પયગંબરોની સુન્નતોમાંથી છે[૧૩] શરમ, એક અન્ય રિવાયતમાં છે. ખત્ના[૧૪] અત્તર ઘસવું, મિસ્વાક કરવું અને નિકાહ[૧૫]. (તિર્મિઝી)

### -:: સ....મ....જૂ....તી.... ::-

**૦૧.** ફિતરતનો શાબ્દિક અર્થ છે પેદાઈશ. فَاطِرُ السَّمٰوٰتِ وَالْاَرْضِ પણ ઈસ્તેલાહમાં (શરીઅતની બોલીમાં) અંબિયાની તે સુન્નતને ફિતરત કહે છે જેના પર આપણા હુઝૂર પણ આમિલ રહ્યા.

**૦૨.** એટલી કે ઉપરના હોઠનો લાલ ભાગ જાહેર થઈ જાય, એનાથી વધુ કતરાવવું પણ મના છે અને મૂંડાવવી પણ મના છે. અમુક ઉલમાએ મુજાહિદોને જંગની હાલતમાં મૂંછો વધારવાની ઈજાઝત આપી છે. (અશિઅતુલ લમ્આત)

**૦૩.** દાઢી ચાર આંગળી જેટલી **વાજિબ** છે, એનાથી સહેજ વધારે જાઈઝ છે. ઘણી જ લાંબી મકરૂહ છે. ચાર આંગળીથી ઓછી કરવી સખત મના અને મૂંડાવવી હરામ છે તેમજ એ હિંદુઓ તથા ઈસાઈઓનો તરીકો છે. જો સ્ત્રીને દાઢી નીકળી આવે તો તેને મૂંડાવી નાખે. યાદ રાખશો કે હડપચીની નીચેવાળા વાળ એક મુટ્ઠી પછી કપાવે અને એની આસપાસ એના જ પ્રમાણે કે વાળોનું વર્તુળ બની જાય એ રીતે કપાવે, જેમ કે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما નો તરીકો હતો. (બુખારી શરીફ)

કુર્આને હકીમ ફર્માવે છે : لَا تَاْخُذْ بِلِحْیَتِیْ જાણવા મળ્યું કે એક મુટ્ઠી દાઢી નબીઓની સુન્નત છે, જે કુર્આને કરીમથી સાબિત છે.

**૦૪.** હાથો તથા પગોના. એ રીતે કે પ્રથમ જમણા હાથની કલમાની આંગળીથી શરૂ કરીને ટચલી આંગળી પર ખત્મ કરે પછી ડાબા હાથની ટચલી આંગળીથી શરૂ કરી અંગૂઠા પર ખત્મ કરે, પછી જમણા હાથના અંગૂઠાના નખો કાપી લે, ત્યાર બાદ જમણા પગોની ટચલી આંગળીથી શરૂ કરી ડાબા પગની ટચલી આંગળી પર ખત્મ કરે. જુમ્આના દિવસે

કપાવવા મુસ્તહબ છે અને જુમેરાતના દિવસે અસ્રની નમાઝ બાદ ખૂબ બેહતર છે. દર અઠવાડિયે અથવા પંદર દિવસમાં એકવાર કાપી લે. ચાલીસ દિવસથી વધુ ન રહેવા દે.

**૦૫.** ખાણુ વગેરે ખાયને અથવા કોઈ અન્ય કામ કરીને. બેડકાંથી મુરાદ આખી આંગળીઓ છે.

**૦૬.** ઉખેડવા સુન્નત છે, મૂંડાવવું જાઈઝ છે.

**૦૭.** સુન્નત છે, ચૂના વગેરે વડે સાફ કરી આપવું પણ જાઈઝ છે કાતર વડે કાપી નાખવું સુન્નત વિરુદ્ધ છે. આ હુકમોમાં સ્ત્રીઓ તથા પુરૂષો સમાન છે. *(મિર્કાત)*

**૦૮.** એટલે કે પેશાબ જાજરૂનો ઈસ્તિંજો પાણી વડે કરવો સુન્નત છે, અને જો નાપાકી રૂપિયાભરથી વધુ હોય તો ફર્ઝ છે.

**૦૯.** રાવીથી મુરાદ મુસ્અબ છે અથવા ઝકરિયા ઈબ્ને અબી ઝાઈદા*(મિર્કાત)*

**૧૦.** પુત્રની ખત્ના સુન્નત છે, સાતમા દિવસથી લઈને સાતમા વરસ સુધી કરી દેવામાં આવે. બાલિગ થતા પહેલાં થવું જરૂરી છે, બાલિગ થયા બાદ તેણે સતર ખોલવું (અન્ય સામે) હરામ છે, જેથી જો યુવાન પુરૂષ ઈમાન લાવે તો જો શક્ય હોય તો ખત્નાનું કામ જાણનારી સ્ત્રી સાથે તેનો નિકાહ કરી દેવામાં આવે કે તેણી ખત્ના કરી આપે, નહીં તો ન કરે.

**૧૧.** આ સાહિબે મસાબીહ પર વાંધો છે કે પ્રથમ ફસ્લમાં ગૈર સહીહૈનની રિવાયત લઈ આવ્યા.

**૧૨.** એટલે કે એમાં દીન તથા દુનિયાની ભલાઈ છે. ખયાલ રહે કે મિસ્વાકથી મુસલમાનનું ઈબાદતની નિય્યતથી મિસ્વાક કરવું મુરાદ છે. કાફિરોની મિસ્વાક અને મુસલમાનોની આદત પૂરતી મિસ્વાક ભલે મોઢું તો સાફ કરી આપશે, પણ રઝાએ ઈલાહીનો ઝરીયો બનશે નહીં. તેમજ જો કે મિસ્વાકમાં દીની દુનિયવી ઘણા બધા ફાયદાઓ છે પણ અહીં કેવળ બે જ ફાયદા વર્ણવ્યા છે, અથવા એટલા માટે કે એ ખૂબ જ મહત્વના છે, અથવા એટલા માટે કે બાકીના ફાયદાઓ પણ એ બંનેવમાં સમાએલા છે, મોઢાની સફાઈથી પેટની શક્તિ તથા અસંખ્ય બીમારીઓથીથી છૂટકારો મળે છે. અને જ્યારે રબ રાજી થઈ ગયો તો પછી શું કમી રહી ગઈ !

**૧૩.** સુન્નતે કૌલી અથવા ફેઅલી. જેથી એના પર એ વાંધો નથી કે ઈસા عليه السلام તથા યહ્યા عليه السلامએ નિકાહ નથી કર્યા, કેમ કે તે બુઝુર્ગોએ પોતાના અનુયાયીઓને નિકાહ માટે જરૂર પ્રોત્સાહિત કર્યા.

**૧૪.** અમુક નુસ્ખાઓમાં હિના પણ છે મહેંદીના અર્થમાં, પણ એ ગલત છે, કેમ કે પુરૂષોએ હાથ પગોમાં શણગાર માટે મહેંદી લગાડવી કોઈ નબીની સુન્નત નથી, બલ્કે મના રહ્યું. દાઢીમાં મહેંદી લગાડવી ઈસ્લામની સુન્નત છે, કોઈ નબીએ નથી લગાડી. *(મિર્કાત)*

**૧૫.** હયાથી મુરાદ શરમ જે માણસને બુરાઈથી રોકી દે, ખત્ના સુન્નતે ઈબ્રાહીમી છે, કે આપનાથી લઈને આપણા નબી ﷺ સુધી દરેક નબીના દીનમાં રહ્યો. મિર્કાત વગેરેમાં છે કે નીચે જણાવેલ નબીઓ ખત્ના થયેલા પેદા થયા : હઝરત આદમ, શીષ, નૂહ, હૂદ, સાલેહ, લૂત, શોએબ, યૂસુફ, મૂસા, સુલૈમાન, ઝકરિયા, ઈસા, હંઝલા, હુઝૂર મુહમ્મદ મુસ્તફા عليهم السلام. શામીએ પણ થોડાક ફેરફાર સાથે આ મસ્અલો વર્ણવ્યો છે.

**૧૬.** ઈત્રથી મુરાદ મુત્લક્ન ખુશ્બુનો વપરાશ છે, કપડામાં હોય કે શરીરમાં, યાદ રાખશો કે અહીં ચારની સંખ્યા સીમિત માટે નથી અન્ય પણ ઘણી સુન્નતો નબીઓની છે જેમાં આ ચાર પણ છે.

**અલ્લાહ જઝાએ ખૈર આપે !**

**જનાબ શફીકભાઈ અસૂર્યાવાળા (બોલ્ટન)** તરફથી "હેરા ઈંગ્લિશ સ્કૂલ" આમોદના એક રૂમના બાંધકામ માટે રૂા. ૩,૫૦,૦૦૦/– મળ્યા છે. જઝાકલ્લાહ ! અલ્લાહ તઆલા તેના હબીબ ﷺના સદકામાં સખીદાતાને બંને જહાનમાં બેહતરીન અજર આપે. (આમીન)

અલ્લાહના મુબારક નામોની ફઝીલત તથા બરકત

# અસ્માઉલ હુસ્ના

લેખક : **મૌલાના ઈફતેખાર અહમદ કાદરી**
*(દારુલ ઉલૂમ કાદરિયા ગરીબનવાઝ, લેડી સ્મિથ, સા. આફ્રિકા)*
અનુવાદક : **મૌલાના મુહમ્મદતૌસીફ હલદરવી**
*(દારુલ ઉલૂમ કાદરિયા ગરીબનવાઝ, લેડી સ્મિથ, સા. આફ્રિકા)*

## અલ્ વહ્હાબ اَلوَھَّابُ

**(સૌથી વધારે અતા કરનાર)**

**સમજૂતી** : સખાવત તથા અર્પવું જ્યારે મકસદ અને બદલાથી ખાલી હોય તો તેને 'હિબા' કહેવામાં આવે છે. અને જ્યારે તે અંદાઝથી અર્પણ કરેલ વસ્તુઓ ખૂબ જ પ્રમાણમાં વધી જાય તો અર્પણ કરનાર જવ્વાદ તથા વહ્હાબ કહેવાય છે. અને હકીકી અતા, હિબા તથા જૂદ (સખાવત) ફક્ત અલ્લાહ તરફથી જ થઈ શકે છે.

**દર્સ તથા સબક** : ઈન્સાનોમાં આ પ્રમાણે અતિશય પ્રમાણમાં ખર્ચ કરવાવાળો કોણ થઈ શકે છે ? હા ! જો કોઈ એ જઝબાનો માણસ હોય કે માલ તો માલ, જાન પણ રઝાએ ઈલાહી માટે વગર અફસોસે ખર્ચી નાખે, એટલા માટે નહીં કે તેને જન્નત જોઈએ છે, ન તો તે જહન્નમના અઝાબથી બચવા ચાહે છે, અને ન તો તે તુરંત કોઈક નફો ચાહે છે, બલ્કે ફક્ત અલ્લાહની રઝા ચાહે છે. તો એવા મોમિનને જરૂર જવ્વાદ તથા વહ્હાબ કહેવામાં આવી શકે છે.

**ફાયદાઓ તથા ખાસિયતો : જે શખ્સ નમાઝે ઈશરાકના સજદામાં** اَلوَھَّابُનો વિર્દ કરશે અલ્લાહ તેના માટે માલદારી આસાન ફર્માવશે, અને લોકોના દિલોમાં તેના પ્રત્યે ખૌફ પેદા કરશે, અને તે અલ્લાહનો મકબૂલ બંદો બનશે. હઝરત શિબ્લી رضی اللہ عنہએ અબૂ અલી ષકફીના સાથીઓમાંથી એકને પૂછયું, અસ્માએ હુસ્નામાંથી શાનો વિર્દ કરો છો ? તેણે જવાબ આપ્યો اَلوَھَّابُનો. હઝરત શિબ્લી رضی اللہ عنہએ ફર્માવ્યું, **તેના માલદાર હોવાનું કારણ આ જ છે !** જે માણસ નીચે જણાવેલ કલેમાત છ વાર કહેશે તે દુઆની મકબૂલિયત ઘણી જ મુજર્રબ છે.

اَللّٰھُمَّ ھَبۡ لِیۡ مِنۡ رَحۡمَتِكَ مَا لَا یُمۡسِكُهٗ أَحَدٌ غَیۡرُكَ

**અલ્લાહુમ્મ હબ્લી મિર્રહ્મતિક માલા યુમ્સિકુહુ અહ્દુન ગૈરુક** છ વાર કહે. એ જ પ્રમાણે દરેક નમાઝ બાદ ઈમાનની હિફાઝત માટે નીચે જણાવેલ આયત સાત વાર પઢવી જોઈએ.

رَبَّنَا لَا تُزِغۡ قُلُوۡبَنَا بَعۡدَ إِذۡھَدَیۡتَنَا وَھَبۡ لَنَا مِنۡ لَّدُنۡكَ رَحۡمَةً إِنَّكَ أَنۡتَ الۡوَھَّابُ

**રબ્બના લાતુજિગ્ કુલૂબના બઅ્દ ઈઝ્ હદૈતના વહબ્લના મિલ્લદુન્ક રહ્મતન્ ઈન્નક અન્તલ્ વહ્હાબ.** *(સૂરએ આલે ઈમ્રાન–૮)*

## અર્રઝ્ઝાક الرَّزَّاقُ

**(દરેકને રોજી આપનાર)**

**સમજૂતી** : આ જ ઝાતે રોજી તથા રોજી હાંસલ કરવાવાળાઓને પેદા ફર્માવ્યા અને તેમના માટે રિઝ્કની વ્યવસ્થા કરી, તેનાથી ફાયદા હાંસલ કરવાના સબબો તથા માધ્યમો પેદા ફર્માવ્યાં. રિઝ્ક બે પ્રકારનું છે : રિઝ્કે ઝાહિર : જે જિસ્માની ખોરાકને કહેવામાં આવે છે. રિઝ્કે બાતિન : આ ઈલ્મ, મારેફત તથા મુકાશેફાતને કહેવામાં આવે છે. આ દિલોનો ખોરાક તથા રિઝ્ક છે. આ જ રિઝ્ક એટલે કે દિલોનો

ખોરાક તથા ઈલ્મો મારેફત, જાહેર છે કે જિસ્માની ખોરાકના મુક઼ાબલામાં ઘણો જ અફઝલ છે.

રઝ્ઝાક઼ જેને ચાહે છે ઘણા વિસ્તારથી રિઝ્ક઼ આપે છે અને જેને ચાહે છે કમ રિઝ્ક઼ આપે છે. પરંતુ તેનો વાયદો છે لَئِنْ شَكَرْتُمْ لَأَزِيدَنَّكُمْ. "હે બંદાઓ ! જો તમે મારો શુક્ર અદા કરશો તો હું અધિક અતા કરીશ."

**દર્સ તથા સબક઼** : મોમિન અલ્લાહની આ સિફતથી બે રીતે ફાયદો હાંસલ કરી શકે છે :–

**૧.** અલ્લાહની સિફતે રઝ્ઝાકિયતનો સારી રીતે ઈલ્મ હાંસલ કરે અને દિલમાં યક઼ીન જમાવી લે કે રઝ્ઝાક઼ ફક઼્ત અલ્લાહ જ છે, એટલા માટે મોમિન બીજા કોઈથી રોજીની રાહ ન જુએ અને ન કોઈ બીજા પર આના વિશે ભરોસો કરે.

**૨.** અલ્લાહથી મોમિન દુઆ કરે કે અલ્લાહ તેને હિદાયત આપવાવાળુ જ્ઞાન, સારી ઝબાન, ફાયદો આપવાવાળી બુદ્ધિ અતા કરે. અને મોમિન પોતાની વાત તથા કામકાજમાં મૌલાની મરજીના મુજબ હોય તો તે રઝ્ઝાક઼ તેના દિલને જરૂર સાલેહ ખોરાક પહોંચાડશે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : આ મુબારક નામની ખાસિયત એ છે **મોમિન પોતાની રોજી વધારવા ફજરની નમાઝ પહેલાં ઘરના દરેક ખૂણામાં يَارَزَّاقُને વિર્દ ૧૦ વાર કરે. એ રીતે કે મકાનને કા઼બા શરીફની દિશામાં રાખે અને જમણી બાજુથી શરૂ કરે. ઈન્શાઅલ્લાહ ! રોજીમાં બરકત થશે.**

અરબઈને ઈદરીસિય્યહમાં છે કે શૈખ સુહરવર્દી رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું કે :– سُبْحَانَكَ يَارَبَّ كُلِّ شَيْءٍ وَّوَارِثَهُ وَرَازِقَهُ**સુબ્હાનક યા રબ્બ કુલ્લિ શયઈંવ વવારિષહુ વ રાઝિક઼હુ.** આ શબ્દોનો વિર્દ કોઈ પાબંદીની સાથે કરશે તો **હાકિમોથી તેને કોઈ હાજત હશે તો પૂરી થશે.** જ્યારે આવો મક઼સદ તથા ઈરાદો હોય તો આ દુઆને ૧૭ વાર પઢે તેની હાજત પૂરી થશે.

અને જો કોઈ સવારે નર્યા કોઠે (સવારે કશું ખાધા વગર) આ **દુઆને ૨૦ વાર પઢશે** તો **અલ્લાહ તઆલા તેના દિમાગને એવું સાફ ફર્માવશે કે તે ભેદો તથા બારીકી સુધી પહોંચવા લાગશે.** અને જો કોઈ જુમ્આની નમાઝ બાદ **૧૦૦ વાર** પઢશે તેનું સીનુ ખુલી જશે, અને મરીઝ (બીમાર) પઢશે **શિફા પામશે**, અને પરેશાન હાલ પઢશે તો તેની **પરેશાની દૂર થશે.**

## અલ્ ફત્તાહ اَلْفَتَّاحُ

## (સૌથી વધારે ખોલનાર)

**સમજૂતી** : આ તે મુબારક નામ છે જેની ઈનાયત તથા કરમથી દરેક બંધ વસ્તુ ખુલે છે અને જેની રહનુમાઈથી દરેક મુશ્કેલી આસાન થાય છે. તે ફત્તાહ એક તરફ દુશ્મનોના મુલ્કોને ઈમાનવાળાઓ માટે ફતેહ ફર્માવે છે તો બીજી તરફ આરેફીનનાં દિલોથી પર્દાઓ ઉઠાવી આલમે મલકૂત તથા મફાતેહુલ ગૈબ સુધી પહોંચાડી આપે છે. અને આરેફીનના માટે આલમે મલકૂત તથા આલમે ગૈબ ખુલી જાય છે, અને તે દરેકનો ફાતેહ હક઼ીક઼ી અલ્લાહ જ છે.

**દર્સ તથા સબક઼** : બંદામાં એટલી બેક઼રારી પેદા થાય કે તે એ હદ સુધી પહોંચી જાય કે મુશ્કેલીઓના તાળાંઓ તેની ઝબાનથી ખુલવા લાગે અને દુનિયાની એવી ઘણી બધી ચીજો જે બીજાઓ પર મુશ્કેલ હોય પરંતુ બંદા માટે એ અલ્લાહ તઆલાની મદદથી આસાન થઈ જાય. આ રીતે તે બંદાને તે હક઼ીક઼ી ફત્તાહની એક રોશની હાંસલ થઈ જાય છે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : આ નામના વિર્દથી મામલાઓ આસાન થાય છે અને દિલ રોશન થાય છે અને ફતહ તથા કુશાદગી પર બંદો ક઼ાદિર થાય છે. **જે માણસ ફજરની નમાઝ બાદ પોતાના સીના પર હાથ રાખીને يَافَتَّاحُ ૭૧ વાર પઢશે તેનું દિલ પાક અને તેનું ઝમીર રોશન થશે અને તેના મામલાઓ આસાન થશે અને રિઝ્ક઼ વગેરેના નવા નવા દરવાજા ખુલશે.**



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

***(મજલિસ : ૧૨)***

*(**દલીલુલ આરિફીન** : મલ્ફૂઝાતે ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ)*

(**સંપાદક** : હઝરત કુત્બુદ્દીન બખ્તિયારકાકી رحمۃ اللہ علیہ)

### ★ મલકુલ મૌત વિશે ★

જુમેરાતના દિવસે કદમબોસીનો શરફ હાંસલ થયો અને આ આખરી મજલિસ હતી. અજમેરની જામા મસ્જિદમાં અઝીઝ અહલે સફા તથા મુરીદો સેવામાં હાજર હતા. વાત મલકુલ મૌતના બારામાં શરૂ થઈ. આપે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે મલકુલ મૌત વિના દુનિયાની કિંમત જવ જેટલી પણ નથી. પૂછવામાં આવ્યું, કેમ ? ફર્માવ્યું, એટલા માટે કે હદીષમાં છે : ''મૌત એક પુલ છે જે દોસ્તને દોસ્તથી મુલાકાત કરાવે છે.''

પછી ફર્માવ્યું કે દોસ્ત તે છે જે દિલથી યાદ કરે. કેમ કે દિલ યારના માટે પેદા કરવામાં આવેલ છે. ખાસ કરીને એના વાસ્તે કે અર્શની આસપાસ તવાફ કરે, જેવું કે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, હે મારા બંદા ! જ્યારે મારો ઝિક્ર તારા પર ગાલિબ આવી (છવાઈ) જશે તો હું તારો આશિક થઈ જઈશ એટલે કે મુહિબ્બ.

પછી ફર્માવ્યું, આરિફ આફતાબની જેમ હોય છે જે સર્વ જહાનને રોશની અર્પે છે, જેની રોશનીથી કોઈ ચીજ ખાલી નથી રહેતી.

જ્યારે ખ્વાજા સાહબ આ ફવાઈદ ખત્મ કરી ચૂક્યા તો અશ્રુમય આંખે ફર્માવ્યું કે અમને એ જગાએ લાવવામાં આવ્યા છે કે આ જગાએ અમારુ મદફન (કબ્ર) બનશે. અમે થોડાક દિવસમાં આ દુનિયાથી સફર કરી જઈશું. શયખ અલી નજરી رحمۃ اللہ علیہ હાજર હતા તેમને હુકમ થયો કે મિષાલ લખો અને શયખ કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہને આપજો જેથી દિલ્હી આવી જાય કેમ કે ખિલાફત મેં એમને આપી છે અને એ જ એમનો મકામ છે.

ત્યારબાદ મિષાલ (લખાણ) ખત્મ થઈ તો મને આપી હું આદાબ બજાવી લાવ્યો. હુકમ થયો કે નજીક આવો ! હું જ્યારે નજીક ગયો તો દસ્તાર તથા કુલહ મારા માથા પર રાખી અને શયખ ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہનો અસા આપ્યો અને બખ્તર મને પહેરાવ્યું અને કુર્આન શરીફ તથા મુસલ્લો અર્પણ કર્યો અને ફર્માવ્યું કે આ પયંબરે ખુદા ﷺથી અમારા ખ્વાજગાને ચિશ્તને અમાનતરૂપે મળેલ છે, અમે તને આપીને રવાના કર્યો છે. જેવી રીતે તેમણે મારા સુધી પહોંચાડી છે તે આગળ પહોંચાડી આપશો અને તેનો હક્ક અદા કરશો જેથી કયામતના દિવસે અમે ખ્વાજગાનના રૂબરૂ શર્મિંદા ન થઈએ. હું આદાબ બજાવી લાવ્યો અને ખ્વાજા સાહબે બે રકાત નમાઝ અદા કરીને ફર્માવ્યું, જા ! તને ખુદાને સોંપ્યો અને તને મંઝિલગાહ સુધી ઈજ્જત સાથે પહોંચાડયો.

ત્યારબાદ ફર્માવ્યું કે વધુ પેજ નં. **૧૬**....પર

# અહલે સુન્નતના અક઼ીદા ક઼ુર્આનની રોશનીમાં

લેખક : મૌલાના સૈયદ મુહમ્મદ અમીનઅલી ક઼ાદરી (નિગરાં : સુન્ની દાવતે ઈસ્લામી–માલેગાંવ)
અનુવાદક : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી (મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

## અલ્લાહના મક઼બૂલ બંદા દૂરથી સાંભળે પણ છે અને જુએ પણ છે

**★ હઝરત ઈસા عليه السلام નું પોતાની કૌમના ખાવા અને બચાવી રાખવા વિશે માહિતી આપવું ★**

وَأُنَبِّئُكُمْ بِمَا تَأْكُلُوْنَ وَمَا تَدَّخِرُوْنَ فِيْ بُيُوْتِكُمْ

"અને તમે જે કાંઈ ખાવ છો અને જે કાંઈ તમારા ઘરોમાં એકઠુ કરીને રાખો છો તે તમને કહી આપુ છું." *(સૂરએ આલે ઈમરાન, આ. ૩/૪૯)*

**★ હઝરત ઈબ્રાહીમ عليه السلام નું અલ્લાહની બાદશાહીને નિહાળવું ★**

وَكَذٰلِكَ نُرِيْٓ إِبْرٰهِيْمَ مَلَكُوْتَ السَّمٰوٰتِ وَالْأَرْضِ وَلِيَكُوْنَ مِنَ الْمُوْقِنِيْنَ

"અને એ જ રીતે અમે ઈબ્રાહીમને દેખાડીએ છીએ બધી બાદશાહી આકાશો અને ધરતીની, અને એટલા માટે કે તેઓ ઐનુલ યક઼ીનવાળાઓમાં બની જાય." *(સૂરએ અન્આમ, ૭/૭૫)*

**★ હઝરત યાકૂબ عليه السلام નું મુલ્કે શામમાં બેસી મિસ્રથી નીકળવાવાળા કાફલાની ખબર આપવું ★**

وَلَمَّا فَصَلَتِ الْعِيْرُ قَالَ أَبُوْهُمْ إِنِّيْ لَأَجِدُ رِيْحَ يُوْسُفَ لَوْلَآ أَنْ تُفَنِّدُوْنَ

"જ્યારે કાફલો મિસ્રથી નીકળ્યો (ત્યારે) અહીં તેમના બાપે કહ્યું, "બેશક ! હું યૂસુફની સુગંધ પામુ છું જો તમે મને એમ ન કહો કે મતી ગઈ છે." *(સૂરએ યૂસુફ, ૧૩/૯૪)*

**★ હઝરત સુલૈમાન عليه السلام નું ત્રણ માઈલ દૂરથી કીડીનો અવાજ સાંભળવું અને સ્મિત કરવું ★**

حَتّٰٓى إِذَآ أَتَوْا عَلٰى وَادِ النَّمْلِ قَالَتْ نَمْلَةٌ يّٰٓأَيُّهَا النَّمْلُ ادْخُلُوْا مَسٰكِنَكُمْ لَا يَحْطِمَنَّكُمْ سُلَيْمٰنُ وَجُنُوْدُهٗ وَهُمْ لَا يَشْعُرُوْنَ فَتَبَسَّمَ ضَاحِكًا مِّنْ قَوْلِهَا

"ત્યાં સુધી કે જ્યારે કીડીઓના નાળા પર આવ્યા એક કીડી બોલી, "હે કીડીઓ ! પોતાના ઘરોમાં પેસી જાવ ! તમને સુલૈમાન અને તેમના સૈન્યો અજ્ઞાનતામાં કચડી નાખે નહીં." તો તે (કીડી)ની વાતથી સ્મિત વેરી હસ્યા." *(સૂરએ નમ્લ, ૧૯/૧૮)*

**★ હઝરત સુલૈમાન عليه السلام ની ઉમ્મતના વલીનું પલક ઝપકતા પહેલાં દોઢ હજાર માઈલથી અધિક અંતરેથી બિલ્કીસનો તખ્ત (સિંહાસન) લાવવું ★**

قَالَ يٰٓأَيُّهَا الْمَلَؤُا أَيُّكُمْ يَأْتِيْنِيْ بِعَرْشِهَا قَبْلَ أَنْ يَّأْتُوْنِيْ مُسْلِمِيْنَ

"સુલૈમાને કહ્યું, "હે દરબારીઓ ! તમારામાં કોણ છે કે તેણીનું સિંહાસન મારી પાસે લઈ આવે તે મારી પાસે તાબેદાર બનીને હાજર થાય ત્યાર પહેલાં." *(સૂરએ નમ્લ, ૧૯/૩૮)*

"તમારા દોસ્ત નથી પણ અલ્લાહ અને તેના રસૂલ અને ઈમાનવાળા કે નમાઝ કાયમ કરે છે અને ઝકાત આપે છે. અને અલ્લાહના સમક્ષ નમેલા છે." *(સૂરએ માએદહ, ૬/૫૫)*

وَمَنْ يَّتَوَلَّ اللّٰهَ وَرَسُولَهٗ وَالَّذِيْنَ اٰمَنُوْا فَإِنَّ حِزْبَ اللّٰهِ هُمُ الْغٰلِبُوْنَ۔

"અને જે અલ્લાહ અને તેના રસૂલ અને મુસ્લિમોને મિત્ર બનાવશે તો બેશક ! અલ્લાહનું જૂથ ગાલિબ છે." *(સૂરએ માએદહ, ૬/૫૬)*

**★ હઝરત ઝુલ્કરનૈને કૌમથી મદદ માગી જેને કુર્આન આ રીતે વર્ણન કરે છે ★**

قَالَ مَا مَكَّنِّيْ فِيْهِ رَبِّيْ خَيْرٌ فَاَعِيْنُوْنِيْ بِقُوَّةٍ أَجْعَلْ بَيْنَكُمْ وَبَيْنَهُمْ رَدْمًا۔

"તે જેના પર મને મારા રબે કાબૂ આપ્યો છે તે ઉત્તમ છે, તો મારી સહાય તાકત વડો કરો હું તમારી અને તેમની વચ્ચે એક મજબૂત આડ બનાવી દઉં." *(સૂરએ કહ્ફ, ૧૬/૯૫)*

**★ હઝરત મૂસા علیہ السلام નું હઝરત હારૂન علیہ السلام ને મદદ માટે તલબ કરવું ★**

وَاجْعَلْ لِّيْ وَزِيْرًا مِّنْ أَهْلِيْ۔ هٰرُوْنَ أَخِيْ

"અને મારા માટે મારા ઘરવાળાઓમાંથી એક વજીર (મદદગાર) કરી આપ ! તે કોણ મારો ભાઈ હારૂન." *(સૂરએ તાહા, ૧૬/૨૯, ૩૦)*

**★ ફરિશ્તાઓ ઈમાનવાળાઓને ખુશખબરી આપે છે ★**

نَحْنُ أَوْلِيَآؤُكُمْ فِى الْحَيٰوةِ الدُّنْيَا وَفِى الْاٰخِرَةِ

"અમે તમારા મિત્રો (મદદગાર) છીએ દુનિયાના જીવનમાં અને આખેરતમાં." *(સૂરએ હા મીમ, સજદહ, ૨૪/૩૧)*

**★ હઝરત ઈસા علیہ السلام નું પોતાના હવ્વારીઓને મદદ માટે પોકારવું ★**

قَالَ الَّذِيْ عِنْدَهٗ عِلْمٌ مِّنَ الْكِتٰبِ أَنَا اٰتِيْكَ بِهٖ قَبْلَ أَنْ يَّرْتَدَّ إِلَيْكَ طَرْفُكَ۔

"તેણે કહ્યું જેની પાસે કિતાબનું ઈલ્મ હતું કે, "હું તેને સેવામાં હાજર કરીશ એક પલક ઝપકતાં પહેલાં." *(સૂરએ નમ્લ, ૧૯/૪૦)*

## અલ્લાહવાળાઓથી મદદ માગવી

**★ કુર્આન સબ્ર અને નમાઝથી મદદ માગવાનો હુકમ આપે છે ★**

يٰٓأَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اسْتَعِيْنُوْا بِالصَّبْرِ وَالصَّلٰوةِ

"હે ઈમાનવાળાઓ ! સબ્ર અને નમાઝથી મદદ માગો." *(સૂરએ બકરહ, ૨/૧૫૩)*

**★ અલ્લાહના બંદાઓને મદદ અને સહાય માટે પોકારવા ★**

رَبَّنَآ أَخْرِجْنَا مِنْ هٰذِهِ الْقَرْيَةِ الظَّالِمِ أَهْلُهَا وَاجْعَلْ لَّنَا مِنْ لَّدُنْكَ وَلِيًّا وَّاجْعَلْ لَّنَا مِنْ لَّدُنْكَ نَصِيْرًا۔

"હે અમારા રબ ! અમને આ વસ્તીમાંથી કાઢ, જ્યાંના લોકો અત્યાચારી છે. અને અમને તારા પાસેથી કોઈ વાલી આપ, અને અમને તારા પાસેથી કોઈ મદદગાર આપ." *(સૂરએ નિસાઅ, ૫/૭૫)*

**★ નેકી અને પરહેઝગારીમાં (એકબીજાની) મદદ કરવાનો હુકમ ★**

وَتَعَاوَنُوْا عَلَى الْبِرِّ وَالتَّقْوٰى۔ "અને નેકી તથા પરહેઝગારી પર એકબીજાની મદદ કરો." *(સૂરએ માએદહ, ૬/૨)*

**★ અલ્લાહ મદદગાર છે અને રસૂલ તથા મો'મિનો પણ મદદગાર ★**

إِنَّمَا وَلِيُّكُمُ اللّٰهُ وَرَسُوْلُهٗ وَالَّذِيْنَ اٰمَنُوا الَّذِيْنَ يُقِيْمُوْنَ الصَّلٰوةَ وَيُؤْتُوْنَ الزَّكٰوةَ وَهُمْ رٰكِعُوْنَ۔

يَأَيُّهَا الَّذِينَ اٰمَنُوا كُونُوٓا أَنْصَرَ اللّٰهِ كَمَا قَالَ عِيسَى ابْنُ مَرْيَمَ لِلْحَوَارِيِّنَ مَنْ أَنْصَارِيٓ إِلَى اللّٰهِ ۔ قَالَ الْحَوَارِيُّونَ نَحْنُ أَنْصَارُ اللّٰهِ

''હે ઈમાનવાળાઓ ! અલ્લાહના દીનના મદદગાર બનો ! જેવું મરયમના પુત્ર ઈસાએ હવ્વારીઓને કહ્યું હતું કે, કોણ છે અલ્લાહ તરફ થઈને મારી મદદ કરે ? હવ્વારીઓ બોલ્યા, અમે અલ્લાહના દીનના મદદગાર છીએ.'' *(સૂરએ સફ્ફ, ૨૮/૪)*

**★ અલ્લાહની અતાથી ફરિશ્તા ઈમાનવાળા નેક લોકો મદદ કરે છે ★**

فَإِنَّ اللّٰهَ هُوَ مَوْلٰهُ وَجِبْرِيْلُ وَصٰلِحُ الْمُؤْمِنِيْنَ وَ الْمَلٰٓئِكَةُ بَعْدَ ذٰلِكَ ظَهِيْرٌ

''તો બેશક ! અલ્લાહ એમનો મદદગાર છે અને જિબ્રઈલ અને નેક ઈમાનવાળાઓ અને ત્યાર પછી ફરિશ્તાઓ સહાયક છે.'' *(સૂરએ તહરીમ, ૨૮/૪)*

**★ અલ્લાહ તઆલાએ પોતાના બંદાઓને દીનની મદદ કરવાનો હુકમ આપ્યો ★**

يَأَيُّهَا الَّذِينَ اٰمَنُوٓا إِنْ تَنْصُرُوا اللّٰهَ يَنْصُرْكُمْ وَيُثَبِّتْ أَقْدَامَكُمْ

''હે ઈમાનવાળાઓ ! જો તમે અલ્લાહના દીનની મદદ કરશો (તો) અલ્લાહ તમારી મદદ કરશે અને તમારા પગ જમાવી દેશે.'' *(સૂરએ મુહમ્મદ, ૨૬/૭)*

પેજ નં. **૧૩**નું ચાલુ...

ચાર ચીજો ખૂબ ઉમદા મોતી છે : એક, તે દરવેશ જે પોતાને દૌલતમંદ જાહેર કરે. બીજો ભૂખ્યો જે પોતાને પેટ ભરેલો જાહેર કરે. ત્રીજો ગમગીન, જે પોતાને ખુશ જાહેર કરે. ચોથો જેનાથી દુશ્મની હોય તેને દોસ્ત દેખાય દે. પછી ફર્માવ્યું કે અહલે મહબ્બતનો મર્તબો એવો છે કે જો તેને પૂછવામાં આવે કે તેં રાતની નમાઝ અદા કરી હતી તો કહી દે કે મને ફુરસદ નથી ! હું મલકુલ મૌતની આસપાસ ફરી રહ્યો છું જ્યાં જાય છે ત્યાં તેને પકડુ છું. ખ્વાજા સાહબ આ જ ફવાઈદ વર્ણવી રહ્યા હતા, મેં ચાહ્યું કે કદમબોસી કરી રવાના થાઉં. આપ રોશનઝમીર હતા જેથી તુરત જ જાણી લીધું. ફર્માવ્યું, નજીક આવ ! મેં ઉઠીને (કદમબોસી માટે) કદમોમાં સર રાખી દીધું. ફાતિહા પઢીને ફર્માવ્યું કે ગમ ન કરો ! અને મુર્દા ન થાવ ! હું આદાબ બજાવી લાવીને પરત થયો. જ્યારે દિલ્હી પહોંચ્યો તો તમામ ઈમામ અને અહલે અસ્ફિયા મારી પાસે આવ્યા. દિલ્હી આવવાને ચાલીસ દિવસ પસાર થયા હતા તો ખબર સાંભળી કે ખ્વાજા સાહબ મારા રવાના થયા બાદ વીસમા દિવસે આ ફાની જગતથી કૂચ કરી ગયા. એ જ રાતે રંજમય દિલે મુસલ્લા પર બેસીને સૂઈ ગયો. જોયું કે ખ્વાજા સાહબ અર્શની જમીન પર ઉભેલા છે. મેં (કદમબોસી માટે) સર કદમોમાં રાખી દીધું અને અને અહવાલ પૂછયો. ફર્માવ્યું, અલ્લાહ તઆલાએ બખ્શી આપ્યો અને આ'લા દરજાના ફરિશ્તા અને અર્શ પર રહેનારાઓની પાસે જગા આપી, હું અહીં જ રહીશ. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૨૫૦/–** (ટપાલ ખર્ચ ૧૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

### દરેક મુસ્લિમે જાણવો જરૂરી છે

# કાનૂને શરીઅત

**લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ
**અનુવાદક** : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી

## એ'તેકાફ

ઈબાદતની નિય્યતથી અલ્લાહના વાસ્તે મસ્જિદમાં રોકવાનું નામ એ'તેકાફ છે. એ'તેકાફ ત્રણ પ્રકારના છે : વાજિબ, સુન્નતે મુઅક્કેદા, મુસ્તહબ.

**એ'તેકાફ વાજિબ** : એ મન્નતનો એ'તેકાફ છે. જેમ કે કોઈએ મન્નત માની કે મારું ફલાણુ કામ થઈ જશે તો એક દિવસ કે બે દિવસનો એ'તેકાફ કરીશ. આ એ'તેકાફ વાજિબ છે એને પૂરું કરવું જરૂરી છે. વાજિબ એ'તેકાફ માટે રોઝો રાખવો જરૂરી છે રોઝા વિના એ'તેકાફ સહીહ ગણાશે નહીં.

**એ'તેકાફ સુન્નતે મુઅક્કદા** : આ રમઝાનના છેલ્લા ૧૦ દિવસમાં કરવામાં આવે. એટલે કે વીસમી રમઝાનનો સૂરજ આથમતાં પહેલાંથી એ'તેકાફની નિય્યતથી મસ્જિદમાં દાખલ થયેલ હોય. અને તે ૩૦મીના રોજ સૂરજ આથમ્યા પછી અથવા ૨૯મીના ચાંદ દેખાયા પછીથી મસ્જિદની બહાર નીકળે. જો વીસમી તારીખના મગરિબ બાદ એ'તેકાફની નિય્યત કરી તો સુન્નતે મુઅક્કેદા અદા ન થયો.

રમઝાનનો આ એ'તેકાફ સુન્નતે કિફાયા છે. જો બધા છોડી દેશે તો બધાય ગુનેહગાર થશે. જો એક માણસ પણ કરી લેશે તો બધાને માથેથી જવાબદારી ઉતરી જશે. આ એ'તેકાફમાં પણ રોઝો ફર્ઝ છે (જરૂરી છે) પરંતુ તે જ રમઝાનના રોઝા કાફી છે. *(દુર્રે મુખ્તાર, હિંદિયા, હિદાયા વગેરે)*

**એ'તેકાફ મુસ્તહબ** : વાજિબ અને સુન્નતે મોઅક્કદા સિવાયના જે એ'તેકાફો કરવામાં આવે તે બધાય મુસ્તહબ છે. આ એ'તેકાફ માટે રોઝો શર્ત નથી. એ થોડીકવાર માટેનો પણ થઈ શકે છે. જ્યારે પણ મસ્જિદમાં જાવ આ એ'તેકાફની નિય્યત કરી લો. ભલે થોડીવાર મસ્જિદમાં થોભી ચાલ્યા આવો. મસ્જિદ બહાર નીકળતાં એ એ'તેકાફ પૂરો થઈ જશે. નિય્યત કરવા માટે ફક્ત એટલું જ બોલવું કાફી છે કે, ''મૈં અલ્લાહ તઆલાના વાસ્તે મુસ્તહબ એ'તેકાફની નિય્યત કરી.'' *(આલમગીરી, બહાર વગેરે)*

**મસ્અલો** : પુરૂષે એ'તેકાફ કરવા માટે મસ્જિદમાં થોભવું જરૂરી છે અને સ્ત્રી તે જગ્યાએ એ'તેકાફ કરે કે જે જગ્યા એણે પોતાના ઘરમાં હમેશાં નમાઝ પઢવા માટે નક્કી કરી રાખેલી હોય. *(હિદાયા, રદ્દુલ મુહતાર, બહાર)*

**મસ્અલો** : એ'તેકાફમાં હોય તેણે મજબૂરી વિના મસ્જિદ બહાર નીકળવું હરામ છે જો નીકળ્યો તો એ'તેકાફ તૂટી જશે. પછી તે ભૂલથી પણ કેમ ન નીકળ્યો હોય ! એ જ રીતે સ્ત્રી જો પોતાની એ'તેકાફની જગ્યાએથી નીકળશે તો તેણીનો એ'તેકાફ તૂટી જશે, પછી તે ઘરમાં જ કેમ ન રહી હોય ! *(આલમગીરી, રદ્દુલ મુહ્તાર)*

મસ્જિદમાંથી નીકળવાની બે મજબૂરીઓ આ છે, દા.ત. પેશાબ, જાજરૂ કે ફર્ઝ ગુસ્લ માટે, ઈસ્તિન્જા, વુઝૂ માટે. (જ્યારે કે મસ્જિદમાં સગવડ ન હોય). શરીઅતના (શરઈ) ઉઝર, મજબૂરીઓ આ છે, દા.ત. ઈદ કે જુમ્આ માટે મસ્જિદે જવું, એ'તેકાફવાળી મસ્જિદમાં જમાઅત ન થતી હોય તો જમાઅત માટે પણ જઈ શકે છે. આ બતાવેલ સિવાયની મજબૂરીઓ, જરૂરતો વિના બીજા કોઈપણ મજબૂરી કે જરૂરતને કારણે થોડીવાર પણ મસ્જિદ છોડી તો એ'તેકાફ તૂટી ગયો ભલે ભૂલથી પણ છોડી હોય.

**મસ્અલો** : એ'તેકાફ કરનારે રાત દિવસ મસ્જિદમાં જ રહેવું, ત્યાં જ ખાવું, પીવું, સૂવું. એ કામોને માટે મસ્જિદ બહાર જશે તો એ'તેકાફ તૂટી જશે. *(દુર્રે મુખ્તાર, હિદાયા વગેરે)*

**મસ્અલો** : મુઅ્તકિફ (એ'તેકાફવાળા) સિવાય કોઈને મસ્જિદમાં ખાવા પીવા, સૂવાની છૂટ નથી. અગર એ કામ કરવા ચાહે તો એ'તેકાફની નિય્યત કરીને મસ્જિદમાં જાય અને નમાઝ પઢે, ઝિક્રે ઈલાહી કરે પછી એ કામ કરી શકે છે, પરંતુ ખાવા, પીવામાં એ સંભાળ રાખવી જરૂરી છે કે મસ્જિદ ખરાબ ન થાય. *(રદ્દુલ મુહતાર, બહાર વગેરે)*

**મસ્અલો** : એ'તેકાફવાળાએ પોતાની જરૂરત માટે કે પોતાના બાળ બચ્ચાંની જરૂર માટે મસ્જિદમાં ખરીદ વેચાણ કરવું જાઈઝ છે. પરંતુ તે ચીજ મસ્જિદમાં ન હોવી જોઈએ. અથવા થોડીક હોય કે તે જગ્યા ન રોકે અને જો ખરીદ વેચાણ વેપારની નિય્યતથી છે તો જાઈઝ નથી, ભલે તે ચીજ મસ્જિદમાં હાજર ન હોય. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર, બહાર)*

**મસ્અલો** : એ'તેકાફ કરનાર ન તો બિલકુલ ચૂપ રહે, ન તો વાતો કરે બલ્કે તે કુર્આન શરીફની તિલાવત, હદીષ શરીફની તિલાવત, દુરૂદ શરીફ, કલમા, ઈસ્તિગફાર વગેરેનો ઝિક્ર કરે. દીની ઈલ્મ શીખે, શીખવાડે, અવલિયા, અંબિયા નેક લોકોની જિંદગી પઢે પઢાવે કે દીની વાતો લખે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : જો નફ્લ એ'તેકાફ તોડી નાખ્યો તો તેની કઝા કરવાની જરૂરત નથી. અને સુન્નતે મુઅક્કદા એ'તેકાફ તોડયો તો જે દિવસે તોડયો ફક્ત તે દિવસની કઝા કરવી. પૂરા દિવસની કઝા (વાજિબ) જરૂરી નથી અને મન્નતનો એ'તેકાફ તોડયો તો જો કોઈ નક્કી મહિનાની મન્નત હતી તો બાકી દિવસોની કઝા કરવી, નહીં તો જો અલલ ઈત્તેસાલ વાજિબ થયો હતો તો ફરીથી નવેસરથી શરૂઆતથી જ એ'તેકાફ કરવો, અને જો અલલ ઈત્તેસાલ વાજિબ ન થયો હતો તો બાકીના દિવસોનો એ'તેકાફ કરવો.

**મસ્અલો** : એ'તેકાફ ગમે તે કારણે તૂટે જાણી બુઝી કે ભૂલથી તો પણ કઝા વાજિબ (જરૂરી) છે. *(રદ્દુલ મુહતાર વગેરે)*

**નોંધ** : અલલ ઈત્તેસાલનો મતલબ કોઈ નક્કી મહિનામાં એ'તેકાફની નિય્યત ન હોય બલ્કે ગમે તે મહિના કે દિવસોની નિય્યત હોય.

પેજ નં. ૧૯નું ચાલુ...

જે ખુદા અને તેના રસૂલનો નથી તે આપનો (મુરીદ) ક્યાંથી થઈ ગયો ?!

સાચી વાત એ છે કે તે આપનો મુરીદ ન થયો પરંતુ તેની માલદારી જોઈને આપ તેના મુરીદ થઈ ગયા છો ! સૈયદી આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે, "કોઈ ફક઼ીર પછી તે મુશ્રિક (શિર્ક કરનાર) હોય અથવા મુવહ્હિદ (ખુદાને એક માનનાર) હોય, હરગિઝ તે સિલસિલામાં દાખલ થઈ શક્તો નથી અને ઈસ્લામ લાવ્યા વગર તેની બયઅત પણ મોઅતબર (ભરોસાપાત્ર) નથી અને ન તો ઈસ્લામ લાવ્યા પહેલાં તેની બયઅત ભરોસાપાત્ર છે, જો કે પછીથી મુસલમાન થઈ જાય, કારણ કે બયઅત હોય અથવા કોઈપણ અમલ હોય, બધાને માટે પહેલી શર્ત ઈસ્લામ છે. *(ફતાવાએ રઝવિય્યહ્, ભાગ : ૯, પેજ : ૧૫૭)*

કાફિરોને મુરીદ બનાવનારા અમુક પીરો કહે છે કે, "અમે તેઓને એટલા માટે મુરીદ બનાવીએ છીએ કે જેથી તેઓ અમારી મહોબ્બતમાં મુસલમાન બની જાય." સારું છે, જો આપની આ નિય્યત હોય તો તેઓની સાથે સારા અખ્લાક઼ અને સદ્કાર્યોથી વર્તાવ કરો, પરંતુ જ્યાં સુધી મુસલમાન ન થાય ત્યાં સુધી તેને મુરીદ કહો નહીં. જરા એ તો બતાવો કે અત્યાર સુધીમાં આપે મુરીદ બનાવેલા કાફિરોમાંથી કેટલાકને મુસલમાન બનાવ્યા છે ?! આજે તો એ જમાનો છે કે બિનમુસ્લિમો સાથે ગાઢદોસ્તી અને સંબંધો રાખવાવાળા મુસલમાનો જ કાફિર અથવા તેઓની જેવા થઈ રહ્યા છે ! અને દાખલાઓ એ બુઝુર્ગોના આપે છે જેઓએ એક એક સફર (પ્રવાસ)માં ૯૦,૦૦૦ બિનમુસ્લિમોને કલ્મો પઢાવ્યો. યાદ રાખો કે તમારામાં અને એ બુઝુર્ગોમાં ઘણો જ તફાવત છે, તેઓ કાફિરોને મુસલમાન કરતા હતા અને તમે સંબંધ રાખીને પોતે તેમના (કાફિરો) જેવા થઈ રહ્યા છો !

# ગલતફહમીઓ તથા તેની સુધારણા

✪ અઝ ✪
હઝરત મૌલાના તત્હીર અહમદ બરેલ્વી
✪ અનુવાદક ✪
મુહમ્મદ બશીર યૂસુફ ગોડીલ-પોરબંદર
(B.Sc. M.Ed.)

## શું પીરને માટે સૈયદ હોવું જરૂરી છે ?

આજકાલ આ પ્રોપેગન્ડો (અપપ્રચાર) પણ કરવામાં આવે છે કે મુરીદ કરવાનો હક્ક ફક્ત સૈયદોને છે. આવો ખોટો પ્રચાર કરવામાં ઘણુ કરીને એવો લોકો હોય છે જેઓ સૈયદ ન હોવા છતાં પોતાની જાતને આલે રસૂલ અને સૈયદ કહેવડાવે છે. સાદાતે કિરામ અને તેમની ઈજ્જત ઈમાનવાળાઓની નિશાની છે. તે ઘણો જ બદ્‌બખ્ત અને બદ્‌નસીબ છે જેને સાદાતે કિરામથી મહોબ્બત નથી, ''પીર કમસે કમ ચાર શરતો મુજબ હોય અને સૈયદ પણ હોય તો સોનામાં સુગંધભર્યા સમાન છે.'' પરંતુ ''પીરને માટે સૈયદ હોવું જરૂરી નથી.'' કુર્આન શરીફમાં છે : ''તમારામાંથી અલ્લાહની નજીક શરાફત અને ઈઝ્ઝતવાળાઓ તક્વા અને પરહેઝગારીવાળાઓ છે.''

હઝરત ગૌષ્ષુષમ્દાની, શૈખ અબ્દુલ કાદિર જીલાની ખૂદ નજીબુત્તરફૈન (મા અને બાપ બંને તરફથી) હસની–હુસૈની સૈયદ છે પરંતુ તેમના પીરો મુર્શિદ ''શૈખ અબૂ સઈદ મખ્ઝૂમી'' અને તેમના પીરો મુર્શિદ ''શૈખ અબુલ હસન હકારી'' અને તેમના પીર ''શૈખ અબુલ ફરહીત્તરતૂસી'' એ જ પ્રમાણે (ક્રમાનુસાર) સિલસિલા બસિલસિલાવાર ''શૈખ અબ્દુલવાહિદ તમીમી'' ''શૈખ અબૂબક્ર શિબ્લી'', ''શૈખ જુનૈદ બગદાદી'', ''શૈખ સિર્રી સકતી'', ''શૈખ મઅરૂફ કર્ખી'', (رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ) (આ બધા)માંથી કોઈપણ સૈયદ અને આલે રસૂલ નથી.

સુલ્તાનુલ્ હિંદ ખ્વાજા મુઈનુદ્દીન رحمۃ اللہ علیہના પીરો મુર્શિદ સૈયદના ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہ પણ સૈયદ ન હતા તેમ છતાં એમ કહેવું કે પીર માટે સૈયદ હોવું જરૂરી છે એ મોટી અજ્ઞાનતા અને મૂર્ખામી છે.

આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે : ''પીરને માટે સૈયદ હોવાની શરત (જરૂરી સમજવી) ઠરાવવી, બધા સિલસિલાઓને બાતિલ (જૂઠા) ઠરાવવું છે. સિલસિલએ આલિયા, કાદરિયામાં સૈયદના ઈમામ અલી રઝા અને હુઝૂર ગૌષે આ'ઝમની વચ્ચે જેટલા હઝરાત (બુઝુર્ગો) છે તેઓ સાદાતે કિરામમાંથી નથી. અને સિલસિલએ આલિયા, ચિશ્તિયામાં તો સૈયદના મૌલા અલી رضی اللہ عنہની પછી તરત જ હઝરત હસન બસરી رحمۃ اللہ علیہ છે જેઓ ન તો સૈયદ છે, ન કુરૈશી અને ન તો અરબી છે. અને સિલસિલએ આલિયા, નક્શબંદિયહ્‌ની તો ખાસ શરૂઆત જ સૈયદના સિદ્દીકે અકબર رضی اللہ عنہથી થાય છે. *(ફતાવાએ રઝવિય્યહ્, ભાગ : ૯, પેજ : ૧૧૪, પ્રકાશ નં. બિલાસપૂર)*

અને હુઝૂર صلی اللہ علیہ وسلمના સહાબાએ કિરામમાંથી જેમની સંખ્યા એક લાખથી પણ વધુ છે તેમાં બે ત્રણ (અમુક)ને છોડીને કોઈ સૈયદ અને આલે રસૂલ નથી પરંતુ તેમના મર્તબા (હોદા)ને કયામત સુધી કોઈ પહોંચી શક્શે નહીં.

## કાફિરોને મુરીદ બનાવવા

કેટલાક જાહિલ, નામના પીરો કાફિરોને મુરીદ બનાવી લે છે જ્યારે કે કાફિરોને જ્યાં સુધી તે કુફ્ર અને તેને સંબંધિત વાતોથી તૌબા કરે અને કલ્મો પઢીને મુસલમાન ન બને ત્યાં સુધી તેને મુરીદ બનાવવો અને તેને માટે મુરીદ શબ્દનો ઉપયોગ કરવો એ જહાલત (મૂર્ખામી) છે. નવાઈની વાત એ છે કે દંડવત, પ્રણામ કરે અને મુરીદ, કહેવાતા પીર સાહબનો કહેવાય !

વધુ પેજ નં. ૧૮.....પર

# વેપારનું મહત્વ અને તેના નિયમો

### ★ તિજારત (વેપાર) અને ઓલમા ★

જો આપણે ઈતિહાસના પાનાઓમાં ઓલમા, મોહદ્દિષીન, મુફસ્સિરીન અને દીનના બુઝુર્ગોની જિંદગીનો અભ્યાસ કરીએ તો એ વાત સ્પષ્ટ થઈ જાય છે કે જેવી રીતે તેઓ એક તરફ મસ્નદે દર્સ પર બેસીને પોતાના વિદ્યાર્થીઓને કુર્આન તથા હદીષનો દર્સ આપતા હતા, તો બીજી તરફ તેઓ રિઝકે હલાલ માટે મહેનત અને મજૂરી તથા વેપાર પણ કરતા હતા. તેમાંથી કેટલાકે તેલ બનાવાનું કામ પણ કર્યું હતું, કોઈ કાપડ બનાવતા અને વેચતા હતા, કોઈ મજૂરી કરતા હતા. કોઈ વાસણો બનાવતા અને તેને વેચતા હતા. કોઈ કલાઈ કરતા હતા, કોઈ લુહાર હતા, કોઈ ખેડૂત હતા, કોઈ સાબુ બનાવતા હતા, કોઈ કઠિયારા હતા, કોઈ સુથાર હતા, બૂ અલી ડાંગર તથા તેલ વેચતા હતા પણ ખતીબે બગદાદ જેવા મહાન મોહદ્દિષના ઉસ્તાદ હતા. અલ્લામા અબૂ હમ્ઝા અને અલ્લામા અબુલ હસન કાપડ બનાવતા હતા પણ ઉલૂમે નુબુવ્વતના વારિષ અને મુબલ્લિગ હતા. આપણા ઈમામે આ'ઝમ અબૂ હનીફા, હઝરત અબ્દુલ્લાહ બિન મુબારક, હઝરત ઈમામ ગ઼ઝાલી, અલ્લામા ઈબ્ને જવઝી, તમામ વલીઓના સરદાર સરકાર ગૌષે આ'ઝમ આ સૌ મહાન હસ્તીઓ પોતાના સમયના મોટા વેપારી હતા. તેમના બિઝનેસ અને કારોબારનું ક્ષેત્ર બીજા દેશો સુધી ફેલાએલું હતું. તેઓ ખુશહાલ હતા, તેઓ સંતુષ્ટ હતા, હક્ક઼ વાત કહેવાથી તેમને કોઈ શક્તિ કે તાક઼ત ન રોકી શકી. અને જ્યારે આજે ભય માથે પડેલ છે, હક્ક઼ બોલીશ તો લોકો નારાજ થઈ જશે !

વિચારો ! આજે આપણે આપણા જ ભૂતપૂર્વ બુઝુર્ગોના પંથથી કેટલા દૂર થઈ ગયા છીએ. ઈલ્મને આપણે રોજીનું માધ્યમ બનાવી લીધું છે. કળા અને ધંધાને આપણે તુચ્છ સમજી લીધો છે, જ્યારે કે હદીષમાં છે કે કોઈ પણ અલ્લાહનો બંદો કોઈ પણ જાઈઝ ધંધાને તુચ્છ સમજે અને ન તો તેને ખેડૂત હોવા અથવા દરજી હોવાનો ટોણો મારે, એટલા માટે કે આ મહેણાના હેઠળ અલ્લાહના તે મહબૂબ બંદાઓ પણ આવી જાય છે જે લોકોએ એ ધંધા કરીને એ ધંધાને ફઝીલતથી નવાજયા છે.

આ તમામ બનાવો અને રિવાયતોથી એ વાત સ્પષ્ટ થઈ ગઈ કે તિજારત અને કારોબાર કરવું અંબિયાએ કિરામ, સહાબાએ કિરામ અને બુઝુર્ગોને દીનની સુન્નત છે. એ દરેક મુક઼દ્દસ હસ્તીઓ વેપાર કરતી હતી. આજે ઓલમાના તબક઼ા (વર્ગ)માં ખૂબ જ ઓછા લોકો છે જે બુઝુર્ગોની આ સુન્નતને અપનાવે છે. આપણા ઓલમા લગભગ એ લઘુતાગ્રંથિના શિકાર છે કે તેઓ વિચારે છે કે ક્યાંક એવું ન થાય કે તિજારત કરું અને તેમાં ખોટ અને નુકસાન થઈ જાય, જેથી તેઓ તિજારતના મેદાનમાં પગ નથી મૂકતા. ફળિયાની રોટલી ખાઈને મસ્જિદ, મદ્રસાના ઓરડામાં સૂઈ જવું વધુ પસંદ કરે છે જેથી આ વર્ગ ખૂબ જ પરેશાન છે. આલિમ બનવું ખૂબ જ ખુશનસીબીની વાત છે પણ એવું કાંઈ જરૂરી નથી કે આલિમ બન્યા પછી મસ્જિદ અને મદ્રસાને ચાદર ચટાઈ બનાવી લેવામાં આવે, તિજારત અને કારોબારમાં પણ ઓલમાએ કિરામના વર્ગે આવવું જોઈએ. એવું, ન સોચવું જોઈએ કે કારોબાર અથવા વેપાર કરીશ તો નુકસાન થઈ જશે. એક વ્યક્તિ દીવાલની ધાર પર ચાલતો ચાલતો એ ભયથી ભયભીત થઈ જાય કે હું પડી જઈશ તો તે જરૂર પડી જશે, જ્યારે દીવાલ

✪ અઝ : મૌલાના ઈલ્યાસખાન નૂરી (રતનપૂર) ✪ અનુવાદક : મૌલાના મુહમ્મદ રઉફ રઝવી (પાલેજ)

પર ચાલવાની સ્થિતિમાં પણ તેના પગો નીચે એટલી જ જમીન હતી જેટલી કે જમીન પર ચાલવાની સ્થિતિમાં હોય છે. પરંતું આત્મવિશ્વાસના અભાવના કારણે તેના પગ ધ્રુજી ઉઠે છે અને તે ખરેખર પડી જાય છે !

કહેવાય છે કે એક અમીર આદમી પોતાના ગામડિયા નોકરને કહે કે આ ટેબલ રોજ સાફ કરવું પણ ધ્યાન રાખજે કે કાચની ફૂલદાની તૂટી ન જાય. તો યકીન માનો કે ફૂલદાની જરૂર તૂટી જશે, કેમ કે આપની ચેતવણીના કારણે જે ભય તેના દિલમાં જાગૃત થયો છે તેના સબબે ફૂલદાની ઉઠાવતી વખતે હાથ ધ્રુજવા લાગશે અને ફૂલદાની પડીને ભાંગી જશે !

એક આદમી સાધારણ બીમારીમાં સપડાયો હતો પરંતું ડોક્ટરે તેને જીવલેણ બીમારીના વહેમમાં નાખી દીધો. તેને વિશ્વાસ થઈ ગયો કે હવે મારું મૃત્યુ નિશ્ચિત છે, હવે હું મરીજઈશ ! બન્યું એવું કે થોડા સમય પછી તે મરી ગયો.

આ સર્વ ઉદાહરણો ખયાલ અને ઈરાદાઓની દઢ તાકતને સ્પષ્ટ કરે છે. જેથી એ જરૂરી છે કે જ્યારે કોઈ કામનો આરંભ કરો તો કમજોર અને બુરા ખયાલોને દિલો દિમાગથી બહાર કાઢીને દઢ સંકલ્પ અને પાકા ઈરાદાઓ તથા સારી ઉમ્મીદો સાથે આરંભ કરવામાં આવે જેની અસર એ થશે કે તમો સંપૂર્ણ પ્રયત્ન, મહેનત અને અધિક ધ્યાન સાથે પોતાના કામને પૂર્ણ કરશો અને અલ્લાહના ફઝ્લો કરમથી એમાં જરૂર કામયાબી મેળવશો કેમ કે જેની પાસે તંદુરસ્તી, પાત્રતા, મહેનત, સંકલ્પ, મજબૂત ઈરાદો, નિશ્ચય અને વધુ હિંમત હોય તો તેની તરક્કી નિશ્ચિત છે.

**વહી સાહિબે ઈમરોઝ જિસને અપની હિમ્મત સે**
**ઝમાને કે સમન્દર સે નિકાલા ગોહરે ફરદા**

રિવાયતમાં છે કે એક શખ્સ સાત દિવસ દાણાપાણી વગર કોઈ પહાડની ગુફામાં બેસીને ઈબાદત કરતો રહ્યો. અલ્લાહ તઆલાએ તે સમયના નબી પાસે સંદેશો મોકલ્યો કે તમો તે શખ્સને જઈને કહો કે તું તારી ઈબાદત અને રિયાઝતથી અમારા હિકમતના કારખાનાને નષ્ટ કરવા માગે છે ! જા, અને ક્યાંક જઈને બે ચાર રૂપિયાની મજૂરી કર ! અમો બંદાઓને બંદાઓના હાથે આપવું પસંદ કરીએ છીએ. આ હિકાયતથી જાણવા મળ્યું કે નિઃશંક ! અલ્લાહ તઆલા રઝ્ઝાક઼ છે પણ ઈન્સાને મહેનત અને મજૂરી કરવી પણ જરૂરી છે કેમ કે અલ્લાહ કોઈના વસીલાથી, કોઈના માધ્યમે જ પોતાના બંદાઓને નવાઝે છે.

### ★ સૌથી મોટો આબિદ ★

હદીષ શરીફમાં છે કે એક વખત હુઝૂર ﷺ પોતાના સહાબાની સાથે બેઠા હતા એ દરમિયાન એક શખ્સ આપની સામેથી પસાર થયો. કોઈએ તેની તરફ ઈશારો કર્યો અને કહ્યું : હે અલ્લાહના રસૂલ ! ﷺ આ શખ્સ ખૂબ જ નેક છે, રાત દિવસ ઈબાદતે ઈલાહીમાં લાગેલો રહે છે, ઈબાદત સિવાય અન્ય કોઈ કામમાં તેની એક ક્ષણ પણ નથી જતી. ફર્માવ્યું, તો પછી તે જીવન કેવી રીતે પસાર કરે છે ? અર્ઝ કરી, તેનો એક ભાઈ છે જે કમાઈ છે અને તે જ તેનો ખર્ચો પૂરો પાડે છે, અને દરેક રીતે તેના ખાવા પીવાનો ખયાલ રાખે છે. આ સાંભળી નબી કરીમ ﷺએ ફર્માવ્યું, તેનો ભાઈ તેનાથી અધિક ઈબાદત ગુજાર છે, તેને સવાબ પણ તેનાથી વધારે મળે છે, તેનો દરજ્જો પણ તેનાથી વધારે છે, કેમ કે મહેનત મજૂરી કરીને જાતે ખાય છે અને પોતાના આ ભાઈને પણ ખવડાવે છે.

આ રિવાયતથી એ જાણવા મળ્યું કે બીજા પર પોતનો બોજ નાખીને ઈબાદત કરવું ફાયદાકારક નથી, મહેનત કરીને ખાવું અને હલાલ રોજી કમાઈ લેવી પણ ઈબાદત છે. આ રિવાયત મફતનું ખાનારા લોકો માટે બોધદાયક છે.

ઈસ્લામે કેટલાક કામોને જાઈઝ અને કેટલાક કામોને નાજાઈઝ ઠરાવ્યાં છે, કેટલીક ચીજોને હલાલ અને કેટલીકને હરામ ઠરાવી છે. તિજારત (વ્યાપાર)

કરવું સુન્નત છે પણ હરામ ચીજોની તિજારત નથી થઈ શકતી. પુષ્કળ ચીજો હલાલ છે તેની તિજારત જાઈઝ છે પરંતું કોઈ એવો તરીકો જે નાજાઈઝ છે તેને ઉપયોગમાં લેવામાં આવે તો એ જાઈઝ અને હલાલ ચીજોની તિજારત પણ હરામ થઈ જાય છે. ફર્માને નબવી છે, હે લોકો ! અલ્લાહથી ડરો અને રોજીની તલાશમાં ખોટા તરીકાનો પ્રયોગ ન કરો, એટલા માટે કે કોઈ શખ્સ ત્યાં સુધી નથી મરી શકતો જયાં સુધી તેના ભાગની રોજી તેને મળી ન જાય. હા! તેને પામવામાં મોડુ થઈ શકે છે, જેથી હલાલ રોજી હાંસલ કરો અને હરામના નિકટ ન જાવ. જે વધુ મેળવવા માટે હેરાફેરીથી કામ લે છે તે એ રોજીને જે તેના ભાગ્યમાં લખેલ છે હાથે કરીને હરામ બનાવી લે છે. આ તેમની કમનસીબીની સીમા છે. ઓફિસ અને કચેરીઓમાં કર્મચારી અને કારખાનામાં જે મજૂર ટાઈમ પાસ કરે છે અને પોતાની જિમ્મેદારીમાં ઢીલ કરે છે એ તે વેપારીની જેમ બેઈમાન છે જે બરાબર તોલતા નથી, મિલાવટ કરે છે. નફાખોરી કરે છે. આજે ગવર્મેન્ટ કચેરીઓ ઓફિસોમાં એક સાધારણ ચલણ છે. કર્મચારીઓ જરૂરતમંદ માણસોને સતાવે છે, ફાઈલના કાગળો છુપાવી દે છે, સીધી રીતે વાત નથી કરતા અથવા લાંચ લે છે ત્યારે જઈને ફાઈલના કાગળો આપે છે. તંત્રી, મંત્રી સર્વ આ બીમારીમાં સંડોવાયેલા છે. વકીલો કેસને જાણી જોઈને જટીલ બનાવીને મોટી રકમ ઉલેચે છે. ડોક્ટરો દવાખાનામાં જાણી જોઈને ઈન્જેક્શન લગાડીને ઓપરેશન અને ચેકઅપના નામે લાંબા લાંબા આંકડામાં ફી માંગે છે. આવા લોકો મૃત્યુ પછી ખુદાને શું જવાબ આપશે ? આ સર્વ ચોખ્ખી બેઈમાની છે અને શૈતાની યુક્તિ છે. આ હરામખોરીનું પરિણામ રુસ્વાઈ, બદનામી અને અલ્લાહના અઝાબ સિવાય કાંઈ નથી.

### ★ દુઃખી લોકોના દુઃખનો સાથી ★

એકવાર ખુદાની બારગાહમાં હાથ ઉઠાવીને નબી કરીમ ﷺએ દુઆ ફર્માવી, મૌલા ! આ લોકો ભૂખ્યા છે તેમના રિઝ્કમાં બરકત આપ, મૌલા ! આ નિર્ધન તથા ગરીબ છે સંતુષ્ઠ અને ખુશહાલ કરી દે, તેમની ગરીબાઈને દૂર કરી દે. લોકોની ખુશહાલી માટે હુઝૂર ﷺ ખૂબ જ દુઆઓ કરતા રહેતા હતા. આપ કોઈને તંગદસ્ત અને પરેશાન જોતા તો આપનો ચેહરો મુબારક ઉતરી જતો અને જયારે ખુશહાલ જોતા તો ખુશીથી આપનો ચેહરો ખીલી ઉઠતો. મજૂર વર્ગના લોકોની સ્થિતિ સુધારવા માટે આપ ખાસ ધ્યાન આપતા હતા જેથી આપે પોતાની રહેણીકરણી એટલી હદે સાધારણ કરી લીધી કે એથી વધારે સાધારણ શક્ય ન હતું. આપના પછી આપના ખલીફાઓએ મજૂરોનો ખોરાક, મજૂરોના ઘરો, મજૂરોના પોશાકને પોતાના માટે જીવન સ્તર બનાવેલ હતો. નબી ﷺનો આદેશ હતો કે જે તમે ખાવ તે જ તમારા હાથ હેઠળના ખાદિમો, નોકરોને પણ ખવડાવો. જે તમે પસંદ કરો તે જ તેમના માટે પણ પસંદ કરો. આપના સહાબાએ આપના હુકમોનું પાલન કર્યુ. જયારે કે ઈબ્ને સુવૈદ رضی اللہ عنہ ફર્માવે છે કે હઝરત અબૂઝર رضی اللہ عنہને એક એવા પહેરવેશમાં જોયા જે એવો જ હતો જે તેમના નોકરે પણ પહેર્યો હતો. તેમને સંબોધીને મેં એનું કારણ પૂછયું તો તેમણે જવાબ આપ્યો કે મેં નબી કરીમ ﷺને ફર્માવતાં સાંભળ્યું છે કે, ''નોકર અને ખાદિમ તમારા ભાઈ છે જેઓને અલ્લાહ તઆલાએ તમારા હેઠળ અને તમારા હાથમાં આપ્યા છે, જેથી તેમને તે ખવડાવો જે તમે ખાઓ છો, તે કપડાં પહેરાવો જે તમો પહેરો છે. અને તેમનાથી તે કામ ન લો જે તેમની શક્તિથી બહાર હોય.''

ઈસ્લામ દરેક મજૂરની જાન, માલ અને ઈજ્જત આબરૂની રક્ષાનો આદેશ આપે છે. ઈસ્લામી હુકૂમતના મહાન શાસક હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ જયારે પોતાના શાસનકાળમાં કોઈ જગ્યાએ જયારે કોઈ હાકિમ અથવા ગવર્નર નિમણૂંક કરતા તો તેને મોકલતી વખતે આપ માર્ગદર્શન આપતા હતા કે હું જાલિમ અને જાબિર બનાવીને નથી મોકલતો

પરંતુ પ્રજાના દુ:ખના ભાગીદાર અને ભલાઈના ઈચ્છુક બનાવીને મોકલી રહ્યો છું. જો તમે પ્રજા પર હાથ ઉઠાવ્યો અને તેમની સાથે જુલ્મ અને જબરદસ્તી કરી તો યાદ રાખજો હું તમને ખૂબ જ કડક સજા કરીશ. અને ઈતિહાસ પણ સાક્ષી છે કે પ્રજાની ફરિયાદ પર આપે ગવર્નરોને સજા આપી અને તેમને પદભ્રષ્ટ પણ કર્યા.

હું પૂરી જિમ્મેદારી સાથે એલાન કરું છું કે ઈસ્લામે મજૂરો સાથે મઝલૂમો સાથે અને તમામ ઈન્સાનો સાથે જે સદ્‌વર્તન કર્યું છે, દુનિયાના દરેક ધર્મો અને દુનિયાના જીવન બંધારણો એનો નમૂનો રજૂ કરવાથી લાચાર છે. ઈસ્લામ કહે છે કે મજૂર વર્ગને મહેનતાણુ એટલું મળવું જોઈએ જેનાથી તેની પ્રાથમિક જરૂરતો પૂરી થઈ જાય. રોટલી, કપડાં અને મકાન, ઈલાજ અને તા'લીમ આ સર્વ ઈન્સાનની પ્રાથમિક જરૂરતો છે. ફર્માવ્યું, "હું ત્રણ આદમીઓનો દુશ્મન છું તેઓ પૈકી એક તે જાલિમ છે જે મજૂરોથી કામ લે અને મહેનતાણુ ન આપે. હે લોકો ! મજૂરોનો પરસેવો સૂકાતા પહેલાં તેનું મહેનતાણુ આપી દો અને મહેનતાણુ નક્કી કર્યા વગર કોઈને કામ પર ન લગાડો." અને એ પણ હુકમ છે કે મજૂરી ઓછી ન આપો. એટલે મહેનતાણુ ન વાયદાથી ઓછું આપો અને ન તો બજારના ભાવથી ઓછી. મજૂરી ઓછી આપવી, મજૂરની મજબૂરીથી ફાયદો ઉઠાવવો એ એનું શોષણ છે જે ઈસ્લામના નજીક મહાન પાપ છે. અલ્લાહનું ફર્માન છે : وَ لَا تَظْلِمُوْنَ وَلَا تُظْلَمُوْنَ "ન તમે કોઈના પર જુલ્મ કરો અને ન તો કોઈ તમારી ઉપર જુલ્મ કરવા પામે." ઈસ્લામે મજૂરી આપનારને અને મજૂરને પારસ્પરિક ભાઈ બનાવી દીધા છે. અને તેઓને હુકમ છે કે પારસ્પરિક ભલાઈનો ખયાલ રાખે."

### ★ ઈસ્લામમાં ભીખ માંગવાની સખત મનાઈ ★

આજે પુષ્કળ લોકો મહેનત મજૂરીથી જાન છોડાવે છે અને ભીખ માગવાને પ્રાથમિક્તા આપે છે. અને જો કોઈ તેમને સમજાવે છે તો ભડકી જાય છે અને કહે છે કે અમો દુર્વેશ લોકો છીએ, અલ્લાહવાળા છીએ ફકીર છીએ, ભીખ માંગવું અમારું કામ છે.

આ ભીખારી ભીખ માગીને પોતાની જાતને અલ્લાહવાળો સમજે છે જ્યારે કે જે અલ્લાહવાળો હોય છે તે ભીખ નથી માગતો, તે લોકોના ટુકડા પર નથી પલતો, તે કોઈની સામે હાથ નથી ફેલાવતો બલ્કે સમગ્ર દુનિયાવાળા તેની સામે હાથ ફેલાવે છે. બતાવો કોઈ અલ્લાહવાળાએ ભીખ માગી હોય તો ? આજે જો ઈસ્લામી હુકૂમત હોત ! અને આ હુકૂમતના સત્તાધીશ ઉમર ફારૂક઼ હોતા તો ભીખારીઓની ખયર ન હોતી ઈસ્લામી અદાલત હોતી તો આજે દરેક ભીખારી અદાલતના કથેડામાં ઉભા નજર આવતા. દુનિયાએ દરેક ગુનાહની રોક થામ માટે ક઼ાનૂનોનું બંધારણ કર્યું પણ આજ સુધી ભીખારીઓ માટે ક઼ાનૂન ઘડનાર સમિતિ કોઈ ક઼ાનૂન ન ઘડી શકી જે તેમને ભીખ માંગવાથી રોકી શકે. ભીખ માગવાની ઈસ્લામે જેટલા પ્રમાણમાં નિંદા કરી છે ભાગ્યે જ કોઈ ધર્મે કરી હોય, પણ આજે સૌથી વધારે ભીખારી મુસલમાન જ આપને દૃષ્ટિગોચર થશે ! હદીષોમાં ૧૫૦ રિવાયતો ભીખ માંગવાની નિંદામાં આવેલી છે. હુઝૂર નબીએ કરીમ ﷺ ભીખ માગનારાઓને સખત નાપસંદ ફર્માવતા હતા. એ વાત જુદી છે કે કોઈ સાઈલ આપના દરથી વંચિત નથી ગયો, આ આપની શાને કરીમી છે પરંતુ આપે ભીખ માગવાની હમેશાં ટીકા કરી. હા ! જે વ્યક્તિ મોહતાજ હોય અથવા મજબૂર હોય અથવા કોઈ દુર્ઘટનાનો શિકાર થઈ ગઈ હોય અથવા બે ટાઈમની રોટલી કમાવાની ક્ષમતા ન ધરાવતો હોય, તેના શરીરનાં અંગો લકવાના કારણે બેકાર થઈ ગયાં હોય તો આવા શખ્સનું માગવું અને તેને આપવું જાઈઝ છે, પણ જે તંદુરસ્ત હોય તેણે ભીખ માગવું જાઈઝ નથી. ઈસ્લામે ખુલ્લા શબ્દોમાં જાહેરાત કરી છે કે મહેનત અને મજૂરીથી જીવ છોડાવનારા અને માગીને ખાનારાને કાંઈ પણ ન આપો, તેમને બતાવો કે આ વાત યોગ્ય નથી ! તેમને કામે લગાડો, ભીખના ટુકડા પર પલવા ન દો.

# હઝરત ઈમામ તિર્મિઝી رحمة الله عليه

**નામ તથા નસબ** : નામ : મુહમ્મદ, કુન્નિયત : અબૂ ઈસા, વાલિદનું નામ : ઈસા. અને નસબનો સિલસિલો આ મુજબ છે : અબૂ ઈસા મુહમ્મદ બિન ઈસા બિન મૂસા બિન અલ્ દહ્હાક બિન અલ્ સકન સલ્મી તિર્મિઝી.

**વિલાદત તથા તા'લીમ** : બલ્ખના શહેર તિર્મિઝમાં હિ.સ. ૨૦૯માં પૈદા થયા. આ શહેર જૈહૂન દરિયાની પાસે આવેલુ હતું. બનૂ સુલૈમ કબીલાથી સંબંધ રાખતા હતા એટલા માટે નસબમાં સલ્મી કહેવાય છે.

ઈલ્મ હાંસલ કરવા માટે આપે ખુરાસાન, ઈરાક અને હિજાઝના મોટા ભાગના શહેરોનો સફર કર્યો અને પોતાના સમયના જલીલુલ કદ્ર મુહદ્દિષો તથા ફુક્હાથી ઈલ્મ હાંસલ કર્યુ. આ તે જમાનો હતો જ્યારે કે ઈલ્મે હદીષની ધૂમ મચેલી હતી.

**આપના ઉસ્તાદો** : આપના ઉસ્તાદોમાં નીચે જણાવ્યા પ્રમાણે હઝરાતની ગણના થાય છે :–

હઝરત ઈમામ બુખારી, હઝરત ઈમામ મુસ્લિમ, હઝરત કુતૈબા બિન સઈદ, અબૂ મુસ્અબ, હઝરત ઈબ્રાહીમ બિન અબ્દુલ્લાહ હરવી, હઝરત ઈસ્માઈલ બિન મૂસા અસદી, હઝરત મુહમ્મદ બિન બશાર, ઝિયાદ બિન ઐયૂબ, સઈદ બિન અબ્દુર્રહમાન, ફઝલ બિન સહલ વગેરે.

**આપના શાગિર્દો** : આપના શાગિર્દોનું લિસ્ટ ખૂબ જ મોટુ છે, થોડાક નામો આ પ્રમાણે છે :–

હૈષમ બિન કલીબ શાશી, દાઊદ બિન નઝર બિન સહલ બઝદૂવી, અબ્દ બિન મુહમ્મદ બિન મહમૂદ નસ્ફી, મુહમ્મદ બિન નુમૈર....વગેરે. તેમજ આપના જલીલુલ કદ્ર ઉસ્તાદો હઝરત ઈમામ બુખારી અને હઝરત ઈમામ મુસ્લિમે પણ આપનાથી હદીષનું સમઅ કર્યુ (સાંભળેલ) છે. આપે એવી બે હદીષોની તરફ પોતાની જામેઅમાં ઈર્શાદ ફર્માવ્યો, એક સૂરત અલ હશ્રની તફસીરના અબવાબમાં અને બીજી મનાકિબે ફઝીલતે હઝરત અલીના અબવાબમાં. તે બંને હદીષો હઝરત ઈમામ બુખારીએ આપથી સાંભળી છે.

વધારેમાં હઝરત ઈમામ મુસ્લિમે રિવાયતે હિલાલ (પહેલા દિવસે ચાંદનું દેખાવું)ના બારામાં આપની રિવાયતથી બયાન કરી છે.

**ઈલ્મ તથા ફઝ્લ** : અલ્લાહ તઆલાએ આપને ખૂબ જ મજબૂત યાદ શક્તિથી નવાજ્યા હતા. આપે એક પ્રસંગ આ પ્રમાણે વર્ણવ્યો છે :–

મેં એક ઉસ્તાદથી તેમની રિવાયતોના બે ટુકડા નકલ કર્યા હતા. એકવાર મક્કાના સફરમાં તે મારી સાથે હતા. મને હજી સુધી બીજીવાર તે ટુકડાઓની છાનબીનનો મોકો મળ્યો ન હતો. મેં શૈખથી દરખાસ્ત કરી કે આપ તે હદીષોની કિર્અત કરો હું સાંભળીને સરખામણી કરતો જાઉં ! શૈખે મંઝૂર કરી લીધું અને ફર્માવ્યું, ટુકડાઓ કાઢી લો, હું પઢુ છું અને તમે સરખામણી કરતા જાવ. આપે તે (હદીષોના લખેલા) ટુકડા તલાશ કર્યા પણ સાથે ન હતા. ખૂબ જ ફિક્રમંદ થયો પણ મેં સાંભળવાના હેતુથી સાદો કાગળ હાથમાં લઈ લીધો અને ફર્ઝી તોર ઉપર સાંભળવામાં મશ્ગૂલ થઈ ગયો. અચાનક તે કાગળો ઉપર શૈખની નજર પડી ગઈ તો નારાજ થઈને બોલ્યા, તમને શરમ નથી આવતી, મારાથી મઝાક કરો છો ! પછી મેં બધી હકીકત સંભળાવી દીધી અને અર્ઝ કરી, આપની સાંભળેલી તમામ હદીષો મને

❋ ❋ રજૂકર્તા : **સીરાજભાઈ લોખંડવાળા-ભાવનગર** *(મુબલ્લિગે સુન્ની દાવતે ઈસ્લામી)* ❋ ❋

યાદ છે. શૈખે કહ્યું, સાંભળો ! મેં તે બધી હદીષોનો શબ્દે શબ્દ સંભળાવી દીધો, શૈખે બીજીવાર પરીક્ષા લેવા માટે ૪૦ હદીષો વધારે પઢી, મેં તે બધી પણ તે જ ક્રમવારથી સંભળાવી દીધી. તેની ઉપર શૈખે ખૂબ જ શાબાશી આપતાં ફર્માવ્યું, ''મેં તમારી જેવો આજ સુધી કોઈને ન જોયો !''

**ખૌફે ખુદા** : હઝરત ઈમામ તિર્મિઝી ઝોહદ અને ખૌફે ખુદામાં ખૂબ જ મશ્હૂર હતા. અલ્લાહના ડરથી એટલુ રડતા હતા કે છેલ્લે આપની આંખની રોશની પણ જતી રહી.

૧૩, રજબ હિ.સ. ૨૭૯માં તિર્મિઝમાં સોમવારની રાત્રે આપનો વિસાલ થયો અને ત્યાં જ દફન થયા. (اِنَّا لِلّٰهِ وَاِنَّا اِلَيْهِ رَاجِعُوْنَ) ૭૦ વર્ષની ઉંમર પામ્યા. વફાતની તારીખ અને ઉમરની મુદ્દત આ શેઅરથી જાહેર છે :–

અત્ તિર્મિઝી મુહમ્મદ ઝૌઝૈન અતરૂફાત ઉમરહ (૨૭૯) ફી ઐન (૭૦)

**કિતાબો** : આપની લખેલી કિતાબો નીચે પ્રમાણે છે.

જામેઅ તિર્મિઝી, કિતાબુલ ઈલલ, કિતાબુત્ તારીખ, કિતાબુત્ ઝુહદ, અલ અસ્મા વલકના, કિતાબુશ્શમાઈલુલ્ નબવિય્યા.

**જામેઅ તિર્મિઝી** : જામેઅ તિર્મિઝી આપની લખેલી કિતાબોમાં ખાસ ખ્યાતિ જામેઅ તિર્મિઝીને હાંસલ છે. અને તે પોતાની લાયકાતના ક્રમ અને ફાયદો પહોંચાડવા તથા સંપૂર્ણપણા (સમૃદ્ધતા)ના આધારે સહીહૈનના પછી તેની ગણના કરવામાં આવે છે.

તેના નામમાં ઈખ્તિલાફ છે, અમુક હઝરાત તેને સુનન તિર્મિઝીના નામથી ગણાવે છે. પણ મશ્હૂર જામેઅ તિર્મિઝી છે કે તેને સંપૂર્ણપણાના કારણે ઈસ્તિલાહમાં જામેઅ કહેવું એકદમ દુરૂસ્ત છે.

**આપની ખૂબીઓ** : જામેઅ તિર્મિઝીમાં આપે નીચે જણાવેલ તરીક઼ો અપનાવ્યો છે :–

**૦૧.** હદીષ વર્ણન કરીને મઝહબના ઈમામોના ક઼ૌલો અને તેમના ઈખ્તિલાફ (મતભેદો) બયાન કર્યા છે.

**૦૨.** એ કાળજી રાખી છે કે તે હદીષ બયાન કરવામાં આવે જે કોઈ ઈમામનો મઝહબ હોય.

**૦૩.** જ્યારે હદીષ થોડાક સહાબાએ કિરામથી મરવી હોય તો મશ્હૂર રાવીથી રિવાયત કરે છે અને બાકીને ''વફીલ બાબુ અન્ ફલાં ઈલા આખરિહદી.''થી બયાન કરે છે.

**૦૪.** રાવીની રિવાયત પછી ''વફીલ્ બાબુ ઈલા આખિરહી''માં પણ તેનું નામ લે તો તેનાથી તે જ અર્થની બીજી રિવાયત મુરાદ હોય છે.

**૦૫.** હદીષમાં ઈઝતિરાબ (અસ્થિરતા) હોય તો મતન અથવા સનદના ઈઝતિરાબને બયાન કરી દે છે.

**૦૬.** હદીષ મુન્ક઼તઅના ઈન્કે઼તાઅ અને અમુક ઔક઼ાત વજહે ઈન્કે઼તાઅની સ્પષ્ટતા કરે છે.

**૦૭.** હદીષ ગૈર મહફૂઝ અને શાઝની ચોખવટ કરે છે. અને ક્યારેક વજહ શઝૂઝ પણ બયાન કરે છે.

**૦૮.** હદીષ મુન્કરની સ્પષ્ટતા અને અમુક જગ્યાઓ ઉપર વજહ પણ બયાન કરે છે.

**૦૯.** હદીષ સહીહ જો બીજી સનદથી મુદરજ હોય તો તેનો ખુલાસો પણ કરે છે.

**૧૦.** હદીષ મરફૂઅ જો દર હક઼ીક઼ત મૌકૂફ હોય તો તેની સ્પષ્ટતા પણ કરે છે.

આના સિવાય બીજી તરીક઼ાઓ પણ અપનાવ્યા છે.

જામેઅ તિર્મિઝીની હદીષોની સંખ્યા (૩૯૫૬) બતાવવામાં આવે છે. અને તવાબેઅ તથા શવાહિદને અલગ કરીને મકસૂદ હદીષોની સંખ્યા (૧૩૮૫) રહી જાય છે. *(જામિઉલ અહાદીષ : મુક઼દ્દમા)*

# એહલે હદીષ
## ઈતિહાસના અરીસામાં

-:: રજૂકર્તા ::-

**મૌલાના અલ્તાફહુસૈન મિસ્બાહી–કુરચણ**
*(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

કોઈપણ વ્યક્તિત્વ અથવા તેહરીકની કિરદારકુશી ઐતિહાસિક ઈમાનદારીના વિરુદ્ધ છે, દરેક વ્યક્તિ અલ્લાહનો બંદો, હઝરત આદમ عليه السلامની ઔલાદ અને હુઝૂર ﷺની ઉમ્મતમાં છે આ ત્રણેય સંબંધોનો ખ્યાલ રાખવો જોઈએ એટલા માટે અમારો એ પ્રયત્ન રહે છે કે જે જમાનાની અલ્લાહે કસમ યાદ ફર્માવી છે એનો ઈતિહાસ ઈમાનદારી તથા ન્યાયપૂર્વક રજૂ કરવામાં આવે, જેથી વાંચનાર ઈતિહાસની સાચી પૃષ્ઠભૂમિની રોશનીમાં બરાબર ફેંસલો કરી શકે અને ખરા ખોટાને અલગ કરી શકે છે. અહીંયાં આપણે અહલે હદીષ (ગૈર મુકલ્લિદ) ફિર્કા વિશે ઈતિહાસના પ્રકાશમાં કાંઈક જાણીશું.

કુરૂને ઉલામાં ''અહલે હદીષ'' અથવા ''સાહિબુલ હદીષ''એ તાબઈન અથવા તબએ તાબઈનને કહેતા હતા જેમને હદીષો મોઢે યાદ હોતી અને હદીષોથી મસાઈલ કાઢવાની લાયકાત ધરાવતા હતા. **સંપૂર્ણ ઈસ્લામી ઈતિહાસમાં ''અહલે હદીષ''ના નામથી કોઈ ફિર્કાનું અસ્તિત્વ નથી મળતું,** જો મસ્લકને લઈને અહલે હદીષ લકબને પસંદ કરવાની શક્યતા હોતી તો હુઝૂર ﷺ عَلَيْكُمْ بِسُنَّتِىْ ''તમારા પર મારી સુન્નત વાજિબ છે.'' ન ફર્માવતા બલ્કે عَلَيْكُمْ بِحَدِيْثِىْ ''તમારા પર મારી હદીષ વાજિબ છે.'' ફર્માવતા. હુઝૂર ﷺની હદીષ પાકથી **અહલે સુન્નત** લકબ પસંદ કરવાનુ સમર્થન તો મળે છે પણ અહલે હદીષ લકબનું સમર્થન નથી મળતુ, જેમ કે ઉપર રજૂ કરવામાં આવ્યું કે પહેલાં હદીષના જાણકારો તથા નિષ્ણાતોને ''અહલે હદીષ'' કહેતા હતા, પણ હવે દરેક વ્યક્તિને ''અહલે હદીષ'' કહેવા લાગ્યા. દરેક ભાષાના નિષ્ણાતને અહલે કલમ કહેવામાં આવે છે પણ કેટલી અચંબાની વાત છે જ્યારે કે હવે દરેક જાહિલ અનપઢ તથા અભણ પોતાને અહલે કલમ કહે છે ?!

અખંડ ભારતમાં અહલે હદીષ શબ્દનો એક રાજકરણીય ઈતિહાસ છે. અખંડ ભારતમાં આ ફિર્કાને પહેલાં વહાબી કહેતા હતા જે અસલમાં ગૈરમુકલ્લિદ છે. આ ફિર્કાએ ઈ.સ. ૧૮૫૭ના બળ વા પહેલાં અંગ્રેજોનો સાથ આપ્યો અને અખંડ ભારતમાં બ્રિટિશ સામ્રાજ્યને કાયમ કરવામાં અંગ્રેજોની મદદ કરી. અંગ્રેજોએ સત્તા પ્રાપ્ત કર્યા પછી અહલે સુન્નત પર તો અત્યાચાર કર્યો પણ આ વહાબી ફિર્કાને અમન શાંતિની જમાનત આપી. સર સૈયદ અહમદખાં (વફાત હિ.સ. ૧૩૧૫/ઈ.સ. ૧૮૯૮)ના ભાષણથી જેનું સમર્થન થાય છે. સર સૈયદ અહમદ કહે છે, **''અંગ્રેજ ગર્વમેન્ટ ભારતમાં આ ફિર્કા માટે જેને વહાબી કહેવામાં આવે છે એક રહમત છે. જે મુસ્લિમ દેશો છે એમાં પણ વહાબીઓને આવી ધાર્મિક આઝાદી મળવી મુશ્કેલ છે બલ્કે અશક્ય છે. બાદશાહના રાજ્યશાસનમાં વહાબીઓનું રહેવું મુશ્કેલ છે અને મક્કા શરીફમાં તો જો કોઈ ભૂલથી પોતાને પણ વહાબી કહી દે તો એ જ સમયે એને જેલમાં મોકલી દેવામાં આવે છે.** સારાંશ કે વહાબી ધર્મ જે આઝાદી સાથે અંગ્રેજ ગર્વમેન્ટ હેઠળ રહે છે એવી આઝાદી એને બીજી જગાએ નથી. ભારત વહાબીઓ માટે દારુલ અમન છે.'' *(મકાલાતે સર સૈયદ, ભાગ : ૯, પેજ : ૨૧૧, ૨૧૨, લાહોર, ઈ.સ. ૧૯૭૨)*

આ એ વ્યક્તિનું બયાન છે જે ભારત તથા વિશ્વના રાજકરણ પર વિવેચનાત્મક નજર રાખતા

હતા. ભારતમાં આ વહાબીઓને અમન મળતુ હતું પણ ઉષ્માની સલ્તનતમાં નહીં (ઉષ્માની સલ્તનત મુસલમાનોની મહાન સલ્તનત હતી જે એશિયા, યૂરોપ અને આફ્રિકા સુધી ફેલાયેલી હતી.) ઉષ્માની સલ્તનતમાં અમન ન મળવું એ વાસ્તવિક્તાનો રોશન પુરાવો છે કે આ વહાબીઓનો સંબંધ અંગ્રેજો સાથે હતો. આલે સઊદના ઈતિહાસ પર જેમની બારિકીથી નજર છે એ સારી રીતે જાણે છે કે આ જ વહાબીઓએ ઈસ્લામી હુકૂમતને પરાજિત કરવામાં અને આલે સઊદના શાસનને સ્થાપવામાં અગત્યનો ફાળો ભજવ્યો હતો, આ કોઈ આરોપ નથી બલ્કે ઐતિહાસિક હકીકત છે જે આપણા નવયુવાનોને ખબર નથી, પોતે અહલે હદીષ આલિમ મોલ્વી મુહમ્મદ હસન બટાલવીના આ લખાણથી સર સૈયદ અહમદખાંના બયાનને સમર્થન મળે છે. મોલ્વી મુહમ્મદ હસન બટાલવી કહે છે કે, ''આ એહલે હદીષ ગિરોહ પ્રત્યે બ્રિટિશ ગર્વમેન્ટનું શુભચિંતક તથા વફાદાર હોવા પર એક સ્પષ્ટ દલીલ એ છે કે એહલે હદીષ (વહાબી) પોતાને બ્રિટિશ ગવર્નમેન્ટ હેઠળ રહેવાને ઈસ્લામી દેશોના હેઠળ રહેવા કરતાં શ્રેષ્ઠ સમજે છે. *(ઈશાઅતુસ્સુન્નહ, લાહોર, અંક : ૯, ભાગ : ૮, પેજ : ૨૬૨)*

શું વાત છે કે ઈસ્લામના દાવેદાર એક ફિર્કાને પોતે મુસલમાનોના દેશમાં એ શાંતિ નથી મળતી જે ઈસ્લામના દુશ્મનોના દેશોમાં મળી રહી છે. (જેમ કે ઈસ્લામના બાગીઓ તસ્લીમા નસ્રીનને તથા સલ્માન રૂશ્દીને હાલ ગૈર મુસ્લિમ હુકૂમતો જ રક્ષણ આપી રહી છે !) દરેક બુદ્ધિશાળી એની હકીકત સુધી પહોંચી શકે છે એના માટે વિવરણ કરવાની જરૂરત નથી. રાણી વિક્ટોરિયાના જશ્ને જ્યુબીલી પર મોલ્વી મુહમ્મદ હુસૈન બટાલવીએ જે પ્રશંસાપત્ર રજૂ કર્યો હતો એમાં પણ આનો સ્વીકાર સાક્ષી છે. મોલ્વી મુહમ્મદ હુસૈન બટાલવી કહે છે કે, ''આ ગિરોહ (એહલે હદીષ)ને અંગ્રેજ સત્તા તથા શાસનમાં સ્થાપ્નાથી વધુ ખુશી છે અને એમનાં હૃદયોથી મુબારકબાદીની અવાજો વધારે જોરથી નીકળે છે. *(ઈશાઅતુસ્સુન્નહ, લાહોર, અંક : ૨, ભાગ : ૯, પેજ : ૨૦૫)*

આ જ મૌલ્વી મુહમ્મદહુસૈન બટાલવી બીજી જગાએ લખે છે કે, ''જે એહલે હદીષ કહેવાય છે એ હમેશાંથી અંગ્રેજ સરકારના નમક હલાલ અને શુભચિંતક રહ્યા છે અને આ વાત વારંવાર સાબિત થઈ ચૂકી છે અને સરકારી કાગળોમાં કબૂલ કરવામાં આવી છે.'' *(હવાલો ઉપર મુજબ, અંક : ૨, ભાગ : ૧૧, પેજ : ૨, ઈ.સ. ૧૮૫૭)*

યહૂદીઓ તથા નસરાનીઓને મુસલમાનોના જેહાદી જઝબાથી હમેશાં ભય લાગતો રહે છે. માટે ઈ.સ. ૧૮૫૭ના બળવા બાદ તરત જ અંગ્રેજોના ફાયદા માટે આ જઝબાને ઠંડો પાડવાની જરૂરત હતી, જેથી મૌલ્વી મુહમ્મદહુસૈન બટાલવીએ જેહાદના વિરુદ્ધ હિ.સ. ૧૨૯૨/ઈ.સ. ૧૮૭૬માં એક કિતાબ ''અલ્ ઈક્તિસાદ ફી મસાઈલિ–લ–જિહાદ'' લખી જેના પર મસ્ઊદ આલમ નદવીના કહેવા મુજબ બ્રિટીશ હુકૂમત તરફથી લેખક (મૌલ્વી મુહમ્મદહુસૈન બટાલવી)ને ઈનામ આપવામાં આવ્યું.

પ્રિય સુન્ની વાંચકો ! તમે વારંવાર ''અહલે હદીષ'' શબ્દ વાંચો જેમ કે ઉપર રજૂ થઈ ચૂક્યું છે કે આ ફિર્કાને પહેલાં ''વહાબી'' કહેતા હતા હવે અંગ્રેજોની મદદ અને અકીદામાં સલફે સાલિહીનથી મતભેદના કારણે અખંડ ભારતના લોકો જંગે આઝાદી ઈ.સ. ૧૮૫૭ પછી એમનાથી નફરત કરવા લાગ્યા, એટલા માટે વહાબી નામ બદલાવી ''એહલે હદીષ'' નામ રાખવાની દરખાસ્ત આપવામાં આવી. મૌલ્વી મુહમ્મદહુસૈન બટાલવીએ બ્રિટિશ ગર્વમેન્ટને ''વહાબી''ની જગ્યાએ ''અહલે હદીષ'' નામ મંઝૂર કરવાની જે દરખાસ્ત કરી હતી એમાંથી નાનો પેરેગ્રાફ અહીંયાં રજૂ કરું છું :–

"આ (એહલે હદીષ) ફિર્કાના લોકો પોતાના હક્કમાં "વહાબી" શબ્દના ઉપયોગ પર સખ્ત વાંધો કરે છે અને નમ્રતાભરી દરખાસ્ત ગર્વમેન્ટને કરે છે કે એ સરકારી રીતે આ વહાબી શબ્દને મુલ્તવી રાખે અને આ શબ્દના ઉપયોગ પર પ્રતિબંધ લગાડે અને એમને "એહલે હદીષ"ના નામથી સંબોધિત કરવામાં આવે." *(ઈશાઅતુસ્સુન્નહ, અંક : ૨, ભાગ : ૧૧, પેજ : ૬૯, ઈ.સ. ૧૮૮૬)*

આ દરખાસ્ત મૌલ્વી મુહમ્મદહુસૈન બટાલવીએ પંજાબની ગવર્નર "સર ચાલ્સએ ચીસન"ને આપી અને એમણે સમર્થક લખાણ સાથે ગર્વમેન્ટ ઓફ ઈન્ડિયાને મોકલાવી અને ત્યાંથી મંઝૂર થઈ ગઈ. સર સૈયદ અહમદખાંએ પણ આનો ઉલ્લેખ કર્યો છે. એ લખે છે કે, "જનાબ મૌલ્વી મુહમ્મદહુસૈન બ્રિટિશ ગવર્નમેન્ટને દરખાસ્ત કરી હતી કે આ ફિર્કો જે વાસ્તવિક્તામાં એહલે હદીષ છે, ગવર્નમેન્ટ એને વહાબી નામથી સંબોધિત ન કરે. મૌલ્વી મુહમ્મદહુસૈનની કોશિશથી ગવર્નમેન્ટના લખાણોમાં આ ફિર્કાને "વહાબી" નામથી તાબીર ન કરવામાં આવે બલ્કે એ આ ફિર્કાને "અહલે હદીષ"ના નામથી સંબોધિત કરવામાં આવે. *(મકાલાતે સર સૈયદ, ભાગ : ૯, પેજ : ૨૧૦, ૨૧૨)*

પ્રિય વાંચકો ! હવ તમોને ઈતિહાસના પ્રકાશમાં એહલે હદીષ (જે વાસ્તવિક્તામાં ગૈરમુકલ્લિદ છે)ની હકીકત જણાઈ ગઈ. આ ફિર્કો એહલે સુન્નતનો સખ્ત વિરોધી છે અને ઈજતિહાદનો દાવો કરે છે. પેલેસ્ટાઈનના મશહૂર આલિમ અને જામેઅ અઝહર મિસ્રના ઉસ્તાદ અલ્લામા યૂસુફ નબહાની કહે છે કે, "આ (એહલે હદીષ) ઈજતિહાદનો દાવેદાર છે અને જમીનમાં ફસાદ મચાવે છે, એહલે સુન્નતના મઝહબો (હનફી, શાફઈ, માલિકી અને હંબલી)માંથી કોઈપણ મઝહબનો અનુયાયી નથી, શયતાન એમાંથી નવી નવી જમાઅતો તૈયાર કરતો રહે છે જે મુસલમાનો સાથે ટકરાતી રહે છે." *(શવાહિદુલ હક્ક–લાહોર, પેજ : ૪૯, ઈ.સ. ૧૯૮૮)*

આ સર્વ વાતોનો સારાંશ એ છે કે એહલે હદીષ ફિર્કાની વાતો સાંભળતાં પહેલાં એના ભૂતકાળ તથા વર્તમાનકાળની ક્રિયાને જરૂર નજરો સમક્ષ રાખવામાં આવે. કેમ કે પોતે એહલે હદીષ આલિમ નવાબ વહીદુઝ્ઝમાંખાંએ આ ફિર્કાની કાર્યપદ્ધતિ પર ટીકા કરી છે જે એહલે હદીષ ફિર્કા માટે ચેલેંજ છે. નવાબ વહીદુઝ્ઝમાં લખે છે કે, "અમારા એહલે હદીષ ભાઈઓએ ઈબ્ને તયમિયહ, શૌકાની, શાહ વલીયુલ્લાહ અને ઈસ્માઈલ શહીદને દીનના ઠેકેદાર બનાવી રાખ્યા છે. જ્યાં કોઈ મુસલમાને આ (ચારેય) બુઝુર્ગોના વિરુદ્ધ કાંઈ કહ્યું તો બસ એની પાછળ પડી ગયા. ભાઈઓ ! થોડુક વિચારો અને ન્યાય કરો ! જ્યારે તમે હઝરત અબૂ હનીફા, ઈમામ શાફઈની તકલીદ છોડી તો ઈબ્ને તયમિયહ અને શૌકાની જે એમનાથી ઘણા પછીના છે તો એમની તકલીદ શાથી જરૂરી છે ?!

આ પેરેગ્રાફથી બે વાતો જાણવા મળી, એક એ કે ગૈરમુકલ્લિદને પણ તકલીદ વિના કોઈ ચારો નથી, અને બીજી વાત એ કે જ્યારે મકસદ જ ફસાદ અને લડાઈ ઝઘડાનો હોય તો કોઈ યોગ્ય વાત પણ કબૂલ નથી કરવામાં આવતી, જ્યારે કે કબૂલ કરવાથી ફસાદ ખત્મ થઈ જાય છે. આ સર્વ વાસ્તવિક્તાઓને વાંચી આપણે પોતાનાથી જરૂર પૂછીશું કે એ હક્ક પર હતા જેમણે યહૂદીઓ અને નસારાનીઓ તથા અંગ્રેજોનો સાથ આપ્યો અથવા એ હક્ક પર હતા જેમણે યહૂદી તથા અંગ્રેજોનો સાથ ન આપ્યો અને પોતાના અખ્લાકથી એમને ઈસ્લામ સ્વીકારવા પર મજબૂર કર્યા ?!

અફસોસ ! સદ્અફસોસ ! ઈસ્લામ દુશ્મનોએ આપણા હાથે આપણા ઈતિહાસને એટલો ભેળસેળ કરી દીધો છે કે એ ધૂળ હટાવવા પણ વરસો લાગી જાય છે અને ત્યાર બાદ જે રહસ્યો સામે આવે છે તો દિમાગ હેરાન થઈ જાય છે.

તકલીદથી ફરાર (ભાગવા)નું વલણ ગુલામીના

જમાનાની યાદગાર છે, જ્યારે ઈસ્લામના દુશ્મનોએ મુસ્લિમ દેશોમાં કદમ રાખ્યો તો અખંડ ભારતમાં પણ અંગ્રેજોની શુભચિંતક એક જમાઅત પેદા થઈ જેને "વહાબી" કહેવામાં આવતી હતી. આ જમાઅતના ગુરૂઓએ અંગ્રેજ શાસકોને દરખાસ્ત કરી કે એમને વહાબીની જગાએ "અહલે હદીષ" કહેવામાં આવે. દરખાસ્ત મંઝૂર થઈ, કેમ કે **આ વહાબી જમાઅતના ગુરૂઓએ અંગ્રેજોની મદદ કરી એના બદલામાં અંગ્રેજ શાસકોએ આ જમાઅતનું નામ "એહલે હદીષ" રાખી દીધું ! આ નામ ન કુર્આનમાં છે, ન હદીષમાં છે ન સહાબા, તાબઈન અને તબએ તાબઈનના જમાનામાં હતું. માટે "એહલે હદીષ" શબ્દ બિદઅતે સૈયઅહ્ છે.** કેમ કે એનાથી મુસ્લિમ કૌમની એકતા ટુકડીઓમાં વહેંચાઈ ગઈ. અફસોસ ! આપણે નફ્સની ઈચ્છાને પોતાનો ઈમામ બનાવ્યો અને એ માર્ગે દોડી પડયા જે માર્ગે નફ્સે આપણુ માર્ગદર્શન કર્યું. કુર્આન શરીફમાં વારંવાર નફ્સની ખ્વાહિશ પર ચાલવાથી આપણને રોકવામાં આવ્યા. કુર્આને મક્દસમાં અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે, "ખ્વાહિશની પાછળ ન જાવ કે જેથી હક્કથી દૂર થઈ જાવ !" *(સૂરએ નિસાઅ્, આયત : ૩૫)*

અને સૂરએ માઈદહ્ આયત નંબર ૭૭માં અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે, "(હે મહબૂબ !) તમે ફર્માવો, હે કિતાબવાળાઓ ! પોતાના દીનમાં નાહક્ક બળજબરી ન કરો અને એવા લોકોની ખ્વાહિશ પર ન ચાલો જે પહેલાં ગુમરાહ થઈ ગયા."

કુર્આન શરીફની અનેક આયતોમાં નફ્સની ખ્વાહિશ પર ચાલવાથી રોકવામાં આવ્યા પણ આ ફિર્કાએ નફ્સની ખ્વાહિશ પર ચાલવાને હદીષ પર ચાલવું સમજ્યું અને "અહલે હદીષ" મશ્હૂર થયા. આ ફિર્કાનો હાલ અદ્ભૂત છે કે જ્યારે સહાબા, તાબઈન, તબએ તાબઈન અને ઈમામોની તક્લીદની વાત આવે છે તો આ ફિર્કો એમની તક્લીદ પર ટીકા ટીપ્પણી કરે છે પણ જ્યારે કાફિરો, અંગ્રેજોની તક્લીદ તથા અનુસરણની વાત આવે છે તો આંખ બંધ કરી તક્લીદ કરવા લાગી જાય છે. બાતિલ ફિર્કાઓથી અલ્લાહ તબારક વ તઆલાની પનાહ ! અલ્લાહ તબારક વ તઆલા બાતિલ ફિર્કાઓથી સુન્ની મુસલમાનોને બચાવે.

## પેટલાદમાં ઉર્સે સૈયદ નૂરાની મનાવાયો !

**પેટલાદ** : તા. ૧૮–૮–૨૦૧૪ રવિવારના રોજ મોહસિને અહલે સુન્નત હઝરત સૈયદ મુહમ્મદ નૂરાનીબાવા رحمۃ اللہ علیہના ઉર્સના મુબારક દિવસે સજ્જાદાનશીન પીર હઝરત સૈયદ મુહમ્મદ યૂસુફબાવા નૂરાની مدظلہ العالیની સરદારીમાં ઝહોર બાદ "જુલૂસે નૂરાની" પેટલાદની મુખ્ય શેરીઓમાં અકીદતમંદો ચાહકો સાથે સલાતો સલામ સાથે ફરીને હઝરત નૂરાનીબાવા رحمۃ اللہ علیہના મઝાર શરીફ પર પહોંચ્યું. ત્યાં ચાદર પોશી, ગુલપોશીની રસ્મ સાહિબે સજ્જાદાના હાથે કરવામાં આવી. ફાતિહા બાદ હઝરતે દુઆ ગુઝારી હતી. ભરૂચ, થામ, જંબુસર, વડોદરા, બોડેલી, કરજણ, સાધલી.... વગેરે સ્થળો ઉપરાંત આસપાસના ચાહકો મુરીદોએ ખાસ હાજરી આપી હતી. જનાબ હાફિઝ આદમ કંબોલ્વી સાહબ ફેમેલી મેમ્બરો સાથે લેસ્ટર યુ.કે.થી ખાસ ઉર્સે નૂરાનીમાં હાજરી આપવા તશરીફ લાવ્યા હતા, તેમજ અન્ય ચાહકો મુરીદો દૂર દૂરથી તશરીફ લાવ્યા હતા. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ صلی اللہ علیہ وسلمના સદકામાં નૂરાનીબાવાની તુર્બત પર રહમતો નૂરની વર્ષા કરે અને આપના સદકામાં આપણી દુનિયા તથા આખેરતને સંવારે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# સત્તા કે વિજય પામતાં મુસ્લિમો તથા ગૈરોનો વર્તાવ ઈતિહાસની રોશનીમાં

(કાર્યાલય)

વર્તમાનકાળમાં યૂરોપ અમેરિકાના સહકારથી જાલિમ ઈઝરાઈલ પેલેસ્ટાઈનવાસીઓ પર જે ક્રૂરતાપૂર્વક આતંકવાદી ખૂની હુમ્લા કરી રહ્યું છે તેણે જુલ્મની હદો પાર કરી દીધી છે, નિર્દોષ બાળકો તથા સ્ત્રીઓની તેમજ સામાન્ય પ્રજાજનોની લાશોના ઢગલા વળી રહ્યા છે ! બાળકોની સ્કૂલો પર ડાયરેક્ટ બોમ્બવર્ષા થાય છે ! અને માનવઅધિકારની બૂમો પાડનારા યૂરોપ તથા અમેરિકીઓ ખામોશ તમાશાઈ જ નહીં, પણ લશ્કરી શસ્ત્ર સરંજામ, બોમ્બર વિમાનોની સહાય કરી રહેલ છે ! દુનિયાભરમાં ક્યાંય માનવહિંસા થાય તો માનવ અધિકારના નામે જે તે દેશના ઝઘડામાં ડહાપણ કરી દખલગીરી કરીને ત્યાંના સત્તાધારીને ઉઠલાવવા લશ્કરી કાર્યવાહી કરનારા આ યૂરોપ અમેરિકા અત્યારે ઉલ્ટી ચાલ ચાલી રહેલ છે એ દર્શાવે છે કે તેઓ મુસલમાન તેમજ ઈસ્લામના ઉઘાડા દુશ્મનો છે. અને કહેવાતા મુસ્લિમ દેશોના સત્તાધારીઓ પણ તેમના ગુલામ હોય તેમ ઈઝરાઈલની ખૂનામરકી સામે ખામોશ જોવા મળે છે ?!

આજે અમેરિકાની નાજાઈઝ ઔલાદ સમા ઈઝરાઈલના હાથમાં નાજાઈઝ રીતે સત્તા તથા પ્રદેશ આવતાં પેલેસ્ટાઈનની નિર્દોષ લાચાર પ્રજા પર તેઓ જુલ્મના પહાડો તોડી રહેલ છે. પણ મુસલમાનો જ્યારે વિજયી તથા સત્તાધારી બન્યા હતા ત્યારે તેમણે શું વર્તાવ કર્યો તેને જુઓ અને સમજો કે માનવઅધિકારના રક્ષક કોણ ? અમેરિકા યૂરોપ કે ઈસ્લામ પર ચાલનારાઓ ?!

**★ મક્કા પર વિજય પામતાં પયગંબરે ઈસ્લામનું એલાન ! ★**

તે મક્કાના કાફિરો જેમણે ઈસ્લામના પયગંબર ﷺ પર જુલ્મોના પહાડ તોડયા, હિજરત કરી મદીના ગયા તો ત્યાં સુધી જંગો કરવા આવતા રહ્યા, પુષ્કળ જુલ્મો કરવા છતાં જ્યારે મક્કા શરીફ પર આપનો વિજય થયો તો શહેરમાં એક પણ કત્લ વિના આપ ﷺએ પ્રવેશ કર્યો અને એલાન કર્યું કે :–

**૦૧.** કેવળ તેની સાથે જ મુકાબલો કરવામાં આવે જે ખૂદ જંગની નિય્યતથી આવે.

**૦૨.** હરમમાં લોહી વહાવવાથી રોકાઈ જવામાં આવે. (જો કે તે દિવસે ખુદાએ પોતાના રસૂલના માટે ત્યાં જેહાદની હિલ્લત (હલાલ હોવું) અતા ફર્માવી દીધી હતી.)

**૦૩.** જે શખ્સ કા'બાની હદોમાં પ્રવેશી જાય તે આપણી પનાહમાં છે.

**૦૪.** જે અબૂ સુફયાનના ઘરમાં પ્રવેશી જાય તે પનાહમાં છે.

**૦૫.** જે પોતાના ઘરનો દરવાજો બંધ કરી લે તે પનાહમાં છે.

**૦૬.** જે ભાગી જાય તેનો પીછો કરવામાં ન આવે.

**૦૭.** જે હથિયાર ફેંકી દે તેનો પીછો કરવામાં ન આવે.

**૦૮.** ઝખ્મી તથા કેદીને કત્લ કરવામાં ન આવે. (કેવળ અમુક મશહૂર મુજરિમ એવા હતા જે આ નિયમોથી અપવાદ હતા) આમ લડાઈની ઘમસાણ દરમ્યાન આ નિયમો પણ ધ્યાનમાં રાખવામાં આવતા હતા.

**૦૯.** વાદા ખિલાફી અને ખયાનત ન કરો.

**૧૦.** લાશોને મુષ્બહ્ (કાપીને કદરૂપી) ન કરવામાં આવે.

**૧૧.** ફળદાર ઝાડોને કાપીને અથવા સળગાવીને તેનો નાશ કરવામાં ન આવે.

**૧૨.** આબાદીના લડનારા ન હોય તેમને ન છેડવામાં આવે.

એ ઉપરાંત આપ ﷺએ જંગમાં પણ કોઈ

બાળક, સ્ત્રી તથા વૃદ્ધને કત્લ કરવાથી મનાનો હુકમ કરેલ છે.

### ★ ગૈર મુસ્લિમોએ વિજયી થતાં શું જુલ્મો કર્યા ? ★

ઈસાઈઓની સત્તાના ઈતિહાસમાં એ વાત ખૂબ જ સામાન્ય હતી કે રોમન કેથોલીક અને પ્રોટેસ્ટનટ ફિર્કા અને અન્ય ગૃપો સદીઓ સુધી એકબીજાની ખૂનરેજી કરતા રહ્યા, એમાં દરેક ફિર્કો એકબીજાને કત્લ ગારતગરીનો એ રીતે નિશાનો બનાવતો જેવી રીતે એક દુશ્મન કૌમને બનાવવામાં આવે છે.

એ જ પ્રમાણે રોમના શાહે જ્યારે યહૂદીઓ પર પકડ જમાવી તો યહૂદીઓનાં સર્વ પ્રાર્થનાલયોને જમીન દોસ્ત કરી દીધાં, ત્યાં સુધી કે આ ખેલ જેરૂસલમમાં ખૂબ જ મોટા પ્રમાણમાં ખેલવામાં આવ્યો.

એ જ પ્રમાણે (પારસી) ઈરાનીઓએ પરવેઝના જમાનામાં એશિયાના પ્રદેશ પર કબજો કરીને ત્યાંના દેવળોને નષ્ટ કરી દીધાં હતાં. એ જ પ્રમાણે બરાબર દસ વરસ પછી ઈસાઈઓએ જ્યારે ફરી પકડ જમાવી તો પારસી પ્રાર્થનાલયોનાં નામો નિશાન સુધ્ધાં મિટાવી દીધાં અને માનવ વસ્તીઓને ઘેટાં, બકરાં કે ખેતીની ફસલોની જેમ કાપીને રાખી દીધી હતી.

મધ્ય યુગમાં જ્યારે સલીબી જંગોનો લાંબો ક્રમ મુસલમાનો પર લાદી દેવામાં આવ્યો તો મુસલમાન પોતાની ઈસ્લામી જેહાદની તાલીમાતની મર્યાદાઓમાં પોતાના વાયદાની પાબંદી કરતા રહ્યા અને સબીલીઓ (ઈસાઈઓ)નો એ હાલ હતો કે ગદ્દારી થકી ખૂનરેજી તથા તબાહી ફેલાવતા રહ્યા. મુસલમાન માનવ જીવ રક્ષા તથા હિફાઝતનો ફરીઝો અંજામ દેતા રહ્યા અને સલીબી (ઈસાઈઓ) ખૂનરેજી કરીને મઝલૂમોના ગુથણ ગુથણ જેટલા લોહીમાં વિજયના જશ્નનો નાચ કરતા રહ્યા.

### ★ કરારભંગનું દ્રષ્ટાંત ★

સલીબી બહાદુર પોતાના બીજા હુમલામાં જ્યારે મઅરેતુન્નોઅ્માન પહોંચ્યા અને મઅરાના મુસલમાન રહેવાસીઓએ મજબૂરીની હાલતમાં હથિયાર હેઠાં મૂકી દેવાનો ઈરાદો કર્યો તો સલીબી ફોજના સરદારો સાથે શાંતિ કરાર કર્યો કે અમે લોકો એ શરતે હથિયાર નાખી દઈએ છીએ કે મઅરાવાળાઓના જાન, માલ, ઈજ્જત, આબરૂ પર કોઈ આંચ નહીં આવે. સલીબી સરદારોએ તેને મંઝૂર કર્યું અને જ્યારે મસીહી (ઈસાઈ) ફોજો આબાદીમાં પ્રવેશી તો શું થયું ? ખૂદ તે ફૌજમાં સામેલ અંગ્રેજોનું બયાન છે કે મઅરાવાળાઓની એકધારી કત્લેઆમ શરૂ થઈ, મકાનો સળગાવવામાં આવ્યાં, પુરૂષોમાં જે લોકો તંદુરસ્ત તથા યુવાન હતા તેમને માર્યા તો ખરા પણ બાળકો, વૃધ્ધો, સ્ત્રીઓ સૌના ઉપર એક તરફથી જુલ્મો સિતમની આગ વરસાવવામાં આવી. આ પ્રમાણે એક લાખ માણસોને કત્લ કરી દેવામાં આવ્યા.

એ આબાદીને કબ્રસ્તાનમાં ફેરવ્યા બાદ ઈસાઈ સૂરમાઓએ બયતુલ મુકદ્દસ પર હુમલો કર્યો. ત્યાંના લોકોને પોતાની ફૌજી શકિતની ખબર હતી જેથી તેમણે સમાધાનની રજૂઆત કરી. ઈસાઈ સિપેહસાલારે ત્યાંના રહેવાસીઓના જાનમાલની રક્ષાનો કરાર કર્યો. એ કરાર કર્યા બાદ સલીબી ફોજના સરદારને શહેરમાં પ્રવેશવાની રજા મળી ગઈ. સુલેહના કરારની નિશાની રૂપે મસ્જિદે અકસા પર એક સફેદ ઝંડો લહેરાવવામાં આવ્યો.

પરંતુ અફસોસ ! અંબિયા તથા રસૂલોની આ મુકદ્દસ સરઝમીન ત્યાર બાદ દરિંદાઓના હાથે કેવી રીતે માનવ લોહીથી રંગીન કરવામાં આવી ! બયતુલ્ મુકદ્દસ શહેર તથા મસ્જિદે કુદ્સના હરમને મુસલમાનોની કત્લગાહ બનાવવામાં આવી. સિત્તેર હજાર માણસો જેમાં સાલેહ લોકો, ઉલમા, ઝાહિદો અને અહલે કમાલ હતા, મસ્જિદે અક્સાની અંદર તે સૌને શહીદ કરી દેવામાં આવ્યા. શહેરની સડકો, ગલી, કૂચાઓ લાશોથી ઉભરાઈ ગઈ. માનવ અંગોને માર્ગોમાં ચિથડાંઓની જેમ વિખેરી દેવામાં આવ્યાં. ત્યાર બાદ ઈસાઈ સિપાહી પવિત્ર મસ્જિદમાં કલાકો

સુધી લોહીમાં ચાલીને જશ્ને ફતહમાં નાચતા રહ્યા.

ઈસાઈ બહાદુરોએ શહેરને પવિત્ર કરવાના માટે ત્યાંના રહેવાસીઓની કત્લેઆમ કરવી પણ જરૂરી સમજી અને મજબૂર તથા એકલા શહેરવાસીઓના ખૂન સાથે તેમની કામયાબી તથા કામરાનીનું છેલ્લુ પ્રકરણ લખવામાં આવ્યું.

## ★ તસ્વીરની બીજી બાજુ : વિજયી થતાં મુસ્લિમોએ શું કર્યું ? ★

અને એ જ બયતુલ્ મુક઼દ્દસને જ્યારે ઈસ્લામી સિપેહ સાલાર સલાહુદ્દીન ઐયૂબી رضی اللہ عنہ એ તે મહાન જુલ્મના કેવળ ૯૦ (નેવુ) વરસો બાદ ફતહ કર્યું તો એ છતાં કે મઝલૂમ મુસલમાનોનો ઈતિહાસ જૂનો ન થયો હતો, ક઼ત્લ થનાર તથા ઝબહ થનારના લોહીની લાલાશ બૈતુલ્ મુક઼દ્દસની દરોદીવાર પર મૌજૂદ હતી, મસ્જિદે અક઼્સાના સહેનમાં તડપતી ઉલમા તથા ફુઝલાની લાશોના મન્ઝર તરોતાઝાં હતાં, (છતાં) સુલ્તાને ઈસ્લામી અખ્લાક઼ અને માનવીય માન મર્તબા અને જેહાદના નિયમોના બરાબર હેઠળ રહીને તે શહેરવાસીઓ પર કોઈ અયોગ્ય કદમ ન ઉઠાવ્યું.

પશ્ચિમથી આવીને લગભગ એક લાખ નસરાની ત્યાં વસી ગયા હતા તેમને દરેક પ્રકારની આઝાદી આપી અને એલાન કર્યું કે જે કયાંક બીજે તબદીલ થવા ચાહે તેને સંપૂર્ણ આઝાદી છે. મિસ્કીન તથા ગરીબ લોકો પાસેથી કાંઈ લીધા વિના ત્યાંથી ચાલ્યા જવાની સરળતાઓ પૂરી પાડી અને હિફાઝતની સાથે તેમની મંઝિલ સુધી પહોંચાડવાની વ્યવસ્થા કરી. વ્યવસ્થાના કાર્ય માટે કેવળ તેઓમાંના માલદારો પાસેથી ખૂબ જ મામૂલી રકમ વસૂલ કરી. તબદીલીની તૈયારીઓના માટે ૪૦ દિવસનો સમય મળ્યો જેમાં સંપૂર્ણ તૈયારી પછી ૮૪ હજાર માણસો અકા વગેરે અન્ય સ્થળોએ ચાલ્યા ગયા. ફિદિયાની રકમ ખૂબ જ મામૂલી હતી તેમ છતાં જે લોકો અદા ન કરી શકયા તેમના તરફથી સુલ્તાનના ભાઈએ તે પ્રકારના બે હજાર માણસોનો ફિદિયો પોતાના હાથોથી અદા કર્યો. ઈસાઈ પિટર ઓફ માર્કે જવાનો ઈરાદો કર્યો તો પોતાની અઢળક દૌલત, ઝર જવેરાત અને સામાનની સાથે સુલ્તાને બોડી ગાર્ડોના ક઼ાફલા સાથે તેની મંઝિલ સુધી તેને પહોંચાડયો. તે સમયે તમામ ઈસાઈ દુનિયા મુસલમાનોના લોહીની તરસી હતી અને હિલાલ તથા સલીબની લડાઈ પૂરા જોશમાં હતી. સુલ્તાન સલાહુદ્દીન ઐયૂબી رضی اللہ عنہ એ પોતાના ક઼રારની પૂરી પાંબદી કરતાં ઈસાઈઓને અકા, સૂર અને સૈદાની ઈસાઈ વસ્તી સુધી જ્યાં તેઓ જવા ઈચ્છતા હતા પોતાની રક્ષક ફૌજની નિગરાનીમાં સલામતીપૂર્વક રવાના કરી દીધા.

એ જ ખલાસીના જમાનામાં કેટલીક ઈસાઈ સ્ત્રીઓ સુલ્તાનની પાસે દરખાસ્ત લાવી કે અમારા ઘરના પુરૂષો જંગમાં માર્યા ગયા છે અને કેટલાક યોધ્ધા કેદી છે તો અમારી દેખરેખ રાખનાર કોઈ નથી જેની સાથે અમે સફર કરી શકીએ. તેમની દુ:ખભરી દાસ્તાન સાંભળીને સુલ્તાનની આંખો અશ્રુમય થઈ થઈ. તેમના પતિઓ, ભાઈઓ તથા પુત્રો જેઓ કેદમાં હતા તેમને મુકત કરી દેવામાં આવ્યા અને ખૂબ માલ આપીને તેમને વિદાય કર્યા.

એ પ્રસંગે જે નસરાનીઓ વતન ત્યજીને ત્યાંથી ઈન્તાકિયા ગયા તેમની સાથે તેમના સમ ધર્મવાળાઓએ એવો વર્તાવ કર્યો કે શહેરમાં પ્રવેશવા પણ ન દીધા ! કેટલાક તરાબુલ્સની તરફ કૂચ કરનારાઓને લેટીન તરાબુલ્સવાળાઓએ મારી ભગાડયા અને તેમનો માલ સામાન જે તેઓ મુસલમાનો પાસેથી લઈને ગયા હતા તે પણ છીનવી લીધો.

એ જ પ્રમાણે સુલ્તાન મુહમ્મદ ફાતેહે જ્યારે કુસ્તુન્તુનિયા (કોન્ટેન્ટિનોપલ) ફતહ કર્યુ તો ત્યાંના લોકો સાથે ઈસ્લામી અખ્લાક઼નો દરિયા દિલીવાળો સુલૂક કર્યો જેને ઈસ્લામી ઈતિહાસવેત્તાઓની સાથોસાથ ગેર મુસ્લિમ ઈતિહાસકારોએ પણ વખાણ્યો છે. સુલ્તાન જ્યારે અયાસુફિયાના દેવળમાં આવ્યો તો તેણે ગભરાઈ ગયેલા પાદરીઓ તથા ત્યાં પનાહ લેનારાઓને જોયા અને તે સૌને પનાહ આપી અને વિશ્વાસ અપાવ્યો કે તેમના દરેક દુ:ખ દર્દનો

ઈલાજ કરવામાં આવશે, જેથી ગભરાયેલાઓએ ઈત્મિનાનનો શ્વાસ લીધો અને પોતપોતાના ઘરે પાછા ફર્યા. કોઈ મુસલમાન સિપાહીએ અમ્ન પછી તેમનામાંથી કોઈનો વાળ પણ વાંકો ન વાળ્યો. ઈસાઈઓને પોતાના મઝહબના રસ્મો રિવાજની સંપૂર્ણ આઝાદી આપી. તે લોકો પોતાનો પિટર ઓફ પાર્ક ખૂદ પસંદ કરતા હતા. તેમ જ નતીનીઓના સમયમાં જેવી રીતે તે ચૂંટણીના પ્રસંગે હુકરામન શરીક થતા હતા એ રીતે સુલ્તાને પણ ખૂદ ખૂબ શાનો શૌકતની સાથે તે પ્રસંગમાં ભાગ લીધો અને તેને શાહી ઈનામોથી નવાઝયો. અને સત્તા આપી કે તમામ મઝહબી બાબતોના ફેંસલા તે કરે અને પોતાના તે હક્કો તથા અધિકારોનો ઉપયોગ કરે જે પહેલાંના પિટર ઓફ પાર્ક કરતા હતા. બાદશાહે એ પ્રસંગે પિટરને એક સુસજ્જ ઘોડો આપ્યો અને પોતાના ખાસ બોડી ગાર્ડનો એક કાફલો તેની સેવામાં નિયુકત કર્યો. એ વાત યાદ રાખશો કે સુલ્તાન મુહમ્મદ ફાતેહ એક ફાતેહની હૈસિયતથી કુસ્તુન્તુનિયામાં પ્રવેશ્યો હતો, તેની સાથે કોઈનો કરાર થયો ન હતો કે જેને પાળવું લાઝમી બને. પરંતુ વાસ્તવમાં **ઈસ્લામી બંધારણમાં માનવીનો માન મર્તબો જે મહત્વ ધરાવે છે તેના એ લોકો કદરદાન હતા એટલા માટે દરેક સંજોગોમાં ઉદારવૃત્તિ, ફૈયાઝી, અખ્લાક તથા સખાવતની ચાદર ફેલાયેલી રાખતા હતા.**

સુલ્તાનના આ વર્તનના કારણે કુસ્તુન્તુનિયાના ગૈર મુસ્લિમ પોતાને બાઝ નતીનીના દૌર કરતાં અધિક સુરક્ષિત સમજતા હતા અને ઈસ્લામી રાજ્ય સત્તાને અમ્નો સલામતીનુ સ્થાન સમજતા હતા.

અને એ જ કુસ્તુન્તુનિયા (ઈસ્તંબુલ) જ્યારે ઈસાઈઓના કબજામાં આવ્યું તો તે લોકોએ ખૂદ પોતાના ધર્મ ઓર્થોડોકસ ફિર્કાના ઈસાઈઓની સાથે કેવો વર્તાવ કર્યો તે વિશે અનસેન્ટ સોઈમ પાપાએ રોમનુ બયાન સાંભળો જેને અમે મશહૂર અરબ મુફક્કિર ડોકટર મુસ્તફા સબાઈની કિતાબ "મિન્ રવાએઅ્ હઝારત્ના"થી નકલ કરીએ છીએ :–

''મસીહના માનવાવાળાઓ અને તેમના ધર્મના હામીઓની ફરજ તો એ હતી કે તેઓ પોતાની તલવારોનુ રૂખ મસીહિયતના મહા દુશ્મન (ઈસ્લામ)ની પ્રતિ ફેરવતે. પરંતુ અફસોસ ! કે તેમણે ખૂદ મસીહીઓનુ લોહી વહેડાવ્યું જેને વહાવવું તેમના માટે ધાર્મિક રીતે હરામ હતું, પરંતુ તેમણે તેની પરવા ન કરી અને લોહીના દરિયા વહાવ્યા અને ન ધર્મનો કોઈ એહતેરામ કર્યો ન સ્ત્રી પુરૂષનો કોઈ ફરક બાકી રાખ્યો અને ન વૃધ્ધોનો કોઈ લેહાઝ રાખ્યો. ધોળા દહાડે વ્યભિચારો કર્યા, રાહિબ ઔરતો, બાળકોવાળી માતાઓ અને કુંવારી છોકરીઓ તેમની હવસખોરીની સામે લાચાર હતી, અને તે લશ્કરના બદકાર દરિન્દાઓએ તેમને ચૂંથી કાઢી. તે લોકોએ બાદશાહ અને અન્ય અમીર ઉમરાવોની દૌલત લૂટવા પર જ સંતોષ ન માન્યો બલ્કે દેવળોની જમીનો અને જાયદાદોને પણ ખૂબ લૂટી, તેમણે દેવળોની પણ બેહુર્મતી કરી, તેની મુકદ્દસ તસ્વીરો, સલીબો અને મોતબર્રક આષારો સુધ્ધાં લૂટી લીધાં.''

મશહૂર ઈતિહાસકાર શારલ ડેલ લખે છે :–

''આ મદહોશ લશ્કર કનીસા અયા સૂફિયામાં દાખલ થયું, પવિત્ર કિતાબોને નષ્ટ કરી, શહીદોની તસ્વીરોને પોતાના પગોથી કચડી. એક બદ કિરદાર ઔરત ત્યાં પિટર ઓફ પાર્કની ખુરશી પર બેઠી અને મોટા અવાજે ગાવા લાગી. શહેરથી ઈલ્મે દીનની નિશાનીઓ નષ્ટ કરી દીધી અને સોના ચાંદીની બનેલી મૂર્તિઓને તોડવામાં આવી જેથી તેના વડે સિક્કા ઢાળવામાં આવે.'' *(મિન રવાએઅ્ હઝારત્ના)*

''જે રાહિબો (પાદરીઓ)એ આ દર્દનાક દ્રશ્યોને પોતની આંખો વડે જોયાં તેઓ બયાન કરે છે કે હકીકતમાં હઝરત મુહમ્મદના અનુયાયીઓએ આ શહેરની સાથે એવો વર્તાવ નથી કર્યો જેવો ખૂદ મસીહનુ નામ લેવાવાળાએ કર્યો.'' *(હવાલો ઉપર મુજબ)*

## ★ ઈસ્લામના વિજયી ખલીફાએ શું વર્તાવ કર્યો હતો ?! ★

આ દ્રષ્ટાંતને હવે વધારે આગળ ન લંબાવતાં હું બૈતુલ મુકદસની પ્રથમવાર ફતહના પ્રસંગે સૈયદના

ફારૂકે આઝમ رضی اللہ عنہ નો તે પવિત્ર ભૂમીવાળાઓને અતા કરેલ ''શાંતિનો પરવાનો'' નકલ કરીને વિષયને સમેટી લઉં છું.

ઉપરોકત તમામ મસીહી (ઈસાઈ) તથા ગૈર ઈસ્લામી તાકાતોની શૈતાનયિતને દ્રષ્ટિ સમક્ષ રાખીને તે ઉપરાંત પણ વિ□ના નકશામાં લશ્કરી તાકાતના ભરોસા પર ઉભરનાર ફિત્નાઓને પારખો તો અમ્નો શાંતિનો એકલો કાનૂન કેવળ અને કેવળ ઈસ્લામમાં જ મળશે જેણે માનવીય જાનો માલ તથા ઈજ્જત આબરૂને પવિત્ર ઠરાવી અને ઈસ્લામના સાચા અનુયાયીઓએ સુવર્ણ યુગમાં તેના પર અમલ કર્યો.

## ★ અહલે કુદ્સ (બય્તુલ મુકદ્દસવાસી)ઓને અમ્નનો પરવાનો ★

હઝરત સૈયદેના ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ના ખિલાફતકાળમાં બૈતુલ મુકદસ પ્રથમ વાર ઈસ્લામી પરચમ હેઠળ આવ્યું ત્યારે આપે ખિલાફતની મોહરની સાથે ''અમાનનામા'' બૈતુલ મુકદસવાળાઓને અતા ફર્માવ્યું હતું. તેની કેટલીક કલમો તિબરીના હવાલાથી અહીં રજૂ કરવામાં આવે છે જેના થકી ઈસ્લામનો ગૈર મુસ્લિમો સાથે છૂટછાટ રાખવા વિશેનો ખયાલ સ્પષ્ટ થઈ જશે. ત્યાં સુધી કે સૈયદના હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ **અશિદ્દાઉ અલલ્ કુફ્ફાર**ના ઉત્તમ મઝહર (પ્રદર્શનકારી) હતા, પણ જ્યારે અદ્લો ઈન્સાફનુ ત્રાજવુ હાથમાં પકડે છે તો ખિલાફતે રાશિદાનો એવો નૂરાની દૌર સામે આવે છે કે કહી શકાય છે કે રસૂલે અકરમ સૈયદના મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم જે કાનૂને ખુદાવંદી લઈને આવ્યા તેના અમલી નમૂનાનો મહાન કિસ્સો સૈયદના ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ના ખિલાફતકાળમાં પરિપૂર્ણ થયો. તેનું એક દ્રષ્ટાંત બૈતુલ મુકદસની ફતહ (જીત) પણ છે. આપના કરારનામામાં છે :–

''અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન અતિ રહમવાળો. આ તે અમાન છે જે અલ્લાહના બંદા ઉમર અમીરુલ મુઅ્મિનીનને ઈલિયા (બૈતુલ મુકદ્દસ)વાળાઓને અતા કરી. આ અમાન તેમની જાન તથા માલ તેમના દેવળો તથા ક્રોસો માટે છે, તેમના બીમારો અને તંદુરસ્તો અને તેમની આખી કૌમના માટે છે. તેમની ઈબાદતગાહો (પ્રાર્થનાલયો)માં રહેઠાણ અપનાવવામાં આવશે ન તો તોડી પાડવામાં આવશે, તેમના દેવળો તથા તેની સાથેનાં મકાનો, તેમના ક્રોસો અને તેમની જાયદાદોમાં કોઈ પ્રકારની કમી કરવામાં આવશે નહીં અને ન તો તેમાં કોઈને નુકસાન પહોંચાડવામાં આવશે. *(તિબરી, ભાગ–૧, પેજ–૨૪૫, વઅદ્દિરાયહ્ફી તખરીજે અહાદીષિલ હિદાયહ્, પ્રેસ–દિલ્હી, પેજ–૩૬૦)*

બૈતુલ મુકદ્દસ આગમનના વખતે સૈયદના ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એ ઈસાઈ પેશવા બતરીકની સાથે ત્યાંના પવિત્ર સ્થળોની મુલાકાત લીધી અને રિવાયત છે કે જ્યારે આપ દેવળના રહેઠાણમાં હતા ત્યારે નમાઝનો સમય થઈ ગયો તો બતરીકે વિનંતી કરી કે દેવળમાં જ નમાઝ પઢી લે પણ અમીરુલ મો'મિનીને તેને સ્વીકાર્યું નહીં અને ફર્માવ્યું, જો આજે હું અહીં નમાઝ પઢી લઉં તો શકય છે કે આવનારા યુગમાં મુસલમાન મારી સજદાગાહના ખયાલમાં દાવો કરે કે એને ઈસ્લામી ઈબાદતગાહ બનાવી દેવામાં આવે. અલ્લાહુ અકબર ! કુર્બાન જાવ સૈયદના ફારૂકે આઝમ رضی اللہ عنہ ની ઈમાની બસીરત (દ્રષ્ટિ) પર ! અને ઈન્સાફની નિપૂણતા પર કે ગૈર મુસ્લિમ ઝિમ્મીઓનો તેમને આટલો ખયાલ તથા લેહાઝ હતો. આપના ખિલાફતકાળ દરમ્યાન મુસલમાનોની જેમ ગૈર મુસ્લિમ અપંગોને જરૂરી ખર્ચાનો વઝીફો મળતો હતો.

બેલાઝરીએ લખ્યું છે કે કેટલાક ઈસાઈ કોઢીઓને માટે આપના બૈતુલ માલમાંથી નિશ્ચિત વઝીફો રાખેલો હતો. તેમને ખોરાક તથા રોકડ રકમ સરકારી ખઝાનામાંથી આપવામાં આવતી હતી. *(બેલાઝરી, પેજ–૧૨૯)*

ઈસ્લામી ઈતિહાસના સોનેરી યુગમાં આ તથા આ પ્રકારના સર્વ કરારો અને માનવતાવાદી અમ્નના પરવાનાઓ (શાંતિ કરારો) હકીકતમાં ઈસ્લામના આમ વિશ્વશાંતિના સૌથી અસરકારક પ્રણેતા અને લીડર હોવાની નિશાની છે. ખુલફાએ રાશિદીનના દૌરની તમામે તમામ ઈસ્લામી ફતહો (વિજયો) અને સાલેહ (નેક) અમીરો તથા સુલ્તાનોની કોશિશો (ચળવળો) હકીકતમાં દુનિયાને શાંતિ (સલામતી) તરફ લઈ જનારી ઈસ્લામી સ્પ્રિટની ચળવળો છે. હવે આવો વિચારીએ કે દુનિયાના આમ (સામાન્ય) જંગી કરારોમાં અને ઈસ્લામી કરારોમાં કેટલો મહાન તફાવત છે કે ઈસ્લામ કેવળ ટેમ્પરરી જંગને જીતવાને દ્રષ્ટિમાં નથી રાખતો બલ્કે માનવ દિલોને આ ખેંચતાણમાં પણ પોતાના રબના સીધા માર્ગે રહેવાને પ્રાધાન્ય આપે છે.

## ★ અમેરિકાના જુલ્મ તથા આતંકના ઈતિહાસની એક ઝલક ! ★

જેના નામથી આજે પણ જાપાન ધ્રુજી ઉઠે છે તેવા પરમાણુ હુમલાની હાલ ૬૯મી વર્ષગાંઠ છે. બીજા વિશ્વયુદ્ધના અંતિમ તબક્કામાં અમેરિકાએ જાપાનના બે શહેરો હિરોશિમા અને નાગાસાકી પર બે પરમાણુ બોમ્બ ફેંક્યા હતા. જેમાં ૬ ઓગસ્ટ ૧૯૪૫ના રોજ સવારે હિરોશિમા પર લિટલ બોય નામનો પરમાણુ બોમ્બ ફેંક્યો, **દોઢ લાખ માનવીઓની ખુવારી થઈ** તેમ છતાં જાપાને નમતું ન જોખ્યું. બે દિવસ બાદ એટલે કે ૯મી ઓગસ્ટ ૧૯૪૫માં સવારે ૧૧ કલાકે ફેટમેન નામનો એક પરમાણુ બોમ્બ નાગાસાકી શહેર પર ફેંક્યો જેમાં **૮૦,૦૦૦ લોકોનાં મૃત્યુ નિપજ્યાં.** નાગાસાકી પર થયેલા હુમલા બાદ તુરત જ જાપાને યુદ્ધવિરામ માટે સરેન્ડર કરી દીધું હતું. ઉલ્લેખનીય છે કે થોડાક જ દિવસ પહેલાં જાપાન પર બોમ્બ ફેંકનાર અમેરિકી વિમાનના ક્રૂ મેમ્બરનું નિધન થયું હતું. જે બીજા વિશ્વયુદ્ધના એક માત્ર જીવંત સાક્ષી હતા. જો કે તે આ દુનિયામાં રહ્યા નથી.હિરોશિમા પર ''લિટલ બોય'' જયારે નાગાસાકી પર ફેટમેન નામનો બોમ્બ ફેંકવામાં આવ્યો હતો. બંને બોમ્બનાં નામ તેના કદના આધારે આપવામાં આવ્યાં હતાં. આ બોમ્બનું વજન ૪૦૫૦ કિલો હતું. બોમ્બનો ફેલાવો ૧૧ ફૂટનો હતો, તેમાં ૨૨ કિલો ટન ટીએનટી ભરવામાં આવ્યો હતો, જેના દ્વારા વિસ્ફોટને અંજામ આપવામાં આવ્યો. વિશ્વમાં પ્રથમ વખત પરમાણુ બોમ્બનો ઉપયોગ થયો હતો. હિરોશિમા અને નાગાસાકી પર થયેલા પરમાણુ હુમલાને વિશ્વમાં પ્રથમ વખત પરમાણુ હથિયાર દ્વારા થયેલ હુમલો માનવામાં આવે છે, કેમ કે આ પહેલાં કોઈપણ હુમલામાં પરમાણુ બોમ્બનો ઉપયોગ કરવામાં આવ્યો ન હોતો. નાગાસાકી પર ફેંકવામાં આવેલા બોમ્બથી જે વિસ્ફોટ થયો હતો તેની જમીનથી ઊંચાઈ ૧,૬૨૫ ફૂટ એટલે કે ૫૦૦ મીટરની હતી. લગભગ પૂરા શહેરને તબાહ કરી દેવામાં આવ્યું હતું, જે પાઈલોટે બોમ્બ ફેંક્યો હતો તેણે જણાવ્યું હતું કે બોમ્બ ફેંક્યા બાદ ૫૦,૦૦૦ ફૂટની ઊંચાઈ સુધી રાખ અને ધુમાડો જ ઉછળ્યો હતો.

અમેરિકાએ સામાન્ય નાગરિકોને જ ટાર્ગેટ બનાવ્યા હતા. અમેરિકાએ જે જગ્યાએ હુમલો કર્યા ત્યાં ન તો કોઈ પ્રકારની સૈન્યકાર્યવાહી થઈ રહી હતી કે ન તો કોઈ હુમલાનું પ્લાનિંગ, આ બંને શહેરો સંપૂર્ણપણે રહેણાંકી વિસ્તાર હતા. આંકડા મુજબ હિરોશિમા પર થયેલા હુમલામાં રહેતા લોકોમાં લગભગ ૬૦ ટકાનાં મૃત્યુ નિપજ્યાં હતાં અને લગભગ ૩૦ ટકા લોકોનાં મૃત્યુ એક મહિના બાદ રિબાઈ રિબાઈને થયાં હતાં. નાગાસાકી પર પરમાણુ બોમ્બ હુમલાની જવાબદારી ગ્રૂપ કેપ્ટન લિયોનાર્ડ કેશાયરને સોંપવામાં આવી હતી, રોયલ એરફોર્સની ૬૧૭ સ્કવાડ્રનના આ પાઈલોટે જાપાન પર બીજો પરમાણુ બોમ્બ ફેંક્યો હતો. *(સંદેશ, ન્યૂઝ, તા. ૯–૭–૨૦૧૪)*

માનવઅધિકારની ડંફાશો મારનાર અમેરિકા આ સિવાય વિયેતનામ, અફઘાનિસ્તાન, ઈરાક...વગેરે દેશો પર લાખો સામાન્ય માનવોનું હત્યારું છે, એ જગ જાહેર હકીકત છે.

## વતમાનકાળમાં 'ઈસ્તેફાદ઼ા' થકી

# ચાંદની સાબિતીનો મસ્અલો

(કાર્યાલય)

**بسم الله الرحمن الرحيم۔ حامداً و مصلّيًا ومسلمًا**

*પ્યારા સુન્ની વાંચકો ! ''વર્તમાન પ્રચાર માધ્યમો અને ચાંદ વિશે મસાઈલ'' આ વિષય સંબંધે* ***ફિક્હી સેમીનાર બોર્ડ–દિલ્હી*** *થકી ૧૩–જમાદિયુલ આખર હિ.સ.૧૪૨૬, અંગ્રેજી તા. ૨૦/૭/૨૦૦૫ના રોજ પ્રથમ બેઠક સવારે નવ વાગ્યાથી બપોરે ૧ વાગ્યા સુધી અને બીજી બેઠક મગરિબ બાદથી રાતના ૧૧ વાગ્યા સુધીમાં અહલે સુન્નત વ જમાઅતના મશહૂર મુફ્તિયાને કિરામનો સેમીનાર યોજાયેલો જેના સદર તરીકે* ***હઝરત અલ્લામા મુહમ્મદ અહમદ મિસ્બાહી સાહબ મુબારકપૂરી*** *તેમજ મુહક્કિકે મસાઈલે જદીદા* ***હઝરત અલ્લામા મુફતી નિઝામુદ્દીન રઝવી બરકાતી સાહબ*** *તેમજ અન્ય જામિઆ અશરફિયા (મુબારકપુર, જિ. આઝમગઢ)ના તથા હિંદના અન્ય ઈદારાઓના અગ્રગણ્ય મુફતીઓની મૌજૂદગીમાં સેમીનાર યોજાયો, જેના* ***આયોજક*** *તરીકે* ***હઝરત મૌલાના ઉસ્માનગની બાપુ (ધ્રોલ)*** *હતા. તેમાં ચાંદના શરઈ સબૂત બાબતના મસ્અલાનો જે ફેંસલો રજૂ થયો હતો તે અત્રે સુન્ની અવામની સમજ માટે રજૂ કરવામાં આવે છે. બીજી નોંધપાત્ર વાત એ છે કે ''જામિઆ અશરફિયા મુબારકપુર'' થકી થતા સેમીનારમાં આ ફેંસલાને પણ (ઈંદોર ખાતે) સમર્થન કરવામાં આવેલ છે. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

રમઝાન તથા ઈદના મોક઼ા પર ચાંદના બારામાં જે વિવાદ, વિખવાદ તથા મતભેદ થાય છે તે વર્ણનનો મોહતાજ નથી. લોકોની બેચેની એ વખતે ખૂબ જ વધી જાય છે, જયારે તેઓ રેડીયો, ટેલીફોન વગેરેથી માલૂમ કરી લે છે કે ફલાણી જગાએ ઈદ મનાવવામાં આવી રહી છે અને આપણે ત્રીસમો રોઝો રાખવાનો છે ! આ બેચેનીના કારણે ખાસ કરીને એહલે સુન્નતના ઉલમા લોકોની ટીકા ટીપ્પણીનું નિશાન બને છે. એટલા માટે કે તેઓ કાયદેસર રીતે શરઈ તરીક઼ાથી ચાંદની સાબિતી વિના ચાંદ થયાનું એલાન નથી કરતા, અને આ બારામાં સખત સાવધાનીના પાબંદ છે. એમાં શંકા નથી કે આપણા ઉલમાએ કિરામ (تقبّل الله مسا عيهمس)એ ભૂતકાળ માં એ જ વર્ણવ્યું, છે કે ચાંદની સાબિતીના બારામાં રેડીયો, તાર, ટેલીફોન વગેરેનો કોઈ એતબાર નથી, પરંતું પ્રચાર માધ્યમોની આશ્ચર્યજનક પ્રગતિએ કાલે અને આજની હાલતોમાં નોધપાત્ર ફરક પેદા કર્યો છે, એટલા માટે ઉલમાએ કિરામને આ સવાલ થયો કે :–

**સવાલ નં. ૧–૨ :** ''ઈસ્તિફાદ઼ા'' કોને કહે છે ? અને શું ખબર પહોંચાડનારા અર્વાચીન માધ્યમો દા.ત. ફોન, ફેકસ વગેરેથી પણ એની સાબિતી થઈ શકે છે કે નહીં ? સાબિતીની સ્થિતિમાં કેટલીક ખાસ શરતો સાથે કે વિના શર્તે સાબિતી થશે ? પ્રથમ સ્થિતિમાં તે ખાસ શરતો કઈ કઈ છે ?

એના જવાબમાં ઉલમાએ કિરામે મક઼ાલાત (લેખો) લખ્યા અને ફિક઼્હી સેમીનાર બોર્ડ–દિલ્હીના સાતમા સેમીનારની પ્રથમ બેઠકમાં એના પર જોરદાર બહષો થઈ. ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ જવાબ પર હાજર મુફતીઓની એકમતિ થઈ :–

**જવાબ નં. ૧ :** ''ઈસ્તિફાદ઼ાએ ખબર'' નો અર્થ છે મશહૂર થવું, પ્રસિધ્ધ થવું, ફેલાવું. ફુક઼હાએ કિરામની ઈસ્તેલાહ (બોલી)માં ઈસ્તેફાદ઼ા ''ખબરે મશહૂર'' ને કહે છે. અલ્લામા રહમતી رحمۃ اللہ علیہએ ઈસ્તેફાદ઼ાના બયાનમાં :–

**ان تاتی من تلك البلدة جماعات متعددون**

**كل منهم يخبر عن اهل تلك البلدة**

લખ્યું છે, એનાથી પુરવાર થાય છે કે ખબર

આપનારાઓની સંખ્યા કમસે કમ નવ (૯) હોવી જોઈએ. અલબત્ત એના માટે અધિકાર લોકોનું આવવું અથવા તેમનુ જમાઅત પર જમાઅત (ટોળી પર ટોળી) હોવું સમજૂતી રૂપે વર્ણન થયેલ છે, કૈદે એહતેરાઝી (નિશ્ચિત શર્ત) અથવા અનિવાર્ય શરતના રૂપે નથી, નહીં તો ઘણી બધી મશહૂર હદીષોના મશ્હૂર તથા મુસ્તફીઝ હોવામાં શંકા લાઝિમ આવશે. એટલા માટે હાજર મુફતીઓની એના પર એકમતિ થઈ કે ''ઈસ્તિફાદા'' સાબિત થવા માટે કેવળ એ જરૂરી છે કે અધિક્તર વ્યકિતઓ ખબર આપનાર હોય, એક સ્થળેથી બીજા સ્થળે આવવું અથવા ટોળીઓબદ્ધ હોવું શર્ત નથી.

(૨) ખબર પહોંચાડનારા વર્તમાન માધ્યમો દા.ત. ટેલીફોન, મોબાઈલ ફોન થકી ''ઈસ્તિફાદા''ની સાબિતી થઈ શકે છે પણ શર્ત એ છે કે એ ઝરીયાઓને શક્ય તે હદ સુધી ખૌફે ખુદાથી પર લોકોના ધોકાથી, ફરેબ તથા જૂઠના અંદેશાથી મેહફૂઝ રાખવામાં આવે, નહીં તો એમના થકી મળનારી ખબરોની હૈસિયત બજારૂ અફવા સમાન થશે ન કે ''ઈસ્તિફાદા ગણાશે.

"ويشير اليه قول الذخيرة ''اذا استفاض وتحقق"

"فان التحقق لا يوجد بمجر داالشيوع"

જૂઠ, પ્રપંચ તથા બનાવટથી હિફાઝતના માટે નીચે મુજબની શરતોની કાળજી અનિવાર્ય થશે.

**(૧)** જે લોકો ટેલીફોન, મોબાઈલ ફોનના થકી ચાંદ થવાની ખબર આપે તેમને કાઝીએ શરીઅત અથવા એમની સમક્ષ તેમનો વિશ્વાસુ ફોન કરીને એ તસ્દીક (સમર્થન) મેળવી લે કે ફોન કે મોબાઈલ થકી એમણે જ ખબર આપી છે.

**(૨)** એ શહેર અથવા ઈલાકાના ષિકહ (યાદશકિત,દયાનતદારીવાળા) ઉલમા અથવા કાઝી અને અન્ય બે ત્રણ નેક લોકો પણ ફોન કરીને પૂરી તસ્દીક (સમર્થન) મેળવી લે.

**(૩)** એ પણ તેહકીક કરી લે કે એણે ખૂદ પોતાની આંખોથી ચાંદ જોયો કે આમ દીદાર (સર્વ સામાન્ય રીતે આમ લોકોને) ચાંદના થયા અને અધિકતર લોકોએ તેને પોતે જોયાનું બતાવ્યું, અથવા એની સમક્ષ ફૈસલો થયો.

**(૪)** (ચાંદ થયાનું) સમર્થન આપતા ફોનની સંખ્યા નવ કે તેથી વધુ હોવી જોઈએ.

**(૫)** કાઝી પોતાની સામે બે ષિકહ સહાયક આલિમો પણ રાખે જેથી તેઓ પણ ફોન સાંભળે અને સમર્થન મેળવીને સંતોષ અનુભવે. બેહતર થશે કે કાઝી એવો ટેલીફોન કે મોબાઈલ વાપરે જેનો અવાજ (સ્પીકર થકી) આસપાસના લોકો પણ સાંભળે.

**(૬)** બંને શહેરો વચ્ચે અંતર એટલુ અધિક હોય કે ત્યાંથી ''કિતાબુલ કાઝી અલલ કાઝી'' (કાઝીથી કાઝીને લખાણ) અથવા શહાદત દર શહાદત હાંસલ કરવામાં મુશ્કેલી હોય. આ શર્ત વાજિબના રૂપે નથી, છતાં એનાથી વિમુખ પણ ન થવામાં આવે

**(૭)** જે લોકો આ આધુનિક માધ્યમો વડે ખબર આપે તેમના બારામાં એ યકીન હાંસલ કરવું જરૂરી છે કે એહલે સુન્નત વ જમાઅતથી છે, બદઅકીદા તથા બદમઝહબ નથી, કેમ કે અનેકવારનો અનુભવ સાક્ષી છે કે એ લોકો ઈદ મનાવવાની ખુશીમાં સામાન્યત : ચાંદ બનાવી લે છે ! માહે રમઝાન તો કદાચ જ તેમને ત્યાં ત્રીસ દિવસનો થતો હશે ! બલ્કે તેમના આ ઈદ માટે આગળ રહેવાના જઝબાને લીધે ઘણી જગાઓ પર અહલે સુન્નતના ઉલમાને પરેશાનીઓનો સામનો કરવો પડે છે. ''ઈસ્તિફાદા''ના માટે ભલે ખબર આપનારનું આદિલ હોવું જરૂરી નથી પણ ઈદના મામલામાં જે લોકોની નિરર્થક હિંમત પહેલેથી ખબર છે એમનાથી સાવધાન રહેવું જરૂરી છે.

આ શરતોની પાબંદીની સામે વર્તમાન પ્રચાર માધ્યમોથી મળનારી ખબરો વડે ''ઈસ્તિફાદા''ની સાબિતીમાં કોઈને શંકા ન થવી જોઈએ. પણ એની ઈજાઝત કેવળ એ આલિમે દીનના માટે છે જે પોતાના ઈલાકામાં સૌથી મોટો ફકીહ, મરજએ ફતવા હોય અથવા જેને વિદ્વાન પુરુષોએ કાઝીએ શરીઅત નિયુક્ત કર્યો હોય. દરેક આલિમ ન ફકીહ છે ન દરેક ફકીહ મરજએ ફતવા છે ન દરેકને એ અધિકાર છે. વલ્લાહુ તઆલા અઅ્લમ. *(વધુ આવતા અંકે)*

*(વધુ આવતા અંકે)*

# સહાબાએ કિરામનો ઈબાદતનો શોખ

## અને આપણી ગફલતો

રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ )*

અંબિયાએ કિરામ બાદ સૌથી પવિત્ર અને મહાન મખ્લૂક઼ સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن છે જેઓએ ઈમાનની હાલતમાં રસૂલુલ્લાહ ﷺની ઝિયારત કરી આપની સંગત મેળવી અને ઈમાન પર ખાત્મા બિલ ખૈરથી પાવન થયા. *(સહીહ બુખારી, ભાગ–૧, પેજ–૫૧૨, હાશિયા નં. ૪)*

સહાબી હોવાનો દરજ્જો એટલો ઉચ્ચ અને મહાન છે કે કોઈ કુતુબ, અબ્દાલ, વલી તેમના દરજ્જાને પહોંચી નથી શકતો. આવુ કેમ ન હોય કારણ કે બારગાહે રિસાલત મઆબ ﷺથી ફૈઝ પામેલ સહાબાએ કિરામ ન્યાય તથા ઈન્સાફના શ્રોત અને હિદાયતના રોશન સિતારા છે જેમનું અનુસરણ ઉમ્મતે મુહમ્મદિયા માટે દીવાદાંડી છે. *(મિશ્કાતુલ મસાબીહ, પેજ ૫૫૪, મજલિસે બરકાત)*

અલ્લાહ રબ્બુલ ઈઝઝતે દરેક સહાબીથી ભલાઈનો વાયદો ફર્માવ્યો. (સૂ. હદીદ, આ. ૧૦) જેમની મહોબ્બત અલ્લાહ વ રસૂલથી મહોબ્બત છે, જેમનાથી નફરત અને અદાવત અલ્લાહ વ રસૂલથી દુશ્મનીના સમાન છે. *(મિશ્કાત)*

સહાબાએ કિરામથી અલ્લાહ عَزَّوَجَلَّ દુનિયા તથા આખેરતમાં રાજી છે અને તેઓ અલ્લાહ તઆલાની મરજી પર રાજી છે. *(સૂ. તૌબા, આ.૧૦૦)*

આવી ફઝીલતો હોવા છતાં સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنએ જ્યારે સરકાર ﷺની ઈબાદતો, અલ્લાહ તઆલાની બારગાહમાં રૂદન, નમાઝની પાબંદી તથા ફર્ઝ અને વાજિબ સિવાય પુષ્કળ નફલ અને ઈબાદતો રિયાઝત કરતા જોયા ત્યાં સુધી જે આપ ﷺના ક઼દમ મુબારક પર સોજો આવી જતો અને આપ ﷺ જ્યારે અલ્લાહ તઆલાની ઈબાદત કરતા તો આપના સીના મુબારકથી એવો અવાજ આવતો જેવો કે આગ પર રાખેલી ઉકળતી હાંડલીમાંથી અવાજ આવે છે.

સરવરે કૌનેન ﷺની એક એક અદા પર જાન નિછાવર કરવાનો જઝ્બો સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنમાં હતો. માટે સહાબાએ કિરામ પણ ફર્ઝ અને વાજિબ સિવાય નફલ પણ પુષ્કળ પ્રમાણમાં અદા કરતા. નમાઝ અને ઈબાદત સાથે એવો ગેહરો લગાવ હતો કે નમાઝનો સમય થતો તો કારોબાર છોડીને મસ્જિદ તરફ રવાના થઈ જતા.

સહાબીએ રસૂલ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رَضِیَ اللہُ عَنْہ બયાન કરે છે કે તેઓ એક દિવસ બજારમાં હતા એવામાં નમાઝ માટે ઈકામત થઈ, તેમણે જોયું કે બજારવાળા ઉઠયા અને દુકાનો બંધ કરીને મસ્જિદમાં પ્રવેશી ગયા. આ જોઈને આપે ફર્માવ્યું કે આવા જ લોકોની અલ્લાહ તઆલાએ કુર્આનની આ આયતમાં પ્રશંસા ફરમાવી છે કે મસ્જિદમાં અમુક લોકો એવા છે જે સવાર સાંજ અલ્લાહની તસ્બીહ કરે છે, તેમને અલ્લાહની યાદ અને નમાઝ ક઼ાયમ કરવાથી કોઈ સોદો અને ખરીદ બેચાણ ગાફેલ નથી કરતા અને પોતાના રબના સમક્ષ ડરે છે એ દિવસથી જેમાં અલ્લાહના ખૌફથી દિલ અને આંખો પલટી જશે. *(તફસીરે મઝ્હરી, ૬/૫૪૧, સૂ.નૂર, આ.૩૭)*

સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَના સમક્ષ નમાઝનું એટલુ મહત્વ હતું કે નમાઝ પઢવાને ઈમાનની નિશાની અને નમાઝ ન પઢવાને કુફ્રની નિશાની સમજતા. જામેએ તિર્મિઝી, મિશ્કાતુલ મસાબીહ પેજ ૯૫, મજલિસે બરકાત) કારણ કે એ મુબારક યુગમાં કોઈ મુસલમાન નમાઝ છોડતો જ ન હતો એટલા માટે સહાબાએ કિરામના નજીક નમાઝ ન પઢવું કુફ્રની નિશાની હતી. સદરૂશ્શરીઅહ અલ્લામા અમજદ અલી આ'ઝમી رضی اللہ عنہ બહારે શરીઅતમાં ફર્માવે છે કે નમાઝ ન પઢવું સર્વ સહાબાએ કિરામના નજીક કુફ્રની નિશાની હતું. અલ્બત્ત નમાઝ ન પઢનારને કાફિર કહેવાય કે નહીં આ બાબતે સહાબાએ કિરામ અને ઈમામોમાં મતભેદ છે પરંતું આ કેટલી મોટી વાત છે કે નમાઝ ન પઢનાર અમુક સહાબાએ કિરામ નજીક કાફિર છે *(ભાવાર્થ : બહારે શરીઅત, ૩/૪૪૨, મકબતુલ મદીના)*

સહાબાએ કિરામના ઈબાદતના જઝ્બાનું અનુમાન આ વાતથી લગાડી શકાય છે કે સહાબાએ કિરામ હમેશાં ફર્ઝ નમાઝ જમાઅત સાથે પઢતા, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ ફર્માવે છે, અમે સહાબા (શરઈ મજબૂરી વિના) બાજમાઅત નમાઝથી પાછળ રહી જનારને મુનાફિક઼ સમજતા હતા કે તેનું નિફાક઼ સ્પષ્ટ થાય અથવા તેને એવો બીમાર સમજતા કે બે માણસોના સહારે ચાલીને નમાઝ માટે આવે. તેઓ ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ સુનનુલ હુદા (સુન્નતે મુઅક્કિદા)ની તા'લીમ આપી છે. એ (સુનનુલ હુદા)માંથી જ અઝાનવાળી નામાઝોમાં જમાઅત સાથે મસ્જિદમાં નમાઝ અદા કરવું પણ છે. *(મિશ્કાત, પેજ ૯૬ બરિવાયતે મુસ્લિમ)* નબ્વી યુગમાં આંખોથી માઝૂર સહાબાએ કિરામ જે મસ્જિદથી નજીક રહેતા અને અઝાન સાંભળી શકતા હતા તેમને પણ મસ્જિદમાં હાજર થવું અનિવાર્ય હતું *(ઉપર મુજબ, પે. ૯૫,૯૭)*

તે મુબારક જમાનામાં કોઈ સહાબી સંજોગવશ મસ્જિદમાં હાજર ન થઈ શકતા તો અન્ય સહાબાએ કિરામ પરેશાન થઈ જતા અને તેમની ખૈર ખબર લેતા. હઝરત ઉમર رضی اللہ عنہ એકવાર એક તાબઈ સુલેમાન બિન અબી હષ્મા رضی اللہ عنہને ત્યાં ગયા અને તેમના વાલિદાને ફર્માવ્યું, શું વાત છે મેં સુલેમાનને ફજમાં ન જોયા ? તો તેમના વાલિદાએ કહયું કે તેઓ રાતભર ઈબાદતમાં વ્યસ્ત હતા, એવામાં એમની આંખ લાગી ગઈ માટે મસ્જિદ ન જઈ શકયા. તો હઝરત ઉમર رضی اللہ عنہએ ફર્માવ્યું : મારા નજીક જમાઅત સાથે ફજની નમાઝ પઢવી રાતભર નફ્લ નમાઝ પઢવાથી બેહતર છે. *(ઉપર મુજબ,પેજ–૯૭)*

સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَને જમાઅત સાથે નમાઝ એટલી પ્રિય હતી કે કોઈ સહાબાનું ઘર મસ્જિદથી દૂર હોતું તો મસ્જિદથી નજીક ઘર બનાવવાનું પસંદ કરતા હતા જેથી જમાઅત ન છૂટે. *(ઉપર મુજબ,પેજ ૬૮, બાબુલ મસ્જિદ)*

સહાબાએ કિરામ ફર્ઝ, વાજિબ, સુન્નત સિવાય નવાફિલ પણ પુષ્કળ પ્રમાણમાં અદા કરતા, રાત્રીનો અધિક ભાગ અલ્લાહની ઈબાદત અને કુર્આનની તિલાવતમાં પસાર કરતા, અલ્લાહ તઆલા ફર્માવે છે : તેઓ રાતોમાં ઓછું સૂતા, રાતોમાં ઈસ્તિગફાર કરતા (અને સાથે જ) તેમના માલ જાયદાદમાં માગનાર અને અભાગ્યાનો હક઼ હોય છે. *(ભાવાર્થ : સૂ.ઝારિયાત, આ. ૧૬ થી ૧૮)*

સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَમાં ઈબાદતના જઝ્બાનો એ આલમ હતો કે જયારે સમસ્ત દુનિયા ગાઢ નિદ્રામાં પોઢી હોય ત્યારે આ અલ્લાહના બંદાઓ પોતાના રબની બારગાહમાં સજદામાં સર રાખતા. અલ્લાહ તઆલા ફર્માવે છે : તેમની કરવટો તેમના બિસ્તરોથી અલગ હોય છે અને પોતાના રબને પોકારે છે ડરની સાથે ઉમ્મીદ કરતા અને અમારા આપેલા (રિઝ્ક)માંથી ખૈરાત કરે છે. *(ભાવાર્થ : સૂ. સજદહ, આ. ૧૬)*

સય્યદોના સિદીકે઼ અકબરની શબબેદારી, ઈબાદત તથા રિયાઝત, તિલાવતે કુર્આન, અને

અલ્લાહના ખૌફનો એ આલમ હતો કે આપ અધિકતમ રોઝા રાખતા, રાતભર નવાફિલમાં પસાર કરી દેતા. નમાઝોમાં ખુશૂઅ ખુઝૂઅની એ સ્થિતિ હતી કેનમાઝની હાલતમાં હલન ચલન વિનાની લાકડીની જેમ સ્થિર નજર આવતા અને રડતાં રડતાં હિચકીઓ બંધાઈ જતી. *(ખુલ્ફાએ રાશિદીન, પેજ ૧૫૯. ડો આસિમ આ'ઝમી)*

સય્યદોના ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ અધિકતમ સમય ઈબાદતમાં પસાર કરતા, દરકે દરેક રવે રવાંમાં અલ્લાહનો ખૌફ સમાએલો હતો. કબ્રના અંધકાર અને ભયાનકતા તથા કયામતની સખ્તીઓને યાદ કરીને કાંપી જતા. એક આપ નમાઝમાં સૂરએ નૂરની આયત ૭,૮ (બેશક ! તારા રબનો અઝાબ જરૂર થવાનો છે અને તેને કોઈ ટાળનારું નથી) ની વારંવાર તિલાવત કરવા લાગ્યા અને એટલુ રડયા કે આંખો સૂજી ગઈ. એકવાર જમાઅત સાથે નમાઝ ન પઢી શકયા તો (તે સમયમાં) એક લાખ દિરહમ કિંમતની જમીન અલ્લાહની રાહમાં સદકો કરી દીધી. *(નુઝ્હતુલ મજાલિસ ૧/૫૧૨)*

હઝરત ઉમર رضی اللہ عنہ પોતાના ગવર્નરોને આદેશ કરતા કે તમારાં સર્વ કામોમાં સૌથી અગત્ય નમાઝની પાબંદી અને જમાઅત સાથે નમાઝની અદાયગી છે જેણે નમાઝની પાબંદી કરી તેણે દીનની પાબંદી કરી અને જેણે નમાઝો છોડી તે સર્વ વસ્તુઓને બર્બાદ કરી મૂકશે. *(મિશ્કાત, પેજ–૫૯)*

હઝરત અબ્બાસ رضی اللہ عنہ ફર્માવે છે : મેં ઉમર رضی اللہ عنہથી બેહતર કોઈ પડોસી ન જોયો કે એમની રાત નમાઝમાં, દિવસ રોઝા અને લોકોની જરૂરતો પૂરી કરવામાં પસાર થતા. *(હિલ્યતુલ ઔલિયા, ૧/૫૪)* આપ જયારે રાત્રે નમાઝ પઢતા તો રાત્રિના અંતિમ ભાગમાં પોતાના ઘરવાળાઓને પણ નમાઝ માટે જગાડતા અને નમાઝ પઢવાનો હુકમ આપતા, પછી સૂરએ તાહા આયત–૧૩૨ (પોતાના ઘરવાળ ાંઓને નમાઝનો હુકમ આપ અને પોતે તેના પર અડગ રહે, અમે તારાથી રોજી નથી માગતા, અમે જ તને રોજી આપીશું અને બેહતરીન અંજામ પરહેઝગારો માટે છે)ની તિલાવત કરતા. (મોઅત્તા ઈમામ માલિક બાબુ મા જાઅ ફી સલાતિલ્લયલ)

સય્યદોના ઉષ્માન ગની رضی اللہ عنہ વિશે અબ્દુર્રહમાન તૈમી કહે છે : મેં એક રાત્રે મકામે ઈબ્રાહીમમાં નમાઝ પઢવાનો ઈરાદો કર્યો એવામાં અચાનક કોઈકે આવીને મને હટાવી દીધો, મેં જોયુ કે તે ઉષ્માને ગની હતા. તેમણે નમાઝ પઢવાનું શરૂ કર્યું તો પહેલી રકાતમાં જ અલ્હમ્દુથી લઈને સંપૂર્ણ કુર્આન પઢી લીધું, પછી રૂકૂઅ સજદા કર્યા અને નમાઝ બાદ તશરીફ લઈ ગયા. *(હિલ્યતુલ ઔલિયા ૧/૫૬૭)*

મૌલાએ કાએનાત અલીએ મુર્તઝા رضی اللہ عنہ વિશે હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہا ફર્માવે છે : હઝરત અલી કાઈમુલ્લયલ એટલે રાતમાં ઈબાદત કરનાર અને સાઈમુન્નહાર એટલે દિવસે રોઝો રાખનાર હતા. (ખુલ્ફાએ રાશિદીન, પેજ૫૧૩) આપના ખુશૂઅ ખુઝૂઅનો એ હાલ હતો કે એકવાર આપની પિંડલી મુબારકમાં તીર લાગ્યુ જેની અસહ્ય પીડાથી ઢીલા થઈ ગયા, પરંતુ જયારે નમાઝ પઢવા લાગ્યા તો તીર કાઢી લેવામાં આવ્યું અને આપને એહસાસ પણ ન થયો. *(બરકાતે નમાઝ, પેજ ૧૪)*

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ પોતે પણ નમાઝની સખત તાકીદ કરતા. આપે રાતના ત્રણ ભાગ કર્યા હતા. અને ઘરવાળાઓમાંથી દરેક એક એક ત્રીજા ભાગની રાતમાં નમાઝ પઢતું. એ રીતે જયારે એક ફારિગ થતુ તો બીજાને ઉઠાડતુ અને તે ઈબાદતમાં વ્યસ્ત થઈ જતું. *(હિલ્યતુલ અવલિયા)*

હઝરત તમીમ બિન અવસ દારી رضی اللہ عنہની ઈબાદતનો એ આલમ હતો કે એક રકઅતમાં સંપૂર્ણ કુર્આન પઢી લેતા. એકવાર તહજ્જુદ માટે ન જાગી શકયા તો પોતાના નફસને એ સજા આપી કે એક વરસ સુધી સૂતા જ નહીં. *(મિશ્કાત, અલ્ઈકમાલ ૫૮૮)*

હઝરત જુબૈર رضی اللہ عنہના ખુશૂઅનો એ આલમ

હતો લોકો આપની ઈબાદતને રિયાકારી (દેખાવો) સમજતા એટલા માટે કોઈક ઈમ્તેહાન લેવા નમાઝની હાલતમાં આપના ચેહરા મુબારક પર ઉકળતુ પાણી નાખી દીધું જેના કારણે આપના ચેહરાની ચામડી નીકળી ગઈ. નમાઝ પછી આપને પોતાની આ હાલતની જાણ થઈ તો આપે ફર્માવ્યું, અલ્લાહ તેઓની મગફેરત ફર્માવે. *(તબ્કાતુલ્ કુબ્રા મુતરજીમ, પેજ–૪૦)*

ઉપરોકત વિગતોથી સ્પષ્ટ રીતે જાણવા મળ્યું કે સહાબાએ કિરામ رضوان الله تعالىٰ عليهم اجمعين ની એટલી ઊંચી શાન છે કે દરેક સહાબીથી અલ્લાહ તઆલાએ ભલાઈનો વાયદો ફર્માવ્યો. *(સૂ. હદીદ,આ.૧૦)*

તેમને અલ્લાહની રઝામંદી ચાહનાર તથા અલ્લાહ અને રસૂલની મદદ કરનાર, સાચા ઈમાનવાળા અને (દુનિયા તથા આખેરતમાં) કામયાબ બતાવ્યા. *(સૂ. હશ્ર, આ. ૮ ૯)*

જેમની શાનમાં અપશબ્દો અને તેમની તૌહીનથી રોકતાં અલ્લાહના રસૂલ صلى الله عليه وسلم એ ફર્માવ્યું : મારા સહાબીનું અલ્લાહની રાહમાં થોડાક જવ ખર્ચ કરવું અન્ય લોકોના ઓહદ પહાડ બરાબર સોનુ ખર્ચ કરવાથી બેહતર છે. *(મિશ્કાત, ૫૫૩)*

એમ છતાં સહાબાએ કિરામ رضوان الله تعالىٰ عليهم اجمعين રાતભર ઈબાદતમાં પસાર કરતા અને અલ્લાહ તઆલાની ખુશ્નુદી તથા રઝામંદી પ્રપ્ત કરવાની કોશિશ કરતા.

આ સર્વ મશ્હૂર સહાબીઓ ઉપરાંત આમ સહાબીઓનો પણ ઈબાદતના શોખનો એ હાલ હતો કે ફર્ઝો, વાજિબો તથા સુન્નતો ઉપરાંત પુષ્કળ પ્રમાણમાં રાતે બિસ્તરો છોડીને જાગતા રહી પોતાના રબની બારગાહમાં ગિર્યાઓઝારી (રૂદન સાથે આજીજી) કરતા, અને પોતાના રબની ખુશ્નુદી હાંસલ કરવા માટે ભાગદોડ કરતા, અને આખી આખી રાત ઈબાદત તથા રિયાઝતમાં વ્યસ્ત રહેતા, અને કુર્આને કરીમની તિલાવતના સમયે અલ્લાહના ગઝબ તથા કહેરથી અલ્લાહની પનાહ માગતા. અલ્લાહ આપણને એમના નક્શે કદમ પર ચલાવે. (આમીન)

અફસોસ ! આપણે લોકો મૌતથી ગાફેલ થઈને ગફલતભર્યા માહોલમાં અલ્લાહવાળાઓની યાદથી બોધપાઠ નથી હાંસલ કરતા. નફ્લ નમાઝ તથા અન્ય વઝીફાઓ, તસ્બીહ તથા તહલીલ તો દૂરની વાત છે, ફર્ઝો તથા વાજિબો, સુન્નતો વગેરેની પણ પાબંદી નથી કરતા ! બલ્કે પોતાની રાતોને દિવસોને ગુનાહનાં કામો તથા હરામ કાર્યો પાછળ પસાર કરીએ છીએ. સહાબાએ કિરામને તો જન્નતી હોવાની બશારતો જીવતાં જીવત મળતી હતી છતાં તેઓ ખુદાના ખૌફ સાથે રડી રડીને ઈબાદત તથા તૌબા કરતા હતા, જ્યારે આપણને આપણા ખાત્માની પણ ખબર નથી કે ઈમાન પર થશે કે કુફ્ર પર ! છતાં **આપણે ઈસ્લામ વિરુદ્ધ તથા ઈબાદતો વિહોણુ જીવન જીવી રહ્યા છીએ !** સહાબા રાત રાતભર જાગીને ઈબાદતો કરતા હતા છતાં ખુદાના ખૌફથી રડતા હતા અને આપણી રાતો ટી.વી. પર કે મોબાઈલ પર ગંદા દશ્યો તથા ગંદા સંવાદો જોવા સાંભળવા તથા હરામ ધંધા કરવામાં જાય છે છતાં હસતા હસતા આપણે જીવી રહ્યા છીએ ! મુસલમાનો ! આ બોધ ગ્રહણ કરવાનો મકામ છે, સમજો અને સહાબાએ કિરામ رضوان الله تعالىٰ عليهم اجمعين તથા બુઝુર્ગાને દીન જેમને અલ્લાહે ઈનામવાળા ફર્માવ્યા છે તેમની જિંદગીઓનો અભ્યાસ કરો અને તેમના ચાલેલા તથા સૂચવેલા માર્ગે ચાલો, તમારી ઔલાદને ચલાવો એમાં જ બંને જહાનની ભલાઈ છે.

*–(કન્ઝુલ ઈમાન મંથલી ઉર્દૂ, ઓગસ્ટ–૨૦૧૪)*


**પોરબંદરમાં બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક થવા માટે સંપર્ક કરો :–**

**ઈમરાનભાઈ પાંચા**
**Mob. 9275149294**

**યાકુબભાઈ (A-1 કટલરીવાળા)**
**Mob. 9558841823**

# યહૂદિયતનો પાયો અને ટૂંકો ઈતિહાસ

કાર્યાલય

અલ્લાહ તઆલાએ હઝરત આદમ عليه السلام ની પયદાઈશના પછી તેમને જ્યારે આ પૃથ્વી પર મોકલ્યા તો આદમની ઔલાદની શારીરિક જરૂરતોનો સામાન આ જ જમીનમાં રાખ્યો. માનવે પોતાની પંચેન્દ્રિયો તથા બુદ્ધિ તેમજ સમજ વડે ખૂબીપૂર્વક આ જમીનથી ફાયદા ઉઠાવવાનું શીખ્યું. પરંતુ એક સવાલ જે દરેક માનવીના દિમાગમાં મૌજૂદ હોય છે કે મને કોણે અને શા માટે પેદા કર્યો ? આ સવાલના જવાબ માટે અલ્લાહ તઆલાએ એ જ માનવોમાંથી અંબિયા عليهم السلام ને મોકલ્યા, જેમ કે સૌ પ્રથમ માનવી (હઝરત આદમ عليه السلام ને) જ નબુવ્વતથી સરફરાઝ ફર્માવ્યા. હદીષોના પ્રમાણે લગભગ એક લાખ ચોવીસ હજાર નબી મોકલવામાં આવ્યા અને જમીનમાં કોઈ વસ્તી એવી નથી જેના તરફ અલ્લાહ તઆલાએ કોઈ નબી મોકલ્યા ન હોય. કુર્આને કરીમે ઠેકઠેકાણે વિવિધ નબીઓ عليهم السلام તથા તેમની કૌમોનો ઉલ્લેખ કર્યો છે. કુર્આન મજીદની પદ્ધતિ છે કે ચેતવણીના માટે માનવ ફિતરત (પ્રકૃતિ)ના બરાબર પ્રમાણે બનાવોનો સહારો લેવામાં આવ્યો છે.

આગલી ઉમ્મતોની ચડતી તથા પડતીની હાલતનો સંક્ષિપ્ત ચિતાર રજૂ કરવામાં આવ્યો : "તમારા લોકોથી પહેલાં પણ ઘણા બનાવો પસાર થઈ ચૂક્યા છે, તો તમે જમીન સૈર કરીને જોઈ લો કે જૂઠલાવનારાઓનો કેવો અંજામ થયો." *(સૂરએ આલે ઈમ્રાન, આયત : ૩૭)*

એ જ આગલી કૌમોમાંથી જે કૌમનો ઉલ્લેખ સૌથી વધુ કુર્આનમાં થયો તે કૌમે બની ઈસ્રાઈલ છે. બની ઈસ્રાઈલની તરફ અલ્લાહ તઆલાએ અંબિયાએ કિરામ عليهم السلام ને એ પ્રમાણે કડીબદ્ધ રીતે સતત મોકલ્યા કે નબુવ્વતનો તાર તૂટયો જ નહીં. એમની વચ્ચે એક જ સમયમાં કેટકેટલા નબી પણ મૌજૂદ રહ્યા છે. હઝરત અબૂ હુરૈરહ رضي الله عنه રિવાયત કરે છે કે નબી અકરમ صلى الله عليه وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, "બની ઈસ્રાઈલની રાજનીતિ તેમના નબીઓના હાથમાં હતી. જ્યારે પણ એક નબી ઈન્તેકાલ પામતા તો તેની જગા બીજા નબી લઈ લેતા. પરંતુ મારા બાદ કોઈ નબી નથી. અલ્બત્ત, ખલીફા થશે જે ઘણા બધા થશે." *(મુત્તફક્ અલૈહ)*

હઝરત ઈબ્રાહીમ عليه السلام ને અબુલ અંબિયા કહેવામાં આવે છે, કેમ કે આપના બાદ આવનારા તમામ નબીઓ આપની જ નસલથી છે. આપના બાપદાદાનો ઈલાકો બાબિલ (હાલનું ઈરાક્) છે. આપની ઔલાદ વિવિધ સ્થળો તરફ હિજરત કરી ગઈ. આપની ત્રણ પત્નીઓ થકી ત્રણ નસલો ચાલી. હઝરત હાજરાના પુત્ર હઝરત ઈસ્માઈલ عليه السلام ની નસલથી ઈમામુલ અંબિયા અંબિયા હઝરત સૈયદના મુહમ્મદ صلى الله عليه وسلم છે. હઝરત ઈસ્માઈલ عليه السلام મક્કામાં વસવટ કરીને રહ્યા. હઝરત કતૂરાની નસલ (જેને બની કતૂરા કહે છે)થી હઝરત શોઐબ عليه السلام હતા જે મદયનની તરફ મબઊષ થયા (મોકલવામાં આવ્યા). જ્યારે કે હઝરત સારહના પુત્ર હઝરત ઈસ્હાક્ عليه السلام છે. હઝરત ઈસ્હાક્ કિન્આન (પેલેસ્ટાઈન) જતા રહ્યા હતા. બાબઈલના પ્રમાણે ઈસ્હાક્ عليه السلام ના બે પુત્રો હતા : ઈસૂ અને યા'કૂબ. હઝરત યાકૂબ عليه السلام નું ઈબ્રાની નામ ઈસ્રાઈલ છે જે ઈસ્રા (બંદા) અને ઈલ (અલ્લાહ)થી બન્યું છે, એટલે "અલ્લાહનો બંદો." એમની નસલને બની ઈસ્રાઈલ કહે છે. હઝરત યાકૂબ عليه السلام ના પુત્ર હઝરત યૂસુફ عليه السلام જ્યારે અઝીઝે મિસ્રના હોદ્દા પર બિરાજીત થયા તો યાકૂબ عليه السلام એ પોતાના બાકીના પુત્રોની સાથે મિસ્ર આવી

જઈને ત્યાં વસવાટ અપનાવ્યો. હઝરત યૂસુફ عليه السلامનો બનાવ વિગતવાર સૂરએ યૂસુફમાં વાંચી શકો છો. શાહી ખાનદાનથી સંબંધ હોવાના કારણે બની ઈસ્રાઈલ મિસરમાં ખૂબ જ ફલ્યા ફૂલ્યા. જ્યારે હઝરત મૂસા عليه السلامનો જન્મ થયો તો એ વખતે મિસરમાં કિબ્તીઓની હુકૂમત હતી, જેનો સત્તાધારી ''ફિરઔન'' કહેવાતો હતો. કિબ્તીઓએ બની ઈસ્રાઈલને ગુલામ બનાવેલ હતા. અલ્લાહ તઆલાએ મૂસા عليه السلامને બની ઈસ્રાઈલની તરફ મબ્ઊષ કર્યા અને આપને તૌરાત અતા ફર્માવી. તેમજ આપને સપોર્ટ આપવા માટે હારૂન عليه السلامને આપના મુશીર (સલાહકાર) બનાવ્યા. આપની બઅષતનો એક મકસદ બની ઈસ્રાઈલને કિબ્તીઓની ગુલામીમાંથી નજાત અપાવવાનો હતો. જ્યારે એ સમયના ફિરઔનને જાણ થઈ કે બની ઈસ્રાઈલ મૂસા عليه السلامની સરદારી હેઠળ રાતોરાત મિસરથી હિજરત કરી રહ્યા છે તો તેણે એમનો પીછો કર્યો અને સમુદ્રમાં ગર્ક થઈ ગયો. તેણે ખુદાઈનો દાવો કર્યો હતો એટલા માટે અલ્લાહે તેની લાશને આવનારા લોકો માટે બોધ ગ્રહણ કરવાનો સામાન કરી આપ્યો જે આજે પણ મિસરના એક મ્યૂઝિયમમાં મૌજૂદ છે. સૂરએ યૂનુસમાં એ ફિરઔનની લાશના વિશે ઈર્શાદ છે :–

''તો આજે અમે તારી લાશને (સમુદ્રની બહાર ફેંકીને) બચાવી લઈશું. જેથી તે પાછળથી આવનારાઓ માટે સબકની નિશાની બની જાય. જો કે મોટાભાગના લોકો અમારી નિશાનીઓથી ગાફેલ રહે છે.'' *(સૂરએ યૂનુસ–૯૨)*

ફિરઓનથી છૂટકારા બાદ બની ઈસ્રાઈલ સીનાના રણમાં ઉતર્યા. કોહ તૂર પર મૂસા عليه السلامને તૌરાતના દસ હુકમો (**Ten Commandments**) અતા કરવામાં આવ્યા :–

**(૧)** હું (એટલે અલ્લાહ) તમારો ખુદા છું જેણે તમને મિસ્રની જમીનથી કાઢયા. **(૨)** એક ખુદાની ઈબાદત કરો જેનો કોઈ શરીક નથી. (બની ઈસ્રાઈલમાં અલ્લાહના માટે યહવુહ) (Yaweh)નો શબ્દ વપરાયો છે.) **(૩)** અલ્લાહના નામની જૂઠી કસમો ન ખાવ. **(૪)** શનિવારના દિવસની તા'ઝીમ કરો. **(૫)** મા બાપની તા'ઝીમ કરો જેથી તેમની ઉંમર લાંબી થાય જે દુનિયામાં તેમને આપવામાં આવી. **(૬)** કત્લ ન કરો. **(૭)** ઝિના ન કરો. **(૮)** ચોરી ન કરો. **(૯)** કોઈ દોસ્તની વિરુદ્ધ જૂઠી ગવાહી ન આપો. **(૧૦)** પોતાના પડોશીની મિલ્કત પર નજર ન રાખો.

સીનાના રણમાં બની ઈસ્રાઈલની ખુશી માટે અલ્લાહ તઆલાએ મન્ન તથા સલ્વા અતા કરીને તેમને રોજી રોટીની ચિંતાથી મુક્ત કરી આપ્યા, વાદળ એમના પર છાંયડો કરતું, બાર કબીલાઓ માટે અલગ અલગ બાર ઝરણાઓ વહેતાં કરી આપ્યાં (કુર્આનમાં ઠેકઠેકાણે નેઅમતોનું વર્ણન જોવા મળે છે) પરંતુ આ સર્વ નેઅમતો છતાં જ્યારે તેમને પેલેસ્ટાઈનમાં પ્રવેશ માટે જેહાદનો હુકમ આપવામાં આવ્યો (જેની ફતહની તેમને બશારત પણ હતી) તો તેમણે સ્પષ્ટપણે ઈન્કાર કરી આપ્યો, જેના બદલામાં તેઓ ચાલીસ વરસો સુધી રણમાં ભટકતા રહ્યા. એ દરમ્યાન હઝરત મૂસા તથા હઝરત હારૂન عليهما السلامનો ઈન્તેકાલ થઈ ગયો. બની ઈસ્રાઈલની નવી પેઢી જ્યારે યુવાન થઈ તો તેમણે હઝરત યૂશઅ બિન નૂન عليه السلامની સરદારીમાં પેલેસ્ટાઈન પર હુમ્લો કર્યો અને ત્યાં પોતાની હુકૂમત કાયમ કરી.

બની ઈસ્રાઈલે પેલેસ્ટાઈનમાં એક મજબૂત સત્તા સ્થાપવાને બદલે બાર રાજ્યો સ્થાપ્યાં. એ રાજ્યોની આપસની લડાઈઓએ આસપાસની કૌમોને તેમના પર ચઢાઈના મોકો આપ્યો. પેલેસ્ટાઈનમાં વસેલી કૌમ અમાલકાએ તેમના પર હુમ્લો કરી આપ્યો અને તેમને કશાય ખચકાટ વિના કતલ કર્યા. અમાલકા જતાં જતાં ''તાબૂતે સકીના'' પણ પોતાની સાથે લઈ ગયા. તાબૂતે સકીના લાકડાની એક પેટી હતી જેની અંદર બની ઈસ્રાઈલના તબર્રુકો મૌજૂદ હતાં જે એમના દિલને ખુશ કરવાનો સબબ હતાં. સકીનાનો મતલબ છે સુકૂન આપનાર. રિવાયત છે કે એમાં

હઝરત મૂસા તથા હારૂન عليهم السلام ની વપરાયેલી ચીજો દા.ત. મૂસા عليه السلام નો અસા મુબારક, મન્ન તથા સલ્વાનાં વાસણો, તૌરાતની તખ્તીઓ જે કોહે તૂર પર હઝરત મૂસા عليه السلام ને આપવામાં આવી હતી.....વગેરે મૌજૂદ હતાં. આ બનાવથી સખત ગમગીન બનીને બની ઈસ્રાઈલે તે વખતના નબી હઝરત સમૂઈલ عليه السلام ને દરખાસ્ત કરી તેમના માટે એક બાદશાહ નિયુક્ત કરવામાં આવે જેથી જેહાદ કરી શકે. *(સૂરએ બક઼રહમાં આ બનાવ વર્ણન થયેલો છે : આ. ૨૪૬ થી ૨૫૧)*

હઝરત તાલૂતને તેમનો બાદશાહ નિયુક્ત કરવામાં આવ્યા એ દરમ્યાન તાબૂતે સકીના પણ પરત મળી ગયું. પેલેસ્ટાઈનનો બાદશાહ એ વખતે જાલૂત હતો. તાલૂતે જાલૂતની વિરુદ્ધ જંગનું એલાન કર્યું. એ જંગમાં જાલૂત હઝરત દાઊદ عليه السلام ના હાથે માર્યો ગયો. તાલૂતે એનાથી ખુશ થઈને હઝરત દાઊદ عليه السلام ને પોતાના જમાઈ બનાવી દીધા. બની ઈસ્રાઈલના માર્ગદર્શન માટે હઝરત દાઊદ عليه السلام ને અલ્લાહ તઆલાએ ઝબૂર અતા કરી જે હમ્દને લગતાં કાવ્યોથી ભરેલી હતી, તેમજ એમાં તૌરાતના હુકમોનો જોડાયેલ ક્રમ હતો. હઝરત દાઊદ عليه السلام પછી એમના પુત્ર હઝરત સુલૈમાન عليه السلام ને અલ્લાહ તઆલાએ ખિલાફત અતા કરી. તેમણે અલ્લાહથી દુઆ કરી કે, "હે મારા રબ ! મને એવી હુકૂમત અતા ફર્માવ જે મારા પછી કોઈને મયસ્સર ન થાય." તેમની દુઆ ક઼બૂલ થઈ અને તેમને પશુ, પક્ષીઓ, જંગલી પ્રાણીઓ ત્યાં સુધી કે જિન્નાતો તથા જળ ચરો પર હુકૂમત અતા થઈ. તેમને જાનવરોની બોલીઓ સમજમાં આવતી હતી અને હવાને તેમના તાબા હેઠળ કરી દેવામાં આવી જેના સબબે તે મહિનાઓની મુસાફરી દિવસોમાં પાર કરી લેતા હતા. આપે બયતુલ મુક઼દ્દસને ફરી બાંધ્યું, તાબૂતે સકીના માટે હયકલનું બાંધકામ કરવામાં આવ્યું તેના બાંધકામમાં જિન્નાતો તથા માણસોએ ભેગા મળીને કામ કર્યું રિવાયતોમાં આવે છે કે એ મોક઼ા પર આમ લોકોએ જિન્નતોથી જાદૂ શીખ્યો.

"હયકલ" યહૂદીઓની ઈબાદતગાહને કહે છે, એ હયકલનું નામ બાદમાં "હયકલે સુલૈમાની" પડી ગયું અને એ પાછળથી આવનારા યહૂદીઓમાં ખૂબ જ મહત્વની બની ગઈ.

હઝરત સુલૈમાન عليه السلام ના ઈન્તેકાલ પછી ક.મ. ૧૨૨ માં તેમના પુત્રોના દૌરમાં એ રાજ્ય બે વિભાગોમાં વહેંચાઈ ગયું. ઉત્તરી ઈલાકા પર આવેલ રાજ્ય સામરા (બાઈબલ પ્રમાણે એનું નામ ઈસ્રાઈલ હતું જેને હાલ ઈઝરાઈલ બોલાય છે) અને દક્ષિણી ઈલાકા પર યહૂદિયહ રાજ્યનો પાયો નાખવામાં આવ્યો. (યહૂદા હઝરત યાકૂબ عليه السلام ના સૌથી મોટા પુત્રનું નામ હતું) એ રાજ્યોની આસપાસની ખટપટોથી ફાયદો ઉઠાવીને આસપાસના રાજ્યોએ એમના પર કબજો જમાવી લીધો. ઈ.સ. પહેલાં સાતમી સદીમાં આશૂરીઓએ સામરાને તબાહ કરી નાખ્યું. યહૂદિયહ રાજ્યની પસ્ત હાલતને જોઈને તે વખતના બાબિલના બાદશાહ બુખ્ત નસરે ક.મ. ૫૮૭માં તે રાજ્યને સંપૂર્ણપણે નેસ્તો નાબૂદ કરી નાખ્યું.તેણે બયતુલ મુક઼દ્દસ અને હયકલને તબાહ કરી નાખ્યું જેના પરિણામે તૌરાત ગુમ થઈ ગઈ. તેણે બની ઈસ્રાઈલની ક઼ત્લે આમ કરી જેમાં છ લાખ યહૂદી ક઼ત્લ થઈ ગયા, જ્યારે છ લાખ સ્ત્રી,પુરૂષો, બાળકોને જાનવરોની જેમ હંકારતો પોતાની સાથે બાબિલ લઈ ગયો, યહૂદી વિવિધ દેશોમાં વિખેરાઈ ગયા. એ જમાનાને **Diaspora** એટલે "વિખેરાવાનો દૌર" કહે છે. એ જમાનામાં આ કૌમ દુનિયાના વિવિધ હિસ્સાઓમાં જઈને વસી.

એ જ દૌરમાં બાબિલમાં બની ઈસ્રાઈલના મઝહબે લોકોને પોતાના તરફ આકર્ષ્યા તો તેમણે પણ એ મઝહબને સ્વીકારી લીધો, કેમ કે શરીઅતે મૂસવીની તાલીમાત કેવળ બની ઈસ્રાઈલના માટે હતી, જેથી જ્યારે અન્ય ક઼બીલાઓએ એ તાલીમાતને અપનાવી તો એક નવા મઝહબ યહૂદિયહનો પાયો નંખાઈ ગયો. એ મઝહબના અનુયાયીઓએ હઝરત

યાકૂબ علیہ السلامના મોટા પુત્ર "યહૂદા"ની નિસ્બતથી પોતાના માટે "યહૂદી"નો લકબ અપનાવી લીધો. કુર્આનમાં પણ આપણને બંનેવ શબ્દો મળે છે, એટલે "બનીઈસ્રાઈલ" તથા "યહૂદી" પરંતું "યહૂદ" એક મઝહબી જમાઅતના રૂપે, જયારે કે "બની ઈસ્રાઈલ" એક કૌમ તથા વંશના રૂપે આવ્યો છે. અંબિયાએ કિરામ علیہم السلامના બનાવોની સાથે આપણને બની ઈસ્રાઈલનું વર્ણન મળે છે. કુર્આનમાં મૌજૂદ ઈતિહાસને સમજવા માટે "બની ઈસ્રાઈલ" તથા "યહૂદ"ની બોલીમાં ફરક઼નું માલૂમ હોવું જરૂરી છે.

જયારે ઈરાની બાદશાહ સાઈરસ આ'ઝમે બાબિલને ફતહ કર્યું તો તેણે યહૂદીઓને પેલેસ્ટાઈનમાં પરત થવાની ઈજાઝત આપી હઝરત ઉઝૈર علیہ السلام પણ એક તડીપાર ગિરોહની સાથે યેરૂશલેમ પહોંચ્યા અને એ શહેરને આબાદ કરવાનું શરૂ કર્યું. બખ્તે નસરના હુમ્લા પછી સિત્તેર વરસ બાદ હયકલનું ફરીવાર બાંધકામ સંપૂર્ણ થયું એ જ દરમ્યાન તૌરાતને યાદશકિતઓની મદદથી કિતાબી સ્વરૂપમાં લખવામાં આવી. યહૂદીઓના પ્રમાણે તૌરાત પાંચ કિતાબો પર આધારિત છે. ત્યારબાદ આ વિસ્તાર બાહ્ય હુમ્લાખોરોની આવજાનું સ્થાન બનેલો રહયો. જયારે હઝરત ઈસા علیہ السلامની મોજિઝામય પેદાઈશ થઈ તો તે વખતે ત્યાં રૂમીઓએ કબજો જમાવી લીધો હતો, એ વખતે યહૂદીઓ અખ્લાક઼ી પસ્તી (સંસ્કારિક નીચતા) તથા પડતીના શિકાર બની ચૂકયા હતા.

હઝરત ઈસા علیہ السلام પેલેસ્ટાઈનના શહરે બયતુલ લહમમાં પેદા થયા. આપનાં માતા હઝરત મરયમ رضی اللہ عنہاનો સંબંધ પેલેસ્ટાઈનની ઉત્તરી વસ્તી નાસિરા સાથે હતો. (એના કારણે ઈસાઈઓને નસ્રાની તથા નસારા પણ કહે છે.) હઝરત ઈસા علیہ السلام બની ઈસ્રાઈલની તરફ મબ્ઊષ થનારા અંતિમ નબી હતા. આપની તાલીમાત પણ બની બની ઈસ્રાઈલના માટે ખાસ હતી. બાઈબલમાં લખેલ છે : "હું બની ઈસ્રાઈલનાં ગુમ થયેલ ઘેટાંઓને શોધવાના માટે મોકલવામાં આવેલ છું." *(મતી, ૫:૨૪)*

ગુમ થયેલ ઘેટાંઓથી મુરાદ કબીલાઓ છે જે વિખેરાવાના દૌર (**Diaspor**)ના દરમ્યાન વિખેરાઈ ગયા હતા.

યહૂદીઓની પૂરાણી કિતાબોમાં એક "મસીહા"ના આગમનનો ઉલ્લેખ મળે છે જેના સંબંધે કહેવામાં આવે છે કે તે દાઊદ علیہ السلامની સલ્તનતને બહાલ કરશે. જયારે ઈસા علیہ السلامની પેદાઈશ થઈ ત્યારે તેમને એ "મસીહા"ના આગમનનો વાયદો પૂરો થતો જણાયો જે તેમને દુનિયવી બેઈજ્જતીથી છૂટકારો અપાવી શકે અને એના થકી તે દુનિયવી ફાયદા હાંસલ કરી શકે. પરંતું હઝરત ઈસા علیہ السلامએ જયારે બાક઼ાયદા તબ્લીગની શરૂઆત કરી તો તેઓને શરીઅત પર અમલની દાવત આપી જે તેઓને ખૂબ જ નાપસંદ પડી. **એ વખતના યહૂદી ધાર્મિક તથા સંસ્કારિક રીતે એટલા નીચલી કક્ષાએ ઉતરી ગયા હતા કે જ્યારે હઝરત યહયા તથા હઝરત ઝકરિયા علیہم السلامને શહીદ કરવામાં આવ્યા તો તેમના પક્ષે અવાજ બુલંદ કરનાર કોઈ ન હતું.** તેમના આલિમો દુનિયા પરસ્તીમાં સપડાઈ ચૂકયા હતા. હઝરત ઈસા علیہ السلامએ તે યહૂદી આલિમોને તતડાવ્યા જેથી તેઓ આપના દુશ્મન બની ગયા અને તેઓએ રોમીઓના કાન ભંભેરવાનું શરૂ કરી આપ્યું કે, ઈસા પોતે પોતાને બાદશાહ કહે છે. અને લોકોને ગુમરાહ કરી રહેલ છે. એના પર એ સમયના રોમી ગવર્નર પીલાતીસે ઈસા علیہ السلامને સલીબ (ક્રોસ પર ફાંસીએ) પર ચઢાવવાનો હુકમ આપ્યો પણ અલ્લાહ તઆલાએ આપને જીવતા આસ્માન પર ઉઠાવી લીધા. ત્યારબાદથી ઈસા علیہ السلامના માનનારાઓએ યહૂદીઓને પોતાના દુશ્મન સમજવાનું શરૂ કરી આપ્યું, કેમ કે તેમની દૃષ્ટિમાં ઈસા علیہ السلامને સૂળી પર ચઢાવવાના જિમ્મેદાર યહૂદીઓ છે. હઝરત ઈસા علیہ السلام પછી મુહમ્મદ صلی اللہ علیہ وسلم સુધી કોઈ નબી નથી આવ્યા. રિવાયતમાં આવે છે કે હઝરત આદમ علیہ السلامના જમીન પર આવ્યા

બાદ આ પ્રથમ મોકો હતો કે જમીન પર કોઈ નબી મૌજૂદ ન હોય.

ઈ.સ. ૭૦માં યહૂદીઓએ રોમની સલ્તનત વિરુદ્ધ બગાવત કરી તો તે વખતના સત્તાધારી Titusએ બગાવતને પૂરી શક્તિભેર કચડી નાખી અને હયકલે સુલૈમાનીને સંપૂર્ણપણે બર્બાદ તથા તબાહ કરી નાખી. એ દરમ્યાન દોઢ લાખ યહૂદી માર્યા ગયા અને જે જીવતા બચ્યા તેમણે નાસી છૂટીને શરણ મેળવ્યું. ત્યારબાદથી યહૂદીઓની બદ્તરીન પડતી શરૂ થઈ, એક તરફ તો રોમી બાદશાહ કુસ્તુનતીન (ઈ.સ. ૨૭૪–૩૩૭)એ ઈસાઈયત કૃબૂલ કરી લીધી અને ઈસા علیہ السلامની દુશ્મની રાખવાના સબબે યહૂદીઓ સાથે કોઈ નરમી ન વર્તી, તો બીજી બાજુ તેમનાં મહત્વનાં ધાર્મિક સ્થળો પર ખત્મ કરી નાખ્યાં.

આજે પૂરાતત્વ વિષયના નિષ્ણાતોની દૃષ્ટિએ હયકલની કેવળ પશ્ચિમી દીવાલ જ સલામત છે જેને "દીવારે ગિર્યા" (Wailing Wall) કહેવામાં આવે છે.

યહૂદીઓનો એ ખયાલ હતો કે એમના પર અલ્લાહનાં ઘણા ઈનામો થયાં છે અને તેઓ અલ્લાહના લાડલા (પ્યારા) છે જેથી આખરી નબી બની ઈસ્રાઈલમાંથી જ થશે, પરંતું જ્યારે નબી આખિરુઝ્ઝમાંનું આગમન થયું અને આપ ﷺએ પોતે પોતાના ખાતમુન્નબીય્યીન હોવાનું એલાન કર્યું તો આપ ﷺનો સંબંધ બની ઈસ્માઈલ (ઈસ્માઈલ علیہ السلامની ઔલાદ)થી હોવાના કારણે ઈર્ષાળુ યહૂદીઓની ઉમ્મીદ પર પાણી ફરી વળ્યું ! તેમણે નબી અકરમ ﷺની વિરુધ્ધ સાઝિશો (ષડયંત્રો) શરૂ કરી દીધી, ત્યાં સુધી કે આપ ﷺને ઝહેર પણ આપવામાં આવ્યું. તેમની સાઝિશોના લીધે તેઓના કબીલાઓને એક એક કરીને મદીના શરીફથી કાઢી મૂકવામાં આવ્યાં અને તેઓએ ખયબરમાં શરણ લીધું, જ્યાં તેમના ઘણા મજબૂત કિલ્લાઓ હતા. જંગે ખયબરના દરમ્યાન તેઓને ત્યાંથી પણ કાઢી મૂકવામાં આવ્યાં અને તેમણે પેલેસ્ટાઈનમાં શરણ લીધું. હઝરત ઉમર رضی اللہ عنہના દૌરમાં જ્યારે યેરુશલેમ ફતહ થયું તે વખતે ઈસાઈ હયકલે સુલૈમાનીના ખંડેરોમાં કચરો પુંજો નાખ્યા કરતા હતા, તે મોકા પર હઝરત ઉમરે પોતાના હાથો વડે ત્યાંથી તે ઉકરડાને હટાવ્યો. સહાબાએ કિરામે પણ આપનું અનુસરણ કર્યું. હઝરત ઉમર رضی اللہ عنہના હુકમથી યહૂદીઓને તેમના પવિત્ર સ્થળોની મુલાકાતની ઈજાઝત આપવામાં આવી.

આ શહેર ત્રણેય ધર્મવાળાઓ માટે પવિત્ર હતું. હયકલ એ યહૂદીઓનું પવિત્ર સ્થળ હતું. બયતુલ લહમમાં હઝરત ઈસા علیہ السلامની પેદાઈશ થઈ હતી. જેના સબબે ઈસાઈઓ માટે તે મહત્વ ધરાવે છે. અને બયતુલ મુકદ્દસ મુસલમાનોનો પ્રથમ કિબ્લો હોવા ઉપરાંત નબી અકરમ ﷺના મેઅરાજના સફરના પ્રારંભનું સ્થળ પણ આ જ છે. જેથી મુસલમાનોના સત્તાકાળમાં ત્રણેવ ધર્મવાળાઓને આવવાની તથા ઈબાદત કરવાની સંપૂર્ણ છૂટ હતી. પરંતું ૧૧મી સદીમાં ઈસાઈ જગતે યેરુશલેમ પર કબજો કરવા માટે "સલીબી જંગો" (**Crusades**)નો આરંભ કર્યો.

એ દરમ્યાન તેમણે યહૂદીઓને ત્યાંથી કાઢી મૂક્યા. પરંતું અંતિમ સલીબી જંગ જે સલાહુદ્દીન ઐયૂબી رحمۃ اللہ علیہની આગેવાનીમાં લડવામાં આવી, એમાં મુસલમાનોની જીત થઈ તો સલાહુદ્દીન ઐયૂબીએ ફરીથી આવવાની ઈજાઝત આપી દીધી.

બખ્તે નસરના હુમ્લા (ક.મ. ૫૭૮) પછી દુનિયાના કોઈ ખૂણામાં યહૂદીઓની રાજ્ય સત્તા સ્થાપિત થઈ શકી ન હતી. ઈ.સ. ૧૮૯૭માં થ્યૂડર હરઝલે યહૂદી ચળવળ (**Zionist Movement**)ની શરૂઆત, કરી જેનો હેતુ પેલેસ્ટાઈનમાં યહૂદીઓના માટે એક ઈસ્રાઈલી રાજ્ય (ઈઝરાઈલ) સ્થાપવાનો હતા. ઈ.સ. ૧૯૧૭માં બ્રિટનના વિદેશ સચીવ આર્થર બિલ્ફોરે એક જાહેરનામુ બહાર પાડયું જેને **Balfour Declaration** કહે છે, તેના મુજબ બ્રિટનના સત્તા કેન્દ્ર તરફથી પેલેસ્ટાઈનમાં યહૂદીઓના માટે એક રાજયની સ્થાપ્નાનું એલાન કરવામાં આવ્યું.

ત્યારબાદ આખી દુનિયામાંથી યહૂદીઓને લાવીને પેલેસ્ટાઈનમાં વસાવવામાં આવ્યા. ઈ.સ. ૧૯૩૦ દરમ્યાન જર્મનીમાં હિટલરે લાખો યહૂદીઓને કત્લ કર્યા, એ બનાવને "હોલોકોસ્ટ" (**Holocaust**)ના નામથી યાદ કરવામાં આવે છે. (આ બનાવની સત્યતા પર વિવાદો છે.) છેવટે ઈ.સ. ૧૯૪૮માં ઈઝરાઈલની સ્થાપનાનું એલાન કરવામાં આવ્યું. ઈઝરાઈલની સ્થાપના પછી અરબો સાથે તેઓની આંત્રિક પક્ષાપક્ષી તથા અનબન તેમના બચ્ચે બે જંગોનો સબબ બની જેમાં અરબોએ સતત નુકસાન વેઠવું પડયું.

ઈ.સ. ૨૦૦૦માં તે વખતના ઈસાઈઓના સૌથી મોટા ધર્મગુરૂ પોપ "જોન પાલ બીજા" એ યહૂદીઓને હઝરત ઈસા عليه السلام ને કત્લ કરવાના આક્ષેપથી મુક્ત કરી આપ્યા અને રોમન કેથેલિક તરફથી તેઓની સાથે કરવામાં આવેલા જુલ્મો પર માફી માગી. હવે યહૂદીઓના લક્ષ્યમાં "હયકલે સુલૈમાની"નું ત્રીજીવારનું બાંધકામ છે જેને માટે તેઓ મસ્જિદે અક્સા અને સખરાને તોડી પાડવા માગે છે, તેમજ યહૂદી ચળવળનો મૂળ હેતુ "ધી ગ્રેટ ઈઝરાઈલ"ની સ્થાપનાનો છે, જેમાં તેઓ પેલેસ્ટાઈન ઉપરાંત પૂરા ઈરાક, સીરિયા, તુર્કસ્તાનનો પૂર્વી તથા દક્ષિણ હિસ્સો.) મિસરનો તે સમૃધ્ધ હિસ્સો જ્યાં બની ઈસ્રાઈલ વસેલા રહ્યા, સઊદી અરબનો ઉત્તરી હિસ્સો જ્યાં ખૈબર છે અને મદીના મુનવ્વરા જ્યાંથી તેમના કબીલાઓને કાઢવામાં આવ્યા હતા.

કિસ્સો આટલેથી પૂરો નથી થતો બલ્કે હદીષોમાં આ કૌમનું ભાવિ પણ ખૂબ જ સ્પષ્ટપણે વર્ણન થયેલું છે. જેમ કે હદીષોના પ્રમાણે કયામતના અગાઉ હક્ક તથા બાતિલનો આખરી મહાન જંગ મુસ્લિમો તથા યહૂદીઓની વચ્ચે થશે, જેમનો સાથ આખા જગતના કાફિરો આપશે. યહૂદી દજ્જાલની સરદારીમાં ઉઘાડી જંગના માટે ઈસ્લામી જગત પર હુમ્લો કરશે. એ જંગને હદીષમાં "અલ્મલ્હમતુલ ઉઝમા" નું નામ આપવામાં આવ્યું છે. એ જ સમય હઝરત ઈસા عليه السلام ના આસ્માનથી ઉતરાણનો હશે, જે અલ્લાહની રહમતનો મઝહર (ઉદ્ભવ થિાન) બનીને મુસલમાનોની મદદના માટે આવશે અને જાતે પોતે દજ્જાલને કત્લ કરશે. ત્યાર બાદ ઈસાઈયત ઈસ્લામમાં ભેગી થઈ જશે, અને યહૂદીઓની એક માત્ર થોડીક જ સંખ્યા જેઓ હઝરત ઈસા عليه السلام પર ઈમાન લાવશે, એના સિવાયના તમામ માર્યા જશે, અને પછી નબી અકરમ صلى الله عليه وسلم ની પેશનગોઈઓના મુજબ નિઝામે ખિલાફત અલા મિન્હાજુન્નબુવ્વત આખા જગત પર સ્થાપિત થઈ જશે.

પ્રિય વાંચકો ! આ છે એ કૌમનું વર્ણન જેમના પર અલ્લાહ તઆલાએ ખાસ ઈનામો ફર્માવ્યાં, તેમને જગતવાળાઓ પર ફઝીલત બખ્શી અને જેમના તરફ સૌથી અધિક નબીઓ મોકલ્યા. પરંતુ જ્યારે તેમણે અલ્લાહના પયગંબરો ને જૂઠલાવ્યા, તેમની બેઅદબીઓ કરી, તેમના હુકમોને ઠુકરાવ્યા તો જમીન (પૃથ્વી) તેમના માટે તંગ કરી દેવામાં આવી. લગભગ ૨૦૦૦ (બે હજાર) વરસો સુધી આ કૌમ ભટકતી તથા માર ખાતી રહી અને છેવટે પણ કૌમે નૂહ عليه السلام કૌમે સાલેહ عليه السلام વગેરેની જેમ પૃથ્વીના પટ પરથી નેસ્તો નાબૂદ થવાનુ તેમના મુકદ્દરમાં છે.

*(મંથલી નૂરુલ હબીબ (પાક.), ઓગસ્ટ–૨૦૧૪)*

**સ્માર્ટ ફોન પર**

**નૂરાની તકવીમ**

અઝ : **મુહદ્દિષે આ'ઝમ મિશન,**
ગુ. પ્ર., પ્રાંતિજ બ્રાન્ચ,
મુ. પ્રાંતિજ–૩૮૩૨૦૫ (S.K.)
સંપર્ક મો. નં. **09924518787**

મુહદ્દિષે આ'ઝમ મિશન, પ્રાતિજ બ્રાન્ચ દ્વારા એન્ડ્રોઈડ ફોન (સ્માર્ટ ફોન) માટે એક નૂરાની તક્વીમ (એટલે નમાઝ વગેરેનું સમય પત્રક)ની એપ્લીકેશન બનાવવામાં આવી છે જે મેળવવા માટે ગુગલ પ્લે સ્ટોરમાં એપ્લીકેશન મેનુમાં જઈ **NOORANI TAKVIM** સર્ચ કરી ડાઉનલોડ કરી ઈન્સ્ટોલ કરવાથી મેળવી શકાશે. લાઈફ ટાઈમ માટે ઉપયોગી આ એપ્લીકેશનમાં ગુજરાત રાજયના વિવિધ શહેરો આવરી લેવામાં આવેલાં છે.

## બરકાતે ખ્વાજાની ટપાલ કાર્યાલય

### ★ જશ્ને શાદી ★

**અમદાવાદ** : થામના વતની જનાબ હાજી દાઉદ વલી પટેલ નક્શબંદી મુજદ્દિદીના નેક ફરઝંદ હાજી ગુલામ શાહિદના નિકાહ મૌલાના હાજી ઈસ્માઈલ પટેલ (મછાસરા, તા. આમોદ)ની નેક દુખ્તર નસીમાબાનુ સાથે "દયાદરા" જામા મસ્જિદમાં તા. ૧૪–૮–૨૦૧૪, ૧૭–શવ્વાલ હિ.સ. ૧૪૩૫ જુમેરાતે ઝહોર બાદ થયા. સલાતો સલામ સાથે દુલ્હાના મામા મજે અ. કાદરભાઈના ઘરેથી વીડીયો, ફોટોગ્રાફીથી પરહેઝ સાથે સાદગીથી જુલૂસ કેવળ મર્દોનું મસ્જિદે પહોંચ્યું. હઝરત મૌલાના અસ્લમ નક્શબંદી સાહબે નિકાહ સંબંધી બયાન કર્યું. બાદમાં નિકાહ, દુઆ, સલાતો સલામ સાથે ખુશ્નુમા માહોલમાં નિકાહવિધિ પૂર્ણ થઈ. અન્ય સગાં સંબંધીઓ તેમજ પીર સાહબ હઝરત ડો. સાદિક્ નક્શબંદી મુજદ્દિદીની હાજરી ખાસ તરી આવતી હતી. દુલ્હા–દુલ્હન, કુટુંબીજનો સૌને ખૂબ ખૂબ મુબારકબાદ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**જંબુસર** : થી ખાદિમે રઝા અલ્લારખા ફૂટવાલા લખી જણાવે છે કે મૌલાના સલીમ રઝવી હાલ બ્લેકબર્ન (યુ.કે.)ના ભત્રીજાની શાદી મુહમ્મદ અન્સારની સાથે સાજેદાબાનુના નિકાહ તા. ૯/૮/૨૦૧૪ શનિવારના રોજ બરોડા મુકામે સુન્નતના મુજબ કરવામાં આવ્યા હતા. આખિરમાં દુઆઓથી નવાઝવામાં આવ્યા હતા. *(દુલ્હા દુલ્હનને મુબારકબાદ ! –તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

### ★ ઈન્તેકાલ પુરમલાલ ! ★

**જંબુસર** : થી ખાદિમે રઝા અલ્લારખા જંબુસરી લખી જણાવે છે કે અમારા અહલે સુન્નત વલ જમાઅતના હમદર્દ હાફિઝ મહબૂબ સરનારવી હાલ બ્લેકબર્ન (યુ.કે.)ના વાલિદ સાહબ હાજી હસન મામા માહે રમઝાન શરીફના આખરી ચાંદ ૨૯ હિ.સ. ૧૪૩૫ના રોજ અલ્લાહ તબારક વ તઆલાની રહમતમાં પહોંચી ગયા છે. મર્હૂમની જનાઝાની નમાઝ મૌલાના સૈયદ મન્સૂર આલમ રઝવી સાહબે સાહબે પઢાવી હતી. હઝરત સૈયદ હાજી શૌકતઅલી બાવા (જંબુસર) બરકાતે ખ્વાજા (માસિક)ના તંત્રી અલ્હાજ શબ્બીરભાઈ પટેલ દયાદરવી તથા આજુબાજુના ગામડાઓના અનેક લોકો મર્હૂમના જનાઝામાં જોડાયા હતા. અલ્લાહ તઆલા મર્હૂમને જન્નતુલ ફિરદૌસમાં આ'લાથી આ'લા જગા અતા ફર્માવે, ઘરવાળાઓને સબ્રે જમીલ અતા ફર્માવે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**દયાદરા** : ખાતે ૧૫–રમઝાન હિ.સ. ૧૪૩૫, અંગ્રેજી તા. ૧૪–૭–૨૦૧૪ સોમવારના રોજ આઈશા મુહમ્મદ બરજીનો ૮૨ વરસની વયે ઈન્તેકાલ થઈ ગયો. **દયાદરા** : ખાતે ૧૭ રમઝાન હિ.સ. ૧૪૩૫, અંગ્રેજી તા. ૧૬–૭–૨૦૧૪ બુધવારે સીરાજ ઈસ્માઈલ ચોકવાલાનો યુવાન વયે અચાનક હાર્ટ એટેક આવતાં દુઃખદ ઈન્તેકાલ થયો છે. **દયાદરા** : ખાતે ૧૯–રમઝાન હિ.સ. ૧૪૩૫, તા. ૧૮–૭–૨૦૧૪ જુમ્આના રોજ ફાતિમા અબ્દુલ ગીધાનો ઈન્તેકાલ થયો છે. **દયાદરા** : મુકામે તા. ૯–૮–૨૦૧૪ મંગળવારે ઈમ્તયાઝભાઈ માનાનો ઈન્તેકાલ યુવાન વયે થયો છે. રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં મર્હૂમની મગફિરત ફર્માવે, તેમના બીવીબચ્ચાંને સબ્રે જમીલ અતા કરે.

રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી :*

સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી.

## અલ્લાહ જઝાએ ખૈર આપે !

બરકાતે ખ્વાજા (માસિક)ના ચાહક, હમદર્દ, શુભેચ્છક પીરે તરીક઼ત હઝરત સૈયદ સફીયુલ્લાહબાવા દરિયાઈ અશરફી (સજ્જાદા : હઝરત ખ્વાજા મહમૂદ દરિયાઈ દુલ્હા رحمۃ اللہ علیہ દરગાહ)ના નેક ફરઝંદ હઝરત સૈયદ હસન મુસન્નામિયાં ઉર્ફે તુફૈલ અહમદ સાહબ ઉમરા કરીને ઝિયારતે હરમૈન શરીફૈનથી આવ્યા તેની ખુશીમાં "બરકાતે ખ્વાજા" (માસિક)નાં ૫૫ ગ્રાહકો કરીને આપે મોકલ્યાં છે. જઝાકલ્લાહ ! અલ્લાહ સૈયદઝાદાની સફરને મક઼બૂલ ફર્માવે તેમજ આ નેકીનો બેહતરીન અજર તેમને બંને જહાનમાં આપે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## હિસ્સાવાળી કુર્બાનીમાં ભાગ લેશો !

**એક હિસ્સાના**

**રૂા. ૨૦૦૦ અથવા રૂા. ૨૩૦૦**

**:: સંપર્ક કરો ::**

**ઈસ્લામિક વેલ્ફેર મિશન દયાદરા**

મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ,
પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧,
મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

**:: વાંકાનેર ખાતે સંપર્ક કરશો ::**

**ક઼ારી શાહિદ રઝા અકબરી કોઠીવાળા**

**મો. ૯૯૨૫૬ ૫૫૨૬૬**

**:: ભરૂચ ખાતે સંપર્ક કરશો ::**

| | |
|---|---|
| **તારીક઼ભાઈ શેખ–ભરૂચ** | **મો. ૯૪૦૮૭૩૬૯૬૫** |
| **મુઈનભાઈ શેખ–ભરૂચ** | **મો. ૯૮૭૯૭૫૩૨૧૬** |
| **હાફેઝ અબ્દુર્રહીમ સાહબ** | **મો. ૯૪૨૬૮૪૦૨૭૭** |
| **યૂસુફભાઈ શેઠ–દયાદરા** | **મો. ૯૪૨૭૪૩૭૫૯૦** |
| **શફીભાઈ ખંભાતવાલા** | **મો. ૯૯૦૪૫૯૬૬૮૨** |

**આ સંમતિ સાથે નામ નોંધાવશો :** "મેં મારા કુર્બાનીના જાનવરની ખરીદીથી લઈને ઝબહ સુધી તથા પછીના ખર્ચાઓ જેવા કે ભાડુ, ઘાસચારો, કસાઈની મજૂરી વગેરે તથા તેનો ગોશ્ત, ચામડુ વગેરે જેને ચાહે આપવાનો તથા જો રકમ બચી જાય તો તેને કોઈ પણ જાઈઝ કામમાં ખર્ચ કરવાનો દરેક પ્રકારનો અધિકાર સંચાલકોને આપ્યો." *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક) દયાદરા*

## દરેક મુશ્કેલીનો ઈલાજ : ન્યાઝે કલદંરી

હઝરત બૂ અલીશાહ કલંદર رحمۃ اللہ علیہએ ઈર્શાદ ફર્માવ્યો છે, જો કોઈને પણ કોઈપણ મુશ્કિલ કામ આવી પડયું હોય, ચાહે મુક઼દ્દમો હોય, રોજીની વાત હોય, બરકત મેળવવી હોય, કરજ હોય, પહાડ જેટલી મુશ્કેલીઓ હોય તો ન્યાઝે કલંદરી કરવાથી તે કામ થઈ જશે. (ઈન્શાઅલ્લાહ !)

**ન્યાઝે કલંદરી** : એક મણ (૨૦ કિલો) દહીં, એક મણ (૨૦ કિલો) ગોશ્ત (રાંધેલું) અને એક મણ (૨૦ કિલો) લોટની રોટલીઓ હલાલ કમાઈમાંથી પકાવીને અમારી રૂહને (એટલે બૂ અલીશાહ કલંદરી رحمۃ اللہ علیہની રૂહને) ઈસાલે સવાબ કરીને, અલ્લાહથી દુઆ માગે તો ઈન્શાઅલ્લાહ ! તેની દુઆ ક઼બૂલ થશે અને તમામ મુશ્કેલીઓ દૂર થશે અને ઘરમાં બરકત થશે. (નોંધ : ગોશ્ત હડ્ડીવાળું કે વગર હડ્ડીનું પણ ચાલશે. દહીંને ગોશ્ત બનાવવામાં અથવા પીવામાં પણ વાપરી શકાય છે.) આ ઈર્શાદ ખૂદ હઝરતનો પોતાનો છો અને તેમની ક઼બ્ર પર લખેલો મૌજૂદ છે એટલે શંકાને કોઈ સ્થાન રહેતું નથી.

આપ સુન્ની ભાઈ બહેનો આ ન્યાઝ કરાવવા ઈચ્છો તો સુન્ની દારુલ ઉલૂમોમાં કરાવશો. **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** ખાતે પણ આ ન્યાઝ કરવામાં આવશે. તો અમારો સંપર્ક કરશો :–

**M. : 9427464411, 94268 40277, 9714840277**

# સુન્ની દાવતે ઈસ્લામીનો બે દિવસીય વાર્ષિક સુન્ની ઈજતેમા

**કબ ?** તા. ૨૨-૧૧-૨૦૧૪

**શનિવાર ઝહોરથી મગરિબ સુધી (બહેનો માટે)**

**તા. ૨૩-૧૧-૨૦૧૪ રવિવાર સવારના**

**૧૦ વાગ્યાથી રાતના ૧૦ વાગ્યા સુધી (ભાઈઓ માટે)**

**કહાં ?**
**સબ જેલ ગ્રાઉન્ડ,**
**વાયા સંતોષી વસાહત**
**ભરૂચ**

અદાઈ : **સુન્ની દાવતે ઈસ્લામી (ભરૂચ શાખા)**
મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, ૯૪૨૬૮ ૪૦૨૭૭, ૯૪૨૮૦ ૨૭૫૯૨

## ::: સુન્ની દાવતે ઈસ્લામીની રમઝાનમાં પ્રવૃત્તિઓ :::

★ **જંબુસર** : મૌલાના મુહમ્મદ ઝહીર મિસ્બાહી (મુબલ્લિગે : સુન્ની દા'વતે ઈસ્લામી) માહે રમઝાનના શરૂઆતના ૨૦ દિવસ અસરની નમાઝ બાદ ''નૂરી મસ્જિદ–ઘાંચીવાડ''માં ૩૦ મિનિટ દર્સે કુર્આન, અને એ જ મસ્જિદમાં અંતિમ ૧૦ દિવસ તરાવીહ પછી ૧૦:૩૦ થી ૧૨:૩૦ સુધી ''અઝમતે મુસ્તફા'' ﷺ પર બયાન. (''અઝમતે તૌહીદ'' પર ગયા વરસે આ જ પ્રમાણે બયાન થયેલું). જામા મસ્જિદ : રાત્રે ૧૨:૩૦ થી ૧:૩૦ આખરી ચાર રાતો. ચાંદ પીર મસ્જિદ : ફજર બાદ ૨૦ દિવસ–૩૦ મિનિટ : મસાઈલ. મિના મસ્જિદ : ઝોહર બાદ–૪ દિવસ : દર્સે કુર્આન–૪૫ મિનિટ.

★ **વલણ** : મૌલાના ઈબ્રાહીમ સાહબ (મુબલ્લિગે : સુન્ની દા'વતે ઈસ્લામી) : રઝા મસ્જિદ : ફજર બાદ ૩૦ દિવસ દર્સે મસાઈલ, અસર બાદ ૩૦ દિવસ સૂરએ અઅરાફની તફસીર, છેલ્લા દસ દિવસની એકી રાતોમાં ૧ કલાક બયાન, એતેકાફવાળાઓની તર્બિયત.–*(તંત્રી : બરકાતે ખ્વાજા, માસિક, નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–ભરૂચ)*

★ **પાલેજ** : મુબલ્લીગ ઈમરાનભાઈ : પાલેજ, વલણ, પારખેત વિવિધ ઠેકાણે હફતાવારી, પકવાડિક ઈજતેમા રમઝાનમાં તેમજ અન્ય મહિનાઓમાં.

★ **ભરૂચ** : મુબલ્લિગ હાફિઝ અ. રહીમ, તારીકભાઈ શેખ, મોઈનુદ્દીન શેખ, શફીભાઈ વગેરે મુબલ્લિગો થકી ભરૂચ શહેરમાં હપ્તાવારી ઈજતેમા તથા દર્સ, દર જુમ્આમાં જામા મસ્જિદમાં બયાન.

★ **દયાદરા** : મૌલાના ઈમરાન ઝંઘારવી થકી રમઝાનમાં અસર બાદ ડેઈલી કુર્આની તફસીર તથા રાત્રે એતેકાફવાળાની તર્બિયત શબ્બીર પટેલ થકી, તથા રમઝાન બાદ દર શનિ ઈશા બાદ દર્સે હદીષ મૌલાના થકી.

તથા અન્ય ગામોમાં કાફલા એક એક દિવસના તેમજ ઈજતેમા થતા રહે છે. આપના શહેર તથા ગામમાં ''સુન્ની દા'વતે ઈસ્લામી''ની શાખા સ્થાપો અને અકીદાની મજબૂતીની તથા અમલોની ઈસ્લાહ માટે, સુન્નતોભર્યો ઈસ્લામી માહોલ રચવા માટે ઈજતેમાઓ કરાવી સુન્નિયતને મજબૂત કરો. તેમજ મુબલ્લિગની ટ્રેનિંગમાં છ મહીના કે વરસ દિવસ જવા માટે અમારો સંપર્ક કરો :–

તંત્રી : બરકાતે ખ્વાજા, માસિક, નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧